# ગુજરાતના કાથોડીઓ

( ગુજરાતી અનુવાદ )


મૂળ લેખક :

મુરતાઅલી મસવી

ગૌરીશ પંડયા

અનુવાદક :

સાયમન ફ્રાન્સિસ મેકવાન



આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર,

ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ–૩૮૦૦૧૪.

૧૯૮૩



૧૨૭

# ગુજરાતના કાથોડીઓ

## પ્રકરણ-૧ લોકો

કાથોડી જાતિના લોકોને ગુજરાતને અડીને આવેલા મહારાષ્ટ્ર પ્રદેશના વિસ્તારમાં કે જ્યાંથી તેઓ આવ્યા હોય એવું નોંધ્યું છે ત્યાં કાતકરી તરીકે ઓળખવામાં આવે છે. કાથોડી શબ્દ 'કાથ' અથવા તો કાથો (બનાવવો) માંથી આવ્યો હોય તેમ જણાય છે. કાથો ખેરમાંથી ભેગો કરાયેલો જાડો અથવા ઘટ્ટ રસ છે. ૧૯૭૧ ના વસતી ગણતરી મુજબ ગુજરાત રાજ્યમાં કાથોડીઓની સંખ્યા ૨૯૩૯ હતી. આ બધા મહારાષ્ટ્ર રાજ્યના થાણાં અને કોલાબા જિલ્લાઓમાંથી સ્થળાંતર કરીને આવેલા પુરાણા જૂથના લોકો છે. હાલના વર્ષોમાં જંગલો ઘટી જતાં અને કાથાના ઉપયોગ કરનારાઓને ફેક્ટરીમાં બનેલો કાથો સામાન્ય રીતે ગમતો હોવાના કારણે તેઓમાં કાથો બનાવવાના અને વેચવાનો જૂનો વ્યવસાય ભાગ્યે જ જોવા મળે છે.

પહેલાના ઘણા લેખકોએ અને બ્રિટિશ અમલદારોએ આ કાથોડીઓ વિષે લગભગ આ પ્રમાણેનું જ વર્ણન કર્યું છે. સાંગ જણાવે છે કે કાથોડીઓ જંગલમાં વસતા લોકો છે કે જેમના પોતાની જમીન નથી કે નથી યોગ્ય ઢોરો ઢાંકો. તેઓ શિકાર કરનારા, કોલસા બનાવનારા, જંગલમાં પેદા થતી વિવિધ વસ્તુઓ એકઠી કરી વેચનારા અને તવા મચ્છીમારો, ખેતમજૂરો અને ભલા કરનારા લોકો છે.

રોબર્ટ હાઇને ગોલ્ડને કાથોડીઓને જેનો અભ્યાસ થયો નથી એવા ભારતની પુરાણી જાતિઓમાં ગણાવે છે. આ બાબત તેઓ સંસ્કૃતિક આદાન પ્રદાનની પ્રક્રિયા તેમના ઓળખ અને એકરૂપતામાં પલટો લાવે તે પહેલાં તેઓનો તાત્કાલિક અભ્યાસ કરવા ઉપર ભાર મૂકે છે.

'સ્ટોફન ફ્યુરર'કાથોડીઓને ભીલોની પેટા જાતિ તરીકે ઓળખાવે છે. 'હાડોન' અને 'કેમ' તેમને દ્રાવિડિયન તરીકે ગણે છે. વળી જે.પા. ફેરઇરા તો એવો મત ધરાવે છે કે કાથોડી લોકોએ જો કે તેમણે પુરાણોનો વારસો મુળભુતરીતે હજુ સુધી જાળવી રાખ્યો છે તેઓ બાજામાં સારી રીતે ભળી ગયેલા જણાય છે તે આશ્ચર્યજનક છે.

**ઐતિહાસિક પુર્વભુમિકા :**

કાથોડાઓ પર્વતો અને નાના જંગલોમાં રહેતા લોકો છે. તેઓ અયાચી જીવન જીવવા ટેવાયેલા છે. કાથોડાઓ મહારાષ્ટ્રમાં સ્થિર થયેલા તેમના પોતાના લોકોથી સાંસ્કૃતિક રીતે અળગું પડેલું એક લઘુ જુથ છે. હાલમાં તેઓ મહારાષ્ટ્રના કોલાબા, થાણા અને ખાનદેશ જિલ્લાઓમાં મોટા પ્રમાણમાં કેન્દ્રિત થયેલાં છે. આ જાતિના સ્થળાંતર કરેલા લોકો મુખ્યત્વે મહારાષ્ટ્ર, ખાનદેશ જિલ્લાના સરહદી ગામોના છે.

'ઇન્થોવન'ના મત પ્રમાણે, કાથોડાઓ અથવા કાતકરીઓ કાથો બનાવતી જાતિ છે. તેઓ મુખ્યત્વે થાણાં અને કોલાબા જિલ્લાઓમાંથી પ્રસાર થતાં માલ્યમતાટના લોકો છે. તેઓ કદાચ મુળ ઉત્તર માંથી આવીને ગુજરાતના હાલના સુરત જિલ્લામાં સ્થિર થયેલા મુળ ભીલ હોય એવું માનવામાં આવે છે. અને પણ તેઓમાં અથવાર નામનો ભાગ છે. રાજસ્થાનમાં તેઓ ઉદેપુર જિલ્લાના કલેસિયા, કોલ અને એરવાડના ડુંગરાળના તહસીલમાં મળી આવે છે. કાતકરી શબ્દ મરાઠી 'કાત' અથવા 'કાથ' એટલે કે કાથો ખેરના વૃક્ષનો જાડો રસ અને 'કરી' કાથો બનાવનારનો પુરો અર્થ બનાવવામાંથી આવ્યા હોય એવું જણાય છે. હજુ પણ થોડા લોકો તેમના જાતિના મુળ ધંધાને ચાલુ રાખ્યો છે. આજ પ્રમાણે કાથોડા શબ્દ (કાથો) અને 'વાડો'(કડ) મળીને આવ્યો હોય જેનો અર્થ કાથાના કડ વેચનારા લોકો એમ થાય. કાથોડાઓ કાથોડીનું ગુજરાતી સ્વરૂપ છે અને તેનો ઉપયોગ માત્ર ગુજરાત પુરતો જ થાય છે.

(૧) હિન્દુ જાતિઓ અને જ્ઞાતિઓ ભાગ-૧
એમ.એ.શેરિંગ, ૧૮૮૩ પાન ૩૨૫.

એમ.એ.શેરિંગના 'હિન્દુ જાતિઓ અને જ્ઞાતિઓ' માં કાથોડા અથવા કાતકરી વિષેના લેખમાં કાથોડાઓને ઘણાં જ નાના માનવી જાતિના અને ઉત્તર કોંકણના પર્વતો અને જંગલોમાં મોટી સંખ્યામાં ઉતરી આવેલા અને 'માઇલા ભીલ' તરીકે જાણીતા થયેલા લોકો તરીકે વર્ણવે છે. તેઓ બળતણના લાકડાં, ઘાસચારો અને જંગલી મધના વેચાણને અટકાવનારા XXX રીઢા ગુનેગારો અને મજૂરો

અને મજૂરી કરવા તૈયાર રહેનારા લોકો છે. તેઓ નાચા જાતિના છે અને તેઓને ગામમાં રહેવા દેવામાં નથી. તેઓને જ્યાં પણ કેદ કરવામાં આવે છે ત્યાં હંમેશા તેઓમાં મરણનું પ્રમાણ ઊંચું હોય છે. તે બહુમાં જણાવે છે કે કાતકરીઓ મટાવીસ્સા અને ઉત્તર કોંકણમાં વસે છે. તેઓ નાશ કરાયેલ ખેરના ઝાડના અર્કમાંથી કાથી બનાવનારા લોકો છે. તેઓ લાકડાના કોલસા બનાવવા, મુંદર મેડકો કરવી અને દાણાવાર ખેતરોમાં મદદનીશ વગેરે જેવા કામો કરતા હોય છે, જો કે આ બાબતમાં તેઓ અસ્થિર કારણ વગર તેમનું કામ છોડી દેનારા અને કંટાળાવાર મહેનતાણા સિવાય કામ કરનારા છે. તેઓ ઠંડના મોસમમાં ભટકતા હોય છે. વરસાદના મોસમાં તેઓ ગામડાં નજીક નાના ઝૂંપડામાં સ્થિર થઈને જુદા જુદા જાતના તુમડાનો અને થોડા ભાતના ખેતી કરે છે. પાક ઘરમાં આવતાં જ તેઓ જંગલમાં આશ્રય મેળવીને લાકડાના કોલસા બનાવે છે.

પહેલાંના ગેઝેટીયર ઓફ ઈન્ડીયા મુજબ કથોડીઓ-કાતકરીઓ પુરાણા આદિવાસી જાતિઓમાંના એક છે. તેઓ મુખ્યત્વે થાણાં, નાસિક પુના અને કોલાબા જિલ્લાઓમાં કેન્દ્રિત થયેલા હતા. નાસિક ગેઝેટીયરમાં કથોડીઓ વિષે નાયના વર્ણનમાં 'કાતકરીઓ, કોંકણમાંથી સ્થળાંતર કરી આવેલા નાના સંખ્યા ધરાવતા અને સહયાદ્રિની સરહદ બહાર ભાગ્યે જ જોવા મળતા જંગલી જાતિના લોકો છે. રૈવલોક અને લોકો તેમને નાસીકના જંગલના હલકો અને સૌથી ગરીબ લોકો તરીકે જુએ છે.

૭:- મુંબઈના જાતિઓ અને જ્ઞાતિઓ ભાગ-૨
ઊંડ : આર.ઇ.ઇન્થોવન ૧૯૨૨ પાન ૧૭૦-૧૮૨

મરાઠાના ઓછી અસર પામેલા લોકોમાં સ્ત્રીઓ ઘૂંટણ સુધી ખુલ્લું અને ખભા સુધી છાતીના આસપાસ રહે એ પ્રમાણેનું કપડું પહેરે છે. તેઓ ગુજરાતી ભાષાના શબ્દોવાળી મરાઠી ભાષા બોલે છે. તેઓ મુખ્યત્વે મૂળ અને છોડ ઉપર જીવે છે તેમજ લગભગ બધા જ પ્રકારના પ્રાણીઓ જેવા કે ઉંદર, ડુક્કર વાંદરા તેમજ મરઘાઓ ખાવાનું પણ છોડતા નથી. ૧૦-૧૫ વર્ષ પહેલાં કથોડીઓના નાકઓનખાંના મોટા છાવણામાં ચેપીરોગનો ફુમલી થયો હતો. આને તેઓ મહાદેવ પર્વત ઉપર પવિત્ર માનવ વાંદરાઓને મારી નાખીને ખાઈ જવાની શિક્ષા તરીકે માનવા લાગ્યા. આ મુજબ તેઓ દેશમાંથી બહાર ગયા અને માત્ર હાલમાં જ જૂજ સંખ્યામાં ત્યાં પાછા ફરવા લાગ્યા છે. જો કે ગૌમાંસ ખાવાનો બંધો ફરમાવો હોવા છતાં આ જાતના ઢોર કાત-કરીઓ તરીકે ઓળખાતા ભાગના લોકો ગૌમાંસ ખાય છે પરંતુ આ કારણને લીધે તેઓને અલગ પેટા વિભાગ તરીકે ગણવામાં આવતા નથી. જંગલ

સંરક્ષણને કારણે તેઓના પહેલાંના કાથી બનાવવાના કૌશલ્ય બંધ થઇ છે. પાડોશી રાજ્યમાં થોડા કાથી બનાવનારાઓ ગોડો સિવાય તે લોકો બીન મજૂરી લાકડા ભેગા કરીને વેચનારા તરીકે કામ કરે છે. ચાઇડ અને મહાસોબા તેઓના દેવો છે પરંતુ બકરાઓ, ભૂત અને પિશાચ વગેરે તેમના ભક્તિમાં માનોતા છે. તેઓમાં કોઇ ધર્મગુરૂ હોતા નથી અને તેમના જાતિ જ લગ્નક્રિયાઓ ચલાવતા હોય છે. આ હેતુ માટે સ્થપાયેલા મંડળ દ્વારા વિવાહોની ઉકેલ લાવવામાં આવે છે. પરંતુ આ નિર્ણયને જાતિના લોકોની સભામાં મંજૂર કરેલો હોવો જોઇએ.

પુના ગેઝેટીયર મુજબ, કાતકરીઓ અથવા તો કાથી બનાવનારાઓ ૧૦૮૦ ના સંખ્યામાં કરેલા અને હવેલી, માવાલ, જુન્નાર, ભીડ અને પુનામાં મળી આવે છે. તેઓ જિલ્લાના રહેવાસીઓ નથી પરંતુ [મગફળી] મમરા ખોદવા અને ઓક્ટોબરથી બે મહિના સુધી મજૂરી કરવા માટે કોંકણમાંથી આવેલા લોકો છે.

૮: મુંબઇ પહેલ ગેઝેટીયર : નાસિક ૧૮૮૪ પાન-૬૫

ચોમાસાના ઋતુમાં તેઓ કોંકણમાં રહે છે. તેઓ પશ્ચિમ ભારતના સૌથી ભયંકર અને ખરાબ જાતના લોકો છે" ૯

## વસતી

૧૯૬૧ ની વસતી ગણતરીના હેવાલ મુજબ ભારતમાં કાથોડા અથવા કાતકરીનો વસતી ૧,૪૪,૨૬૦ ની હતી. તેમના વસતીના રાજ્યવાર ફાળવણી નીચે મુજબ છે. (૧૯૬૧)

| | | |
|---|---|---|
| (૧) | મહારાષ્ટ્ર | ૧,૪૦,૬૭૨ |
| (૨) | ગુજરાત | ૨,૩૫૮ |
| (૩) | દાદરા નગરહવેલી | ૧,૦૦૫ |
| (૪) | કર્ણાટક | ૨૨૫ |
| | કુલ | ૧,૪૪,૨૬૦ |

રાજ્યમાં પમાણ આંકડા જોતાં કાથોડા-કાતકરી સૌથી મોટી સંખ્યામાં મહારાષ્ટ્રમાં કેન્દ્રિત થયેલા છે. મહારાષ્ટ્રમાં તેઓ મુખ્યત્વે કોલાબા, થાણા, પુના નાસિક જિલ્લાઓમાં કેન્દ્રિત થયેલા છે. કાથોડા રાજસ્થાનમાં પણ મળી આવે છે.

પરંતુ તેમની કુલ વસતીના આંકડા મળી શકતા નથી. 'રાજસ્થાન રાજ્યમાં કાથોડી લોકો કોટા જિલ્લાના ઝાલાવાડ ગામમાં તથા ઉદેપુર જિલ્લાના કેટલાક ગામમાં રહે છે. ઉદેપુર જિલ્લામાં તેઓ ગીકાદર, ઝુડા, સમીજા અને વાસ ગામોમાં રહેતા નોંધાયેલા છે. પરંતુ પહેલા તો તેઓને અડવી અને મહડી ગામોમાં જ[10] લાવવામાં આવ્યા હતા અને ત્યાંથી બીજા ગામોમાં "ફેલાઈ ગયા હતા"

કાથુડીઓ ગુજરાતમાં આદિવાસીઓના નાના જૂથમાં છે. પહેલાની વસતી ગણતરીમાં કાથુડીઓ અથવા તો કાથી બનાવનારાઓ ૪૯૮ ની સંખ્યામાં હતા અને તેઓ સુરતના પૂર્વ અને દક્ષિણ-પૂર્વના ભાગમાં મળી આવતા.

તેમની બોલી મરાઠી અને ગુજરાતી શબ્દોની ભેળસેળવાળી છે અને એવી વાતો છે કે તેઓ મૂળ ઉત્તર કોંકણમાંથી આવ્યા હતા![11] વડોદરાની વસતી ગણતરીમાં પણ એવું નોંધાયું છે કે તેઓ ૫૨૨ ની સંખ્યામાં નવસારી જિલ્લામાં મળી આવતા"[12].

કોઠો-૨

ગુજરાત રાજ્યમાં દશકા મુજબ કાથોડી-કાતકરીની વસતી

| વર્ષ | સંખ્યા | પહેલાના દશકા મુજબ ટકાવારીમાં ભિન્નતા |
|---|---|---|
| ૧૯૦૧ | ૪૯૮ | -- |
| ૧૯૧૧ | ૫૨૨ | ૪.૮ |
| ૧૯૨૧ | --- | -- |
| ૧૯૩૧ | --- | -- |
| ૧૯૪૧ | --- | -- |
| ૧૯૫૧ | --- | --- |
| ૧૯૬૧ | ૨૩૫૮ | ૩૫૧.૭ |
| ૧૯૭૧ | ૨૯૩૯ | ૨૧.૬ |

૯. મુંબઈ પ્રદેશ ગેઝેટીયર : નાસિક : ૧૮૮૪ પાન ૬૫

૧૦. કાથોડીઓ : આદીજન ઈશ્કારમાં એક અભ્યાસ' ટૂંકિકા' ભાગ-૩ આદિવાસી સંશોધન કેન્દ્ર ઉદેપુર માર્ચ-૧૯૬૭-પાન ૩૭

૧૧. મુંબઈ પ્રદેશ ગેઝેટીયર, ૧૯૦૧, ભાગ-૯ પાન-૩૧૯

૧૨. વડોદરા રાજ્ય વસતી ગણતરી અહેવાલ પ્રકરણ-૧૧ પાન ૨૯૮

રાજ્યમાં કુલ્લા કર્યા મુજબ કાથોડી-કાતકરી ની વસતી ના આંકડા મળી શકતા નથી એ દુઃખદ બાબત છે. તેથી તેમની વસતી ના ઝીણ[illegible] બતાવવું મુશ્કેલ છે. માત્ર ૧૯૬૧ અને ૧૯૭૧ વસતી ગણતરી ના આંકડા સાથે જ સરખામણી કરી શકાય તે મુજબ દસકાના ગાળામાં કાથોડીઓ ની વસતી માં ૨૪.૬૬% નો વધારો નોંધાયો હતો. એનો અર્થ એમ થાય કે તેમની વસતી માં વાર્ષિક ૨.૪૬ નો વધારો થયો હતો.

૧૯૭૧ ની વસતી ગણતરી મુજબ રાજ્યમાં કાથોડી ની વસતી ની સંખ્યા માત્ર ૨૯૩૯ ની જ છે. જે કુલ વસતી ના ૦.૦૯% જેટલી છે. કોઠા-૩ માં ગુજરાતમાં તેમની વસતી ના જુદા જુદા તાલુકા અને જિલ્લાઓ માં ૧૯૬૧ અને ૧૯૭૧ ની વસતી ગણતરી મુજબ આપવામાં આવ્યા છે.

કોઠો-૩

જિલ્લા અને તાલુકા મુજબ કાથોડીઓ ની વસતી

| જિલ્લો તાલુકો | વસતી (૧૯૬૧) | વસતી (૧૯૭૧) | દસકા દરમ્યાન ટકાવારી માં ભિન્નતા |
|---|---|---|---|
| સુરત જિલ્લો | ૧૬૫૨ | ૧૫૪૨ | ૭.૧ |
| ૧. માંગરોળ | ૩૫૭ | ૪૦૩ | -૧૧.૪ |
| ૨. સોનગઢ | ૧૫૧ | ૧૩૭ | ૧૦.૨ |
| ૩. નિઝર | ૨૪૪ | ૩૮૧ | -૩૫.૯ |
| ૪. ઉચ્છલ | ૮૬૬ | ૫૫૩ | ૫૬.૬ |
| ૫. માંડવી | ૨૨ | ૨૫ | -૧૨.૦ |
| ૬. બારડોલી | ૧૨ | -- | ---- |
| ૭. ઉમરગામ | ---- | ૪૩ | ---- |
| ૮. ડાંગ જિલ્લો | ૬૮૯ | ૨૯૫ | ૧૩૪.૭ |
| ભરૂચ જિલ્લો | ૪૩૧ | ૩૧૪ | ૩૭.૩ |
| ૧. સાગબારા | ૩૩૮ | ૨૬૭ | ૨૬.૬ |
| ૨. નાંદોદ | ૧૧ | -- | -- |
| ૩. ડેડીયાપાડા | ૪૬ | ૧૦ | ૨૮૩.૩ |
| ૪. વાલીયા | ૩૬ | ૩૫ | ૨.૯ |
| સાબરકાંઠા જિલ્લો | ૧૨૭ | ૧૯૯ | -૩૬.૨ |
| ૧. વિજયનગર | ૧૨૫ | ૧૪૭ | -૧૪.૯ |
| ૨. બાયડ | ૨ | -- | ---- |
| ૩. મોડાસા | -- | ૫૨ | -- |
| વડોદરા જિલ્લો | ૭ | --- | -- |
| પંચમહાલ જિલ્લો | ૬ | ૧૧ | -૬૬.૭ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| (૧)શહેરા | ૬ | ૦૦ | -૬૦ |
| (૨)ઓપર | -- | ૧૮ | -- |
| અન્ય જિલ્લાઓ | ૬૭ | -- | -- |
| કુલ | ૨૯૩૪ | ૨૩૫૮ | ૨૪.૬ |

ઉપરના કોઠામાં બનાવેલા આંકડા મુજબ તેઓ મોટાભાગે પૂર્વભાગના જિલ્લાઓમાં, ખાસ કરીને સુરત, ડાંગ અને ભરૂચ થી કે એક સાબરકાંઠા જિલ્લામાં કેન્દ્રિત થયેલા છે.

બીજા જિલ્લાઓમાં તેમની કુલ સંખ્યા ઘણી જ જૂજ પ્રમાણમાં છે. કાથોડીઓ માત્ર ગામડાઓમાં જ સ્થિર થયા હોવાથી તેઓ મુખ્યત્વે રીતે જ ગ્રામ્યવસ્તુના લોકો છે. એવું નોંધાયું છે કે છેલ્લા દાયકાના ગાળા દરમિયાન કાથોડી લોકોની વસતીમાં વધારો ધીમો રહ્યો છે જે તેના આંકડા ઉપરથી જોઈ શકાય છે. તેમની વસતીમાં ૨૪.૩૯ની વધારો થયો છે. તેમની સંખ્યા ૧૪% ડાંગ જિલ્લામાં, ૩% ભરૂચ જિલ્લામાં અને ૭% સુરત જિલ્લામાં વધી છે, જ્યારે સાબરકાંઠા જિલ્લામાં તેમની વસતીમાં ૭%ની ઘટાડો થયો છે. ૧૯૬૧ ની વસતી ગણતરીમાં તેઓની વસતી મોડાસા અને ખેડબ્રહ્મા તાલુકામાં નોંધાઈ હતી પરંતુ ૧૯૭૧ ની વસતી ગણતરીમાં તેઓની વસતી નોંધાઈ નથી.

પહેલાનું સ્થળાંતર :

એવું નોંધાયું છે કે કેટલાક ઓછા કોન્ટ્રાકટરો અને વેપારીઓ દ્વારા તેઓને જંગલમાં ખેરના વૃક્ષોમાંથી કાથો બનાવવાનું કામ કરાવવા માટે મહારાષ્ટ્રમાંથી ગુજરાતમાં લાવવામાં આવ્યા હોય. નવાપુર ગામના દીનુ અને ગુરુજી શેઠ અને શ્રી ટાકેરપુરના સરદારજી શેઠે કેટલાક કાથોડી કુટુંબોને તેમના મુળ વતનમાંથી અલગ લાવીને ડાંગ ગામદેવી અને શ્રી ટાકેરપુરના જંગલોમાં નવો વ્યવસાય મેળવવા સમજાવ્યા હતા. શરૂઆતમાં તો પુરુષો જ કામના સ્થળે આવીને ખેરના જંગલોમાં કામ કરવાનું શરૂ કર્યું હતું. વિજયનગર મહાજનો પણ સાબરકાંઠા જિલ્લાના વિજયનગરના જંગલોમાં કાથો બનાવવા માટે કેટલાક કાથોડી કુટુંબોને લાવ્યા હતા.

તેઓને સામાન્ય રીતે વર્ષના આઠ મહિના એટલે કે ઓકટોબરથી મે સુધીની કાથાની મોસમ સુધી કામ ઉપર રખાતા અને કાથાની મોસમ પૂરી થતાં તેમના મૂળ વતનમાં પાછા ફરતા. કાથોડીઓને થોડા સમયનું મોસમી

રહીને કામ ચાલુ રહીને કામ ચાલુ રાખવા માટે અસંમતિ દર્શાવી. સ્થળાંતર કરીને આવેલા કુટુંબોને કેટલીક સગવડો આપવાની ખાતરી આપવામાં આવી હતી. આવી ખાતરીના આધારે કાથોડીઓ તેમના કુટુંબો સાથે તેમના મૂળ વતનમાંથી સ્થળાંતર કરી આવ્યા અને છેવટે ત્યાંજ સ્થિર થયા. શરૂઆતમાં આગામાં તેઓને ડાંગ, ગણદેવી, સોનગઢ ની હાલદ્દિપુર અને વિજયનગરના જંગલોમાં કામ આપવામાં આવ્યા જ્યાં તેઓને થોડા સમયો અને નહિવત કમાણી વચ્ચે રહેવું પડતું. તેઓ ઘણા વર્ષો સુધી એવી કપરી આશામાં જીવતા રહ્યા કે તેમના માટેની સ્થિતિમાં સુધારો થશે અને તેઓના પુરાણું જીવન વધુ સારું બનશે.

હાલમાં ગુજરાત રાજ્યમાં કાથોડીઓ કેટલાક જિલ્લાઓમાં મળે છે. દક્ષિણ ગુજરાતના સુરત જિલ્લાના ઉચ્છલ અને માંગરોળ તાલુકામાં, ભરૂચ જિલ્લાના સાગબારા તાલુકામાં અને ડાંગ જિલ્લાના કેટલાક ગામોમાં તેઓ મળી આવે છે. તેઓ સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકાના કેટલાક ગામોમાં પણ મળી આવે છે.

વસતીનો નમૂનો :

આ અભ્યાસ માટે, ડાંગ જિલ્લામાંથી ૯ ગામો, સુરત જિલ્લાના માંગરોળ અને ઉચ્છલ તાલુકામાંથી તાલુકાદીઠ ચાર ગામો, ભરૂચ જિલ્લાનો સાગબારા તાલુકો અને સાબરકાંઠા જિલ્લાનો વિજયનગર તાલુકો પસંદ કરાયો હતો. જુદા જુદા જિલ્લાઓમાં બધા મળીને કુલ ૨૨ ગામો પસંદ કરાયા હતા. પસંદ કરાયેલા ગામોમાં કુલ ૨૭૯ કાથોડી કુટુંબો વસતા હતા. પરંતુ સંશોધનના સમય દરમિયાન ૧૦૫ કુટુંબો બીજા સ્થળોએ નવું સ્થળાંતર કરી ગયા હોવાથી માત્ર ( ૧૭૪(૬૨%) કુટુંબોનો સંપર્ક સાધી શકાયો હતો. આ બધા જ ૧૭૪ કાથોડી કુટુંબોને અભ્યાસમાં આવરી લેવાયા છે. કોઠા-૪ માં પસંદ કરાયેલા ગામ તથા સંપર્ક કરાયેલા કુટુંબોની સંખ્યા આપવામાં આવી છે.

કોઠો-૪

ગામ પ્રમાણે સંપર્ક કરાયેલા કુટુંબોની સંખ્યા

| જિલ્લો (તાલુકો) | ગામનું નામ | કુટુંબોની કુલસંખ્યા | સંપર્ક કરાયેલા કુટુંબોની કુલ સંખ્યા |
|---|---|---|---|
| માંગરોળ | નાના સુખડકા | ૧૦ | ૩ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ખાનપુર | થાંભાવાવ | ૧૫ | ૯ |
| | ઘોડાવાડા | ૧૬ | ૧૦ |
| | વડવાડા | ૧૫ | ૧૧ |
| | | ૫૬ | ૩૩(૫૮. ) |
| ઉચ્છલ | પરખુતી | ૫ | ૨ |
| | જામને | ૧૦ | ૮ |
| | નારણપુર | ૬ | ૩ |
| | ટુકવી | ૨૦ | ૧૪ |
| | | ૪૧ | ૨૭(૬૫.૮) |
| સાગબારા | ઉમારીયા | ૧૨ | ૮ |
| | નવાગામ(જાવલી ) | ૧૫ | ૯ |
| | પાંસલામ | ૫ | ૨ |
| | સીરપણ | ૧૦ | ૬ |
| | | ૪૨ | ૨૫(૫૯.૮) |
| વિજયનગર | વાલીજ | ૨૦ | ૧૪ |
| | માનકુડી | ૧૦ | ૭ |
| | અટાશ | ૨૦ | ૧૭ |
| | માનખરા | ૮ | ૩ |
| | | ૫૯ | ૪૧(૬૯.૫) |
| ડાંગ | ટીંબરથવા | ૧૫ | ૧૧ |
| | જામલા | ૭ | ૩ |
| | નીંબરપાડા | ૧૭ | ૧૫ |
| | મનમોડી | ૧૦ | ૯ |
| | મોટામાળુંગા | ૧૨ | ૮ |
| | લીંકનમાળુંગા | ૧૦ | ૫ |
| | | ૭૧ | ૪૮(૬૭.૬) |
| | કુલ | ૨૬૯ | ૧૭૪(૬૨.૩) |

(કૌંસમાં બતાવેલા આંકડા ટકાવારીના આંકડા છે)

કોઠા-૫ માં પુરુષ-સ્ત્રીની સંખ્યા પ્રમાણે કુટુંબોની સંખ્યા અને કુલ વસતીની સરખામણીમાં ટકાની વહેંચણીના આંકડા બતાવવામાં આવ્યા છે.

## કોઠો-૫
## વિસ્તાર મુજબ વસ્તી

| વિસ્તાર (તાલુકો) | કુટુંબોની સંખ્યા | કુલ | વસ્તી પુરુષ | વસ્તી સ્ત્રી | કુટુંબનું કદ | કુલ વસ્તીના ટકા |
|---|---|---|---|---|---|---|
| માંગરોળ | ૩૩ | ૧૯૮ | ૯૭ | ૧૦૧ | ૬.૦ | ૨૦.૮ |
| ઉચ્છલ | ૨૭ | ૧૪૪ | ૮૨ | ૬૨ | ૫.૩ | ૧૫.૧ |
| સાગબારા | ૨૫ | ૧૧૯ | ૬૬ | ૫૩ | ૫.૫ | ૧૨.૫ |
| વિજયનગર | ૪૧ | ૨૨૮ | ૧૧૭ | ૧૧૧ | ૪.૮ | ૨૩.૯ |
| ડાંગ | ૪૮ | ૨૬૩ | ૧૩૭ | ૧૨૬ | ૫.૪ | ૨૭.૭ |
| કુલ | ૧૭૪ | ૯૫૨ | ૪૯૯ | ૪૫૩ | ૫.૫ | ૧૦૦.૦૦ |

ઉપરના આંકડા દર્શાવે છે કે કાથોડી કુટુંબો જુદા જુદા વિસ્તારોમાં અસમાન રીતે પથરાયેલા છે. ૧૭૪ કુટુંબોમાં ૯૫૨ સભ્યોમાંથી ૨૭.૭% ડાંગ જિલ્લામાં, ૨૩.૯% કાથોડી વિજયનગરમાં, ૨૦.૮% માંગરોળમાં, ૧૫.૧% ઉચ્છલમાં આવેલ અને ૧૨.૫% સાગબારામાં રહે છે.

કોઠા-૬ માં જુદા જુદા વિસ્તારોમાં સર્વેક્ષણ થયેલા કુટુંબોમાં જાતિ અને મોટા ઉંમર જૂથ પ્રમાણેની આંકડાકીય માહિતી આપવામાં આવી છે. આ આંકડાકીય માહિતીનું નિરીક્ષણ કરતા એવું બહાર આવે છે કે સૌથી વધુ કાથોડી (૪૬%) ૦-૧૪ ના વયજૂથ હેઠળ આવે છે. જ્યારે પછીના વધુ કાથોડી (૩૬%) ૧૫-૩૪ ના વયજૂથ હેઠળ આવે છે અને સૌથી ઓછા કાથોડી ૬૦ વર્ષથી વધુના વયજૂથમાં જોવા મળે છે. કદાચ આ જાતિમાં નીચા જીવન દરને કારણે બહુ થોડા કાથોડી ૬૦ વર્ષથી વધુ ઉંમરના, કુલ વસ્તીના માત્ર ૩% માં જ જોવા મળે છે.

## કોઠો-૬
## વસ્તીની ઉંમર પ્રમાણે વહેંચણી

| વિસ્તાર | ૦-૬ વર્ષ | | ૭-૧૪ વર્ષ | | ૧૫-૩૪ વર્ષ | | ૩૫-૫૯ વર્ષ | | ૬૦ વર્ષથી વધુ | | કુલ | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | |
| માંગરોળ | ૧૯ | ૨૫ | ૨૪ | ૨૨ | ૩૩ | ૩૩ | ૧૮ | ૧૯ | ૩ | ૨ | ૯૭ | ૧૦૧ | ૧૯૮ |
| ઉચ્છલ | ૧૪ | ૮ | ૨૦ | ૧૬ | ૩૨ | ૨૩ | ૧૫ | ૧૪ | ૧ | ૧ | ૮૨ | ૬૨ | ૧૪૪ |
| વિજયનગર | ૨૭ | ૩૬ | ૪૦ | ૩૦ | ૩૨ | ૨૮ | ૧૬ | ૧૪ | ૨ | ૩ | ૧૧૭ | ૧૧૧ | ૨૨૮ |
| સાગબારા | ૧૨ | ૧૦ | ૨૩ | ૧૨ | ૧૯ | ૨૨ | ૧૧ | ૬ | ૧ | ૩ | ૬૬ | ૫૩ | ૧૧૯ |
| ડાંગ | ૧૫ | ૯ | ૪૧ | ૩૮ | ૪૧ | ૪૮ | ૩૫ | ૨૬ | ૫ | ૫ | ૧૩૭ | ૧૨૬ | ૨૬૩ |
| કુલ | ૮૭ | ૮૮ | ૧૪૮ | ૧૧૮ | ૧૫૭ | ૧૫૪ | ૯૫ | ૭૯ | ૧૨ | ૧૪ | ૪૯૯ | ૪૫૩ | ૯૫૨ |
| | (૧૭.૪) | (૧૯.૪) | (૨૯.૬) | (૨૬.૧) | (૩૧.૫) | (૩૪) | (૧૯.૧) | (૧૭.૪) | (૨.૪) | (૩.૧) | (૧૦૦.૦) | (૧૦૦.૦) | |

## કુટુંબ નિયોજન :

સામાન્ય રીતે કાથુડાઓમાં વધુ બાળકો હોવામાં કોઈપણ રૂકાવટ હોતી નથી. આ અભ્યાસ દરમિયાન તેઓમાંના ઘણા લોકોએ એવું જણાવ્યુ કે તેમના સ્ત્રીઓ જેટલા પણ વધુ બાળકો પેદા કરશે એટલા બાળકો હોવાનું ગમશે. જો કે, કેટલાક અનુભવી અથવા નાના કાથુડાઓએ તેમનું કુટુંબ મર્યાદિત કરવાની ઈચ્છા બતાવી અને જણાવ્યુ કે તેમની નબળી આવકમાં તેમના સભ્યોને ભરણપોષણ કરવામાં થોડી મુશ્કેલીઓ પડે તે માટે નાનું કુટુંબ હોવુ વધુ સારુ છે. ડાંગમાં અને વિજયનગર તાલુકામાં કેટલાક પુરુષોએ કુટુંબ નિયોજનની શસ્ત્રક્રિયા પણ કરાવી છે. કેટલાક વિસ્તારોમાં કેટલાક બાબતોમાં તેમના ઉપર કુટુંબ નિયોજનની શસ્ત્રક્રિયા કરાવે તેમને ચોક્કસ રીતે નપુંસક-જાતિય નામર્દ બનાવવાની ફરજ પાડવાની બીક હોવાથી જરૂરી માહિતી આપતા ખચકાતા હતા.

## શારીરિક દેખાવ :

કાથુડાઓના શરીરનો રંગ કાળો-ભુખરો હોય છે. તેઓનો બાંધો મધ્યમ પ્રકારનો હોય છે. સામાન્ય રીતે પુરુષો વધુ કાળા અને વધુ પાતળા હોય છે. સામાન્ય રીતે સ્ત્રીઓ કદાવર અને દેખાવમાં પાતળા હોય છે. સ્ત્રીઓનું શરીર બંધારણ મજબુત અને ભારે હોય છે જેથી તેઓ ભારે કામ સહેલાઈથી કરી શકે છે. સ્ટીફન ફચસે તેમના શારીરિક લક્ષણો વિષે વર્ણવ્યું છે કે તેઓ બંધારણમાં નાના અને ઉંચાઈમાં મધ્યમ હોય છે. તેઓનો ચહેરો ભુખરા થી કાળા રંગ સાથે ઉંડા ઉતરી ગયેલી આંખો, નાનું નાક અને મોટા હોઠવાળો હોય છે. તેઓના બન્ને જાતિઓમાં વાળ વાંકા હોય છે. તેઓનો શારીરિક દેખાવ દક્ષિણ ભારતના જાતિઓને લગભગ મળતી આવે છે.[13]

મુંબઈ ગેઝેટીયર મુજબ," કાથોડાઓ પહેલાંની હલકી જાતિઓ મુજબ, ઠીંગણા, ભારે મુખમુદ્રાવાળા અને રંગે કાળા હોય છે. પુરુષો માથાના વાળ કઢાવી નાખે છે અને દાઢીના વાળ થોડા રહેવા દે છે. સ્ત્રીઓ માથાના વાળમાં તેલ નાખીને મોટો અંબોડો વાળે છે.[14]

૧૩: ભારતના મુળ જાતિઓ : સ્ટીફન ફચસ ૧૯૫૩ પાન ૧૯૬-૧૯૭
૧૪: મુંબઈ પ્રદેશ ગેઝેટીયર : ૧૯૦૧ ભાગ-૯ પાન ૩૧૯.

**શિક્ષણ અને સાક્ષરતા :** ૧૯૭૧ ની વસ્તી ગણતરી મુજબ રાજયમાં અનુસૂચિત જનજાતિઓમાં શિક્ષિત દર ૧૪.૧૨% ની સરખામણીમાં કાથોડીઓમાં આ પ્રમાણ માત્ર ૨.૮% નું જ છે. પુરુષ અને સ્ત્રીઓને અલગ રીતે ગણતાં પુરુષોમાં ૪% અને સ્ત્રીઓમાં ૧.૬% લોકો શિક્ષિત છે. જ્યારે

રાજ્યની અનુસૂચિત જનજાતિઓમાં આ પ્રમાણ અનુક્રમે ૧૧.૦% અને ૩.૦૩% છે. આ બતાવે છે કે શિક્ષણની બાબતમાં કાથોડીઓ કેટલા બધા પાછળ છે. ખાસ કરીને સ્ત્રીઓ કે જેમાં ૧૦૦ સ્ત્રીઓમાં ૨ સ્ત્રીઓ પણ ભણેલી નથી. કોઠા-૧૨ માં ૧૯૭૧ ના વસ્તી ગણતરી મુજબ તાલુકા પ્રમાણે શિક્ષણના પ્રમાણના આંકડા આપવામાં આવ્યા છે. કોઠા-૧૩ માં આ અભ્યાસમાં નોંધાયેલ શિક્ષિતો વિષે વિગતવાર માહિતી આપવામાં આવી છે.

કોઠા-૧૨

તાલુકા અને જાતિ(પુરુષ-સ્ત્રી) મુજબ શિક્ષિતોનું પ્રમાણ(૧૯૭૧)

| જિલ્લો | વસતિ | | | અશિક્ષિત | | | શિક્ષિત | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ | પુ. | સ્ત્રી |
| ૧.સાબરકાંઠા | ૧૨૭ | ૭૪ | ૫૩ | ૧૨૬ | ૭૩ | ૫૩ | ૧ | ૧ | - |
| :ક:વિજયનગર | ૧૨૫ | ૭૨ | ૭૩ | ૧૨૫ | ૭૨ | ૫૩ | -- | - | - |
| :ખ:બાયડ | ૨ | ૨ | -- | ૧ | ૧ | -- | ૧ | ૧ | - |
| ૨.સુરત | ૧૬૫૨ | ૮૦૧ | ૮૫૧ | ૧૬૧૧ | ૭૭૭ | ૮૩૪ | ૪૧ | ૨૪ | ૧૭ |
| ક.માંગરોલ | ૩૫૭ | ૧૮૫ | ૧૭૨ | ૩૪૫ | ૧૭૩ | ૧૭૨ | ૧૨ | ૧૨ | - |
| ખ.સોનગઢ | ૧૫૧ | ૬૦ | ૯૧ | ૧૩૪ | ૬૦ | ૭૪ | ૧૭ | -- | ૧૭ |
| ગ.નિઝર | ૨૪૪ | ૧૨૨ | ૧૨૨ | ૨૪૦ | ૧૧૮ | ૧૨૨ | ૪ | ૪ | - |
| ઘ.ઉચ્છલ | ૮૬૬ | ૪૧૪ | ૪૫૨ | ૮૫૮ | ૪૦૬ | ૪૫૨ | ૮ | ૮ | - |
| ઙ.માંડવી | ૨૨ | ૧૦ | ૧૨ | ૨૨ | ૧૦ | ૧૨ | - | - | - |
| ચ.બારડોલી | ૧૨ | ૧૦ | ૨ | ૧૨ | ૧૦ | ૨ | - | - | - |
| ૩.ભરૂચ | ૪૩૧ | ૨૧૮ | ૨૧૩ | ૪૨૪ | ૨૧૧ | ૨૧૩ | ૭ | ૭ | - |
| ક.સાગબારા | ૩૩૮ | ૧૭૩ | ૧૬૫ | ૩૩૪ | ૧૬૯ | ૧૬૫ | ૪ | ૪ | - |
| ખ.નાંદોદ | ૧૧ | ૫ | ૬ | ૯ | ૩ | ૬ | ૨ | ૨ | - |
| ગ.ડેડીયાપાડા | ૪૬ | ૨૪ | ૨૨ | ૪૬ | ૨૪ | ૨૨ | - | - | - |
| ઘ.વાલીયા | ૩૬ | ૧૬ | ૨૦ | ૩૫ | ૧૫ | ૨૦ | ૧ | ૧ | - |
| ૪.ડાંગ | ૬૮૯ | ૩૪૬ | ૩૪૩ | ૬૫૮ | ૩૨૧ | ૩૩૭ | ૩૧ | ૨૫ | ૬ |
| ૫.વડોદરા :શહેર: | ૭ | ૩ | ૪ | ૫ | ૧ | ૪ | ૨ | ૨ | - |
| ૬.પંચમહાલ | ૬ | ૫ | ૧ | ૬ | ૫ | ૧ | - | - | - |
| :ક:શહેરા | ૬ | ૫ | ૧ | ૬ | ૫ | ૧ | - | - | - |
| કુલ | ૨૯૧૨ | ૧૪૪૭ | ૧૪૬૫ | ૨૮૩૦ | ૧૩૮૮ | ૧૪૪૨ | ૮૨ | ૫૯ | ૨૩ |

પ્રાપ્તિસ્થાન : ગુજરાત રાજ્ય વસ્તી ગણતરી-૧૯૭૧

નોંધ : આ જિલ્લાઓ સિવાયના વિસ્તારમાં રહેતા ૨૭ વ્યક્તિઓ વિષેના આંકડાકીય માહિતી ઉપલબ્ધ ન હોવાથી આ કોઠામાં તેમનો ઉલ્લેખ કર્યો નથી.

કોઠો-૧૩

જાતિ મુજબ શિક્ષણનું પ્રમાણ (ક્ષેત્રિય માહિતી)

| ક્રમ | શિક્ષણનું પ્રમાણ | કુલ | | |
|---|---|---|---|---|
| | | કુલ | પુરુષ | સ્ત્રી |
| ૧. | કુલ વસતી | ૯૫૨ | ૪૯૯ | ૪૫૩ |
| ૨. | અશિક્ષિત | ૮૬૦(૯૦.૩) | ૪૩૦(૮૬.૨) | ૪૩૦(૯૪.૯) |
| ૩. | શિક્ષિત | ૯૨(૯.૭) | ૬૯(૧૩.૮) | ૨૩(૫.૧) |
| ૪. | ધો.૪ સુધી પ્રાથમિક | ૧૬(૧૭.૪) | ૧૩(૧૮.૮) | ૩(૧૩.૦) |
| ૫. | ધો.૧૦ સુધી માધ્યમિક | ૧૩(૧૪.૧) | ૧૦(૧૪.૫) | ૩(૧૩.૦) |
| ૬. | મેટ્રિક | ૧(૧.૧) | ૧(૧.૪) | -------- |
| ૭. | શાળામાં જતા બાળકો | ૬૨(૬૭.૪) | ૪૫(૬૫.૨) | ૧૭(૭૩.૯) |

કૌંસમાં બતાવેલા આંકડા ટકાવારી સૂચવે છે.

કોઠા-૧૩ માં આપવામાં આવેલી આંકડાકીય માહિતીના આધારે એ દેખાય છે કે કાથોડા વસતિના મોટાભાગના લોકો અશિક્ષિત છે. સર્વેક્ષણમાં આવરી લેવાયેલા કુલ ૯૫૨ વ્યક્તિઓમાંથી માત્ર ૯૨(૯.૭%) લોકો જ શિક્ષિત તરીકે નોંધાયેલા છે. જેમાં ૨૪ પુરુષો, ૬ પુખ્ત સ્ત્રીઓ અને ૬૨(૪૫ કુમારો અને ૧૭ કન્યાઓ) બાળકોનો સમાવેશ થાય છે. માત્ર ૧૩ પુરુષો અને ૩ સ્ત્રીઓ જ ધો.૪ સુધીનું શિક્ષણ મેળવી શક્યા છે હતા જ્યારે ૧૦ પુરુષો, ૩ સ્ત્રીઓ ધો.૧૦ સુધી અને માત્ર એક પુરુષ મેટ્રિક સુધી શિક્ષણ મેળવી શક્યા હતા. આંકડા એવું પણ બતાવે છે કે શિક્ષણ મોટી ઉંમરના લોકો કરતાં શાળામાં જતાં બાળકો પૂરતું મર્યાદિત છે. સ્થાનિક ગામની શાળાઓમાં જતા બાળકો વિષે એકઠી કરાયેલી માહિતી એવું પણ સ્પષ્ટ કરે છે કે શાળામાં જતા વય-જૂથના કુલ ૨૫૬ બાળકોમાંથી માત્ર ૬૨(૨૪.૨%)બાળકો જ, ક્ષેત્રકાર્ય દરમિયાન શાળામાં જતા હતા. કોઠા-૧૪ માં બાળકોની વર્ગ મુજબ સંખ્યા આપી છે.

કોઠો-૧૪ : જાતિ પ્રમાણે શાળામાં જતા બાળકોના વર્ગ પ્રમાણે સંખ્યા

| ક્રમ | ધોરણ | પુરુષ | સ્ત્રી | કુલ | ટકાવારી |
|---|---|---|---|---|---|
| ૧. | પહેલું | ૧૨ | ૧૦ | ૨૨ | ૩૫.૬ |
| ૨. | બીજું | ૧૧ | ૩ | ૧૪ | ૨૨.૬ |
| ૩. | ત્રીજું | ૬ | ૩ | ૯ | ૧૪.૫ |
| ૪. | ચોથું | ૯ | ૧ | ૧૦ | ૧૬.૧ |
| ૫. | પાંચમું | ૩ | -- | ૩ | ૪.૮ |
| ૬. | છઠ્ઠું | ૧ | -- | ૧ | ૧.૬ |
| ૭. | સાતમું | ૨ | -- | ૨ | ૩.૨ |
| ૮. | આઠમું | ૧ | -- | ૧ | ૧.૬ |
| | કુલ | ૪૫ | ૧૭ | ૬૨ | ૧૦૦.૦૦ |

કોઠા-૧૪ ઉપરથી જોઇ શકાય છે કે શાળામાં જતા કુલ બાળકોમાંથી ૭૨.૫૮ કુમારો અને બાકીના કન્યાઓ હતા. કુલ ૬૨ બાળકોમાંથી, ૫૮ (૯૩%)બાળકો પ્રાથમિક શાળાના વર્ગો(ધો.૧થી ૫) હતા.

શિક્ષણનું પ્રમાણ જુદા જુદા વિસ્તારોમાં જુદું જુદું હતું. ડાંગમાં શાળાએ જતા વય જૂથના કુલ ૪૦ બાળકોમાંથી ૩૭ બાળકો શાળામાં જતા હતા. વિજય નગર તાલુકામાં ૩૬ બાળકોમાંથી ૨૦ બાળકો શાળામાં જતા હતા. અને માંગરોલ તાલુકામાં ૪ બાળકો શાળામાં જતા હતા પરંતુ ઉચ્છલ અને સાગબારા તાલુકામાં એક પણ કુટુંબ તેમના બાળકોને શાળામાં મોકલતા ન હતા.

જુદા જુદા વિસ્તારોના કથોડી કુટુંબોમાં શાળાએ જતી ઉંમરના બાળકોમાં શાળામાં તેમની હાજરી અને શાળામાં ન જવાના કારણોની તપાસ કરવામાં આવી હતી. મોટા ભાગના કુટુંબોએ તેમના બાળકોને શાળામાં ન મોકલવા માટેનું મુખ્ય કારણ ગરીબાઇને બતાવ્યું હતું. કાથોડીઓમાં પતિ-પત્ની બન્ને જણ તેમના આવક અને ખર્ચનો મેળ બેસી શકે એ માટે મજૂરીએ જાય છે. આથી તેઓ જ્યારે મજૂરી કરવા માટે તેમના નાનાં બાળકોને ઘેર મુકીને જાય ત્યારે શાળામાં અભ્યાસ કરી શકે એ ઉંમરના બાળકોને શાળામાં મોકલવા કરતાં એ બાળકોની સંભાળ રાખવાનું વધુ પસંદ કરે છે તેમજ જો તેમને શાળામાં મોકલે પરંતુ મોસમી કામ માટે દૂરના વિસ્તારમાં જવાનું થાય ત્યારે તેમનું શિક્ષણ બંધ કરવું પડે. કેટલાક કિસ્સાઓમાં થોડા બાળકો શાળામાં દાખલ થયા હતા પરંતુ થોડા સમય પછી એક યા બીજા કારણે અભ્યાસ છોડી દીધો હતો. અભ્યાસ અટકાવી દેવાના કારણોની તપાસ પણ કરવામાં આવી હતી. એક કુટુંબમાં ૧૭ વર્ષના યુવતીએ ધો.૧૦ પાસ કરીને અભ્યાસ છોડી દઇને આશ્રમશાળામાં નોકરી સ્વીકારી હતી. આ યુવતીના પિતાએ જણાવ્યું કે તેઓ તેમના દીકરીને આગળ શિક્ષણ આપવા માટે રાજી હતા પરંતુ પાછળથી આગળના અભ્યાસ માટે કોઇ રસ લીધો ન હતો. આજ પ્રમાણે બીજા એક કુટુંબમાં ૧૬ વર્ષના ઉંમરની યુવતીએ છેલ્લી પરીક્ષા આપીને અભ્યાસ છોડી દઇને સ્થાનિક બાલવાડીમાં શિક્ષિકા તરીકેની નોકરી સ્વીકારી લીધી હતી. યુવતીની માતા તેને આગળનું શિક્ષણ મેળવવા ગામ બહાર મોકલવા તૈયાર ન હોવાને કારણે તેણીને આગળનું શિક્ષણ છોડી દેવાની ફરજ પડી હતી. બીજા એક કિસ્સામાં ૧૫ વર્ષના છોકરાએ ધો.૮ પાસ કરીને તેનો અભ્યાસ છોડી દીધો અને જંગલખાતામાં બીટ રક્ષક તરીકેની નોકરી મેળવી લીધી હતી. તેમના ભાઇ જેઓ તેના વાલી પણ છે અને જંગલ ખાતામાં ફોરેસ્ટ

નરોડની ફરજ બજાવે છે તેમજ જણાવ્યુ કે તેમના ભાઇ માટે આ વ્યવસાયમાં ઉજળી તકો રહેલી છે. અન્યના જેમ તેઓ પણ માને છે કે જીવન નિર્વાહ માટે બાહ્ય શિક્ષણ જરૂરી નથી. સામાન્ય રીતે એવું દેખાય છે કે કણબીઓ શિક્ષણ અંગે મજના લાભો જોતા નથી અને એવું જીવન જીવવાનું પસંદ કરે છે જે તેમના માન્યતા મુજબ આગળ દોરશે. તેઓ માટે શાળાઓમાં આપવામાં આવતા શિક્ષણનો પ્રાયોગિક ઉપયોગિતા નથી.

## પ્રકરણ-૨ ભૌતિક જીવન

### રહેઠાણ અને વસવાટ :

ક્ષેત્ર-કાર્ય દરમિયાન એક પણ એવું ગામ નજરે પડ્યું ન હતું કે જેમાં માત્ર કાથોડીઓનાજ વસતા હોય. તેઓ સામાન્ય રીતે વિવિધ જાતિના લોકો વસતા એવા ભેળસેળીયા ગામોમાં રહેતા હતા. સામાન્ય રીતે ગામમાં તેઓના વસવાટો ગામના છેડે અથવા તો ગામના એક ખુણામાં હતા. કેટલાક કિસ્સાઓમાં તેમના જુદા 'કાથોડીવાસ' નામે ઓળખાતા કસબામાં રહેતા. મોટા ભાગના ગામોમાં કાથોડીઓના વસવાટો ગામના છેવાડે હતા. અન્ય આદિવાસી જાતિઓ પોતાને કાથોડીથી ઉચ્ચ માનતી અને તેમની સાથે ઓછામાં ઓછા સંપર્ક રાખતા. તેઓ ગામમાં સાથે રહેતા હોવાને કારણે કેટલાક કિસ્સાઓમાં એમને માટે જરૂરી રહેતું હતું. કાથોડીઓના અલગ રહેઠાણ વિસ્તાર પણ મોભાની ભિન્નતાને ટેકો આપે છે. કાથોડાઓ તેમનામાં પ્રવર્તમાન વિષમ ગરીબાઈને કારણ તેમનું નીચું સ્થાન સ્વીકારી લે છે. ગામમાં તેમનું સ્થાન નિમ્ન કક્ષામાં હોવા છતાં પણ રોજંદા જીવનમાં આ બધી આદિવાસી જાતિઓમાં પરસ્પરના ભેદભાવની કોઇ ચિંતા રાખતા નથી.

અગાઉ આદિવાસીઓ તેમના વસવાટો જંગલમાં એવી જગ્યાએ પસંદ કરતા કે જ્યાં શિકાર માટે અથવા ખેડવા માટે અનુકૂળ હોય. આજના દિવસોમાં પણ વાડાના લોકોને રોગચાળા અને માંદગીને કારણે તે વિસ્તાર છોડીને પાડોશી વિસ્તારમાં જાય છે. તેમનો વિસ્તાર 'કાતાવાડા' તરીકે ઓળખાય છે. આવા દરેક વાડામાં એક આગેવાન હોય છે જે સામાજિક આગેવાન તરીકે છે અને તેને નાઇક તરીકે બોલાવવામાં આવે છે. તેને અન્ય કામગીરીમાં કારભારી અથવા તો પ્રધાન મદદ કરે છે. કાથોડી વસવાટો સામાન્ય રીતે જંગલની જમીનમાં અથવા તો ગામના ખરાબાની જમીનમાં આવેલા હોય છે. વિજયનગર તાલુકામાં તેમના વસવાટો જંગલોના સરહદના વિસ્તારમાં આવેલા છે. કેટલીકવાર તેઓ વસવાટ માટે વહેરા અથવા તો નદીના આસપાસની જમીન પણ પસંદ કરતા હોય છે. જમીનદાર સાથે લાંબા સમય સુધી કામ કર્યા બાદ જમીન મળે ત્યારે તેઓ તેમના રહેઠાણો તેમના ખેતરોમાં જ બનાવતા પરંતુ એવા પણ કેટલાક કાથોડીઓ જેઓ સ્થિર પ્રકારનું જીવન જીવે છે તેઓ પણ જે તે ગામમાં જ રહેવાનું પસંદ કરતા હોય છે. જે કાથોડી કુટુંબો જંગલ વિસ્તારમાં અથવા તો બહારના પ્રદેશમાં સ્થળાંતર કરે તો ત્યાં કામચલાઉ ઝુંપડું બનાવતા અને જ્યારે પણ કામ પૂરું થતાં તે છોડવાનો સમય આવે ત્યારે તેને તોડી નાખતા. ત્યારબાદ તે કુટુંબો તેમના મૂળ ઘરમાં પાછા વળતા. એ બાબત ઉપર ભાર મુકવો જરૂરી છે કે કાથોડીઓ મુખ્યત્વે

અસ્થિર જીવન જીવતા હોય છે અને તેમના પિતૃજન્ય ગામો સાથેના સંબંધ જાળવી રાખતા હોય છે પરંતુ તેઓમાંના મોટાભાગના લોકોને તેમના પોતાના ઘર હોતા નથી તથા કેટલીકવાર તેમને કાઢી મુકવામાં આવતા હોય છે.

કાથોડી વસવાટો નાના હોય છે. તેઓના ઝુંપડા છુટાછવાયા ન હોતાં ભેગા જ હોય છે. કાથોડીઓના ઝુંપડાના દિવાલો માટીથી બનાવેલા હોય છે તેમજ છાપરું તાડના પાનથી ઢાંકવામાં આવે છે. કેટલાક ઝુંપડાઓમાં તો વાંસના ટેકા પણ મુકવામાં આવે છે. સામાન્ય રીતે આ ઝુંપડામાં ૧૫'X૧૦' અથવા તો ૧૨'X૮' નો એક ઓરડો જ હોય છે અને તેમાં જ રહેવાનું, સુવાનું, ખાવાનું, રાંધવાનું અને ખાવાનુ આ બધી જ ક્રિયાઓ તે ખંડમાં જ થતી હોય છે. તેમના ઝુંપડામાં માત્ર એક બારણું જ હોય છે. બારી કે હવા આવજા કરી શકે એવી કોઇ વ્યવસ્થા રાખવામાં આવતી નથી. આગળનો દરવાજો વાંસના ચાપો અથવા તો પટ્ટીઓનો બનાવેલો હોય છે. સામાન્ય રીતે પશુ રાખવાની જગ્યા ઝુંપડાને અડીને જ હોય છે અને મુખ્યત્વે રહેવાના ઓરડાનો પણ પશુને રાખવાના ઉપયોગમાં લેવામાં આવે છે. કેટલાક કિસ્સાઓમાં પશુઓને રાખવાની જગ્યા ઝુંપડાના નજીકની જગ્યામાં જ બનાવવામાં આવે છે. કેટલાક વિસ્તારોમાં જેમ કે ડાંગ અને વિજય-નગર તાલુકામાં કાથોડીઓના થોડા મકાનો સારી રીતે તથા કદમાં મોટા બનાવેલા છે. આવા મકાનો ઉંચી પ્રકારના માલસામાનનાં બનાવેલા હોય છે. દેશી નળિયા સામાન્ય રીતે સ્થાનિક પધ્ધતિથી બનાવવામાં આવે છે. કેટલાક કાથોડી કુટુંબોએ એવું પણ જણાવ્યુ હતુ કે દેશી નળિયા તેમના ઘેરે જ બનાવ્યા હતા. આમ વાંસ, તાડના પાન, માટી વગેરે જ તેમના ઝુંપડાના બાંધકામના ઉપયોગમાં આવે છે અને તે જંગલ અધિકારીની રજાથી મેળવી શકાય છે. કેટલીકવાર તેઓ આ વસ્તુઓ પુર્વ મંજૂરી લીધા સિવાય લાવતા હોય છે. ઝુંપડું બનાવવાના કામમાં પુરુષ, સ્ત્રી બાળકો એમ કુટુંબના બધા જ સભ્યો ભાગ લે છે અને આમ માત્ર થોડા જ દિવસોમાં તે સરળતાપુર્વક પૂરું કરવામાં આવે છે. નજીકના સમયે નજીકના સગાઓ એકબીજાને કામમાં મદદ કરતા હોય છે. કાથોડીના મકાનો દેખાવમાં સ્વચ્છ હોતા નથી. તેમના ઝુંપડામાં વસ્તુઓ યોગ્ય ઠેકાણે ગોઠવાયેલી ન હોતાં ગમે ત્યાં વિખરાયેલી પડેલી હોય છે. સામાન્ય રીતે તેમાં વસતા લોકો તેમના જીવનની વિષમ પરિસ્થિતિનો ચિતાર આપે છે.

મકાન બાંધવાનું શરું કરતાં પહેલાંની ક્રિયામાં તેઓ નાળિયેર અને ચોખાના થોડા દાણાને સફેદ કપડામાં બાંધીને મધ્યના ટેકા સાથે બાંધી રાખવામાં

આવે છે.

જ્યાં સુધી ડોકના નજર (ખરાબ) લાગે નહિ અને જ્યાં સુધી મકાન બાંધવાનું કામ પૂર્ણ ન થાય ત્યાં સુધી તેને ત્યાંજ રાખવામાં આવે છે. ડાંગના મોટા ભાગના ગામમાં આદિવાસીઓના મકાનો ડાંગ સહકારી રહેઠાણ યોજના હેઠળ બાંધવામાં આવ્યા છે. આવાં બધા જ મકાનોમાં વિશાળ ખંડ અને બંધ વરંડો હોય છે. અને તેની દિવાલો વાંસના ચાપો અથવા પટ્ટીઓ ઉપર માટીનું લીંપણ કરેલું હોય છે અને છાપરું મેંગલોરી નળિયાથી ઢાંકેલું હોય છે. આ ગામમાં ત્રણ કથોડા કુટુંબોને આવા પ્રકારના મકાનો છે. કોઠા-૧૦ માં સર્વેક્ષણ થયેલા કુટુંબોના જીવન પરિસ્થિતિનું વિસ્તાર પૂર્વક વર્ણન કરવામાં આવ્યું છે.

કોઠા-૧૦

ઘરના પરિસ્થિતિની વિગતો

| પરિસ્થિતિ | કુટુંબોની સંખ્યા | કુલ કુટુંબોના ટકા |
|---|---|---|
| **ફર્શનો પ્રકાર :** | | |
| કરાંઠાં અથવા ઘાસ | ૧૦૪ | ૫૯.૭ |
| માટીનો બાંધ | ૭૦ | ૪૦.૩ |
| | ૧૭૪ | ૧૦૦.૦ |
| **ઉપરના (છતના)છાપરાનો પ્રકાર :** | | |
| તાડના પાનનું છાપરું | ૧૧૩ | ૬૪.૯ |
| દેશી નળિયાનું છાપરું | ૫૭ | ૩૨.૭ |
| મેંગલોરી નળિયાનું છાપરું | ૪ | ૨.૪ |
| | ૧૭૪ | ૧૦૦.૦૦ |
| **ખંડ :** | | |
| એક ખંડ: ઘરના બધા જ સભ્યો તથા પશુઓના તમામ હેતુઓ માટે | ૧૬૬ | ૯૫.૪ |
| બે ખંડ: એક કુટુંબના સભ્યો માટે અને બીજો પશુના ઉપયોગ માટે | ૮ | ૪.૬ |
| | ૧૭૪ | ૧૦૦.૦૦ |
| **હવાઉજાસ :** | | |
| હવાઉજાસની સગવડ વિનાના | ૧૭૦ | ૯૫.૬ |
| હવાઉજાસવાળા (અંદરના ભાગમાં એક બારી) | ૪ | ૪.૪ |
| | ૧૭૪ | ૧૦૦.૦ |

ઉપરની આંકડાકીય માહિતી એ હકીકત બહાર લાવે છે કે કરાંઠા(ઘાસ)

અને વાંસની ચીપોની બનાવેલી ભીંતો સામાન્યપણે ઘણી વધુ પ્રમાણમાં અને સારી એવી સંખ્યામાં માટીની બનાવેલી ભીંતો પણ જોવા મળી હતી. ઝુંપડાના ઉપલા છાપરા અથવા છત ઢાંકવાની બાબતમાં છતને ઘાસ(કરાઠા)થી ઢાંકેલા ઘણી વધુ પ્રમાણમાં તેમજ સારી એવી સંખ્યામાં દેશી નળિયાથી ઢાંકેલી છતો જોવા મળી હતી.

ઘરવખરીની વસ્તુઓ :

કાથોડીઓના ઘરમાં ઘરવખરી ઘણી જ થોડી હોય છે જેમાં એલ્યુમિનિયમના થોડા વાસણો, માટીની વસ્તુઓ, કંતાન અથવા તો તાડના પાનમાંથી બનાવેલી સુવા માટેની સાદડીઓ, વાંસના ખાટલા, ધાતુની દીવી અથવા ફાનસ, અનાજ દળવા પથ્થરની ઘંટી, મરઘી ચડવાની જાળીઓ તથા એક કે માટીની અનાજ ભરવા માટેની કોઠીઓનો સમાવેશ થાય છે. તેઓ જમીન ઉપર સુતા હોવાને કારણે મોટા ભાગના લોકોના ઘરમાં ખાટલા નહોતા.

પહેરવેશ અને ઘરેણાં :

કાથોડી પુરુષનો પહેરવેશ ઘણો જ સાદો હોય છે. પહેલાંના સમયમાં કાથોડી પુરુષો લંગોટી પહેરતા હતા જયારે હાલમાં તેઓ કમરની આસપાસ તથા ઘુંટણભેર સુધીની ધોતી પહેરે છે. પહેલાંના સમયમાં તેમની સ્ત્રીઓ શરીરના ઉપરના ભાગમાં થોડું પણ કપડું પહેરતી નહોતી. ધીમેધીમે તેમણે કપડાં પહેરવાનું શરુ કર્યું અને હવે તો શરીરનો કમરથી ઉપરનો ભાગ પણ ઢાંકે છે. આજે કાથોડી પુરુષો ટુંકી ધોતી અને ખમીસ તથા મોટા બાળકો ચડ્ડી અને ખમીસ પહેરવાનું પસંદ કરે છે. કાથોડી સ્ત્રીઓ પરંપરાગતરીતે સાડી, પરંપરાગત મહારાષ્ટ્રીયન સ્ત્રી પહેરે તેને મળતી આવે એ પ્રકારે પહેરે છે. સાડીના ટુકડાને ફડકી કહેવામાં આવે છે. આજે પણ ઘણી કાથોડી સ્ત્રીઓ બ્લાઉઝ પહેરતી નથી. થોડી શિક્ષિત છોકરીઓ ફ્રોક અથવા સ્કર્ટ અને બ્લાઉઝ પહેરતી. બાળકો મોટા ભાગે ખરાબ રીતે સજ્જ થયેલા હોય છે. ૭ વર્ષ સુધીના બાળકો નાગા ફરતા. કેટલાક બાળકો ચડ્ડી અને લંગોટી પહેરતા. બુટ ચંપલનો ઉપયોગ ભાગ્યે જ જોવા મળતો. માત્ર થોડા શિક્ષિત છોકરા-છોકરીઓ જ રબરના સ્લીપર પહેરતા હતા. તપાસ કાર્ય દરમિયાન એવું જોવામાં આવ્યુ હતુ કે મોટા ભાગે કાથોડીઓ હંમેશા ચોખ્ખા કપડાંમાં નહોતા. ગરીબીને કારણે તેઓની પાસે કપડાંની વધુ જોડ નહોતી તેમજ કપડાં પણ નિયમિત રીતે ધોવાતા નહોતા. સરાસરી કાથોડી પુરુષ વર્ષ દરમિયાન એક કરતા વધુ ધોતી, એક ફડકી અથવા ખમીસ ખરીદી શકતો નહિ.

કાથોડી સ્ત્રીઓ તો એટલી ગરીબ હોય છે કે તેમની એકપણ સોનાનું કે ચાંદીનું ઘરેણું હોતું નથી. કાચની બંગડીઓ અને બીડમાંથી બનાવેલા ગળાના હારનો ઉપયોગ સામાન્યપણે જોવા મળે છે. ઘણી જ થોડી સ્ત્રીઓ ધાતુની બંગડી પહેરે છે. કાથોડી સ્ત્રીઓના સૌથી સામાન્ય ઘરેણાઓમાં 'ચડલો'(ધાતુની હાર) ઝુમકા(પિત્તળના કાનના એરીંગ) કાચની બંગડીઓ અને 'કાથ'(કડલા) (કાંડા જેવા કેટલાક ઘરેણા પહેરવાનો રિવાજ નીકળી ગયો છે તથા હાથમાં માત્ર મોટી ઉંમરની સ્ત્રીઓ જ પહેરતી જોવા મળે છે. પુરુષો એકપણ ઘરેણું પહેરતા નથી. મોટાભાગના ઘરેણા નજીકના શહેરમાં કારીગરો દ્વારા બનાવવામાં આવે છે અને તેમની પાસેથી સીધા અથવા તો અઠવાડિક હાટમાં ફરતા વેપારીઓ પાસેથી ખરીદવામાં આવે છે. કાથોડી સ્ત્રી અને પુરુષો શરીરના વિવિધ ભાગો ઉપર છુંદણા પડાવી શણગારે છે. કાથોડી સ્ત્રીઓ હાથ, બાવડું, પગ, કમર, ગાલ અને કપાળ ઉપર છુંદણા પડાવતા હોય છે. પુરુષો સામાન્ય રીતે કપાળ અને બાવડા ઉપર છુંદણા પડાવતા હોય છે. કેટલીક વૃદ્ધ કાથોડી સ્ત્રીઓએ જણાવ્યુ કે છુંદણાને કારણે મૃત્યુદેવ એવા યમરાજના સજાઓની શિક્ષા સામે રક્ષણ મેળવાય છે. અઠવાડિક હાટમાં છુંદણા પાડવામાં આવે છે.

આહાર અને પોષણ :
--------------

મોટાભાગના કાથોડીઓને દિવસમાં પ્રમાણસરનો ખોરાક મળતો નથી. તેમનો ખોરાક મોસમ પ્રમાણે બદલાતો હોવાને કારણે તેમનો મુખ્ય ખોરાક કયો છે તે વિષે કહેવું મુશ્કેલ છે. અન્ય આદિવાસીઓની જેમ કાથોડીઓ પણ માંસાહારી હોય છે. મુંબઇ પ્રદેશના ગેઝેટીયર મુજબ ' તેઓ મુખ્યત્વે મૂળ અને કંદ (કંદમૂળો) ઉપર જીવતા હોય છે. કાંગી અને જાડા ધાન્યમાંથી બનાવેલી ભાખરી સિવાય તેઓ લગભગ બધા જ પ્રાણીઓ ખાય છે' તેઓ ઘોડા, ગધેડા બિલાડી અને કુતરાનું માંસ ખાતા નથી તેમજ મરણ પામેલા ઢોરનું માંસ પણ ખાતા નથી. કાથોડીના મુખ્ય ખોરાકમાં કાં તો મકાઇ અથવા જુવાર અથવા નાગલી અથવા તો બંટીની બનાવેલી રોટલી છે. જયારે જુવાર ઓછી હોય ત્યારે કેટલીકવાર તેઓ પાણી ઉકાળીને જુવારનું ભેંકડુ પણ બનાવતા હોય છે.

કાથોડીઓ તેમના મુખ્ય ધંધાના ટેકારૂપે શિકાર કરવાનું અને માછલી પકડવાનું કામ પણ કરે છે. તથા તેમના પૂરક આહાર માટે કંદમૂળો અને જંગલી ફળો પણ એકઠા કરતા હોય છે. તેઓ માંસ ખાવાના ખૂબ શોખીન હોય છે અને તેઓ ગાય અને ભૂખરા રંગના મોઢાવાળા વાંદરાઓના સિવાયના બધા જ પ્રાણીઓનું માંસ ખાય છે. તેઓ માછલી, સસલા, વાંદરા, જંગલી કુકડા, હરણ જુદા જુદા પક્ષીઓનો શિકાર કરીને તેમને ખાતા હોય છે. પરંતુ હવે

ની જેમની રહેણી અને જંગલોના સ્થાનને કારણે આવું મુશ્કેલ બન્યું છે. તેઓ ઉનાળામાં ચોમાસા નજીકના સમયમાં જંગલમાંથી જે કંઈ પણ મળે તે આરોગે છે. તેઓ બોર અને ગુલર : : જેવા ફળો, જંગલી મુળી જેવા કે કડવા કાંદા (જંગલી ડુંગળી), ઘેરા પ્રકારના કંદમુળો, જંગલી ફુલો તેમજ 'સવા' જેવા જંગલી ઘાસનું અનાજ વગેરે ખાય છે. કડવા કાંદાને ખાવાના ઉપયોગમાં લેવા માટે ગોળાકાર રીતે કાપીને ટોપલામાં નાખીને આખી રાત સુધી પાણીમાં બોળી રાખવામાં આવે છે બીજી સવારે તેને ધોઈને ચોખ્ખા પાણીમાં ઉકાળીને અને આ ઉકાળેલા પ્રવાહીના મીઠાના ભાગ સિવાય કોઈ હેતુ મળતો નથી. ચોમાસાની ઋતુમાં તેઓ 'કરકાઈ' અને આંબાડીના પાન પણ ખાય છે. પરંતુ મોટાભાગે મોટાભાગના કાથોડી કુટુંબો પુરતો ખોરાક મેળવ્યા સિવાય ત્રણ દિવસો સુધી રહેતા હોય છે. મોટાભાગના કાથોડીઓ દૂધનો ઉપયોગ કરતા નથી. દૂધ મેળવવા માટે ગાયોને દોહવામાં આવતી નથી. નાના બાળકોને પીવા માટે પણ દૂધ આપવામાં આવતું નથી. સામાન્ય રીતે તેઓમાં ચા નો ઉપયોગ નથી પરંતુ કેટલીકવાર જ્યારે તેઓ બજારમાં જાય છે ત્યારે ચાહ જરૂર કરે છે.

પહેલાના આંકડો જેમાં રિઝ્લી અને સ્ટીફન ફ્યુસ મુજબ કાથોડીઓ દારુ પીતા જોવામાં આવ્યા છે. પરંતુ તપાસ કાર્ય દરમ્યાન તેમાંથી નડાયું કે તેઓ દારુ અથવા તો બીજો નશો ચડે એવા વસ્તુઓના ભારે શોખીન હોય છે. હકીકતમાં તેઓ દારુ પીતા હોય એવા દેખાતા નથી. તેમની દારુણ ગરીબી જોતાં તેઓ દારુ ખરીદીને પીવાનું તેમના ગજા બહારનું છે.

## પ્રકરણ-૩ : કાથોડાના અર્થ-વ્યવસ્થા

**************************

પહેલાં જણાવ્યા મુજબ કાથોડા નામ ખેરના વૃક્ષમાંથી કાથો બનાવવાના પરંપરાગત ધંધા ઉપરથી પડ્યું છે. પરંતુ ક્ષેત્ર તપાસ દરમિયાન એ પકડમાં આવ્યું કે કાથો બનાવવાનું કામ એ તેમના નિયમિત જીવન નિર્વાહનું સાધન નથી.

હાલમાં, કાથોડાઓ મુખ્યત્વે ખેતમજૂરી અને જંગલમજૂરી ઉપર આધાર રાખે છે. તેમની આવકનો મોટો ભાગ આ બે રીતે મેળવાતી હોય છે. ખેતી ગૌણ ધંધો પુરો પાડે છે. તેઓ ઘણી પ્રવૃત્તિઓ દ્વારા તેમના અર્થવ્યવસ્થાને પૂરક બનાવતા હોય છે જેમાં શિકાર, મચ્છીમાર, ઢોર ચરાવવા, અને જંગલ પેદાશો ભેગી કરવી. તેઓ જીવન નિર્વાહ માટે જુદી જુદી પ્રવૃત્તિઓ એવું બતાવે છે કે તેમને તેમના અસ્તિત્વ માટે ખુલ્લી જરૂરિયાતો સાથે અનંત રીતે શિકાર કરવી પડતી હોય છે. પહેલાના ભાગમાં એવું નોંધવામાં આવ્યું છે કે " તેઓમાંના ઘણા ખેતમજૂર તરીકે રાખવામાં આવ્યા જ્યારે બીજા ખેરના વૃક્ષમાંથી કાથો બનાવતા, જંગલમાંથી બળતણનું લાકડું અને બીજી પેદાશો મેળવીને વેચતા હતા. તેઓ વૃક્ષો કાપીને કોલસા પણ પાડતા. આછા-પાતળા જંગલોના ટેકરાવાળા વિસ્તારમાં તેમના ખોરાક માટે જરૂરી પાડતું નહિ આથી તેઓને વારંવાર જીવન નિર્વાહમાં ટેકારુપ થવા માટે ખેતરો અને ઘરોમાં ચોરી કરવાની ફરજ પડતી. પરંતુ તેઓ ગંભીર પ્રકારની લુંટ ચલાવવાની હિંમત ધરાવતા નથી.

### પરંપરાગત વ્યવસાયો :

----------------

કાથોડાઓ સાથેના મુલાકાતમાં તેમણે જણાવ્યુ કે તેઓને આ સદીની શરુઆતમાં બોહરા જંગલ કોન્ટ્રાક્ટરો દ્વારા તેઓના કેટલાક કુટુંબોને ગુજરાતમાં લાવીને ખેરના વૃક્ષોમાંથી કાથો બનાવવા જંગલ કામદાર તરીકે રાખ્યા હતા. બોહરા કોન્ટ્રાક્ટરો મહારાષ્ટ્રમાં વસતા કાથોડાઓને તેમનું મુળ વતન છોડીને જ્યાં પુષ્કળ પ્રમાણમાં ખેરના વૃક્ષો છે એવા ડાંગ, ગણદેવી, વાસંદા અને છોટા ઉદેપુરના જંગલોમાં કામ મેળવવા માટે સમજાવી શક્યા હતા. શરુઆતમાં માત્ર પુરુષો સ્થળાંતર કરીને આવતા અને કાથાની મોસમ પુરી થતાં પોતાના મુળ વતનમાં પાછા ફરતા. પરંતુ પાછળથી જંગલ કોન્ટ્રાક્ટરોને કેટલાક સગવડો આપવાની ખાતરી આપતા તેઓ તેમના કુટુંબોને પણ લાવી લાવ્યા હતા. શરુઆતમાં તેમને ડાંગ, સાગબારા, વાસદા, છોટાઉદેપુર અને વિજયનગર તાલુકાના જંગલ વિસ્તારોમાં કામ આપવામાં આવ્યું હતું. કાથો બનાવવાની પ્રક્રિયા વિષે પહેલાના વડોદરા રાજ્યના ગેઝેટિયરમાં નીચે પ્રમાણે જણાવ્યું છે.

" કાથોડાઓ જ્યાં કાથો મેળવતા તેઓ ખેરના વૃક્ષના થડમાં નાનું કાણું પાડીને તપાસ કરી જોતાં કે તેને કાપતાં ફાયદો થશે કે નહિ. ૨૫ થી ૩૦ વર્ષ વચ્ચેના વૃક્ષો કાથો બનાવવા માટે શ્રેષ્ઠ હોય છે અને કહેવાય છે કે થડમાં નાની સફેદ લીટીઓ દ્વારા એ નક્કી થતું કે કાથો કેટલા પ્રમાણમાં મળી શકશે. તે માણસ વૃક્ષના રસવાળા લાકડાને તેમજ થડના થોડાક ભાગને લગભગ એક ચો.ઈંચના કદમાં તેના પટ્ટાઓ બનાવતા. આ પટ્ટાઓને માટીના ઘડામાં પાણી રેડી ઉકાળતા અને જ્યારે જરૂરી સમય પછી તે પાણીને બીજા ઘડામાં રેડીને ઉકળવા દેવાતું. ત્યારબાદ એક વાર્ડ લાંબા અને ૧૮ ઈંચ પહોળા ધારધાર દેખાતા લાકડામાં રેડવામાં આવતું. અને આ એક ફુટના ચાદરના કકડા વડે મચેડાને કાઢી લેતા. તે આ જમીન ઉપર બેસાને

વૃક્ષોને નુકસાન પહોંચવાને કારણે નવસારીના જંગલોમાં પછીથી કાથો બનાવવાનું બંધ કરવામાં આવ્યું હતું જ્યારે આ વૃક્ષોની સંખ્યા ઝડપથી ઘટવા લાગી ત્યારે કાથોડાઓની સ્થિતિ બદતર બની ગઈ અને તેમને તેમના સાધનોના આધારે છોડી દેવાયા. ૧૯૪૪-૪૬ ના ડાંગના વાર્ષિક વહીવટી અહેવાલમાં 'ડાંગના જંગલોમાં પુષ્કળ પ્રમાણમાં ખેરના વૃક્ષો હતા પરંતુ કાથો બનાવવાને કારણે તેમનો મોટા પાયા ઉપર નાશ કરાયો હતો. એવું નોંધાયું છે કે એક વર્ષમાં નિભાડા દીઠ રૂ.૧૦ મુજબ ૭૫ જેટલા કાથાના નિભાડા (ભઠ્ઠા)ને પરવાનો આપવામાં આવ્યો હતો પરિણામે મોટા પાયા ઉપર તે વૃક્ષોનો નાશ થયો".

હાલમાં રાજપીપળા અને વ્યારામાં કાથો બનાવવાની ફેક્ટરી ઉભી થવાને કારણે ખાનગી કાથો બનાવનારાઓએ કાથો બનાવવાનું છોડી દીધું છે. આને પરિણામે કાથો બનાવવાના કામમાં રોકાયેલા કાથોડાઓ બેકારીના ખપ્પરમાં હોમાઇ ગયા છે અને તેમને જે પણ વિસ્તારમાં જેવી પણ મજૂરી મળે તે કરવાની ફરજ પડી છે. નિયમિત આવક આપે એવા લાંબા ગાળાના કામના વિકલ્પનો અભાવ હોવાથી બધા વર્ષોમાં તેઓ વધુ વિષમ ગરીબાઇ અને ભૂખમરા સુધીની સ્થિતિમાં ધકેલાઇ ગયા.

ક્ષેત્રિય તપાસ કાર્ય દરમિયાન એ બાબત પ્રકાશમાં આવી કે કેટલાક વૃદ્ધ કાથોડાઓ કાથો બનાવવાની પદ્ધતિ વિષે જાણતા હતા પરંતુ હાલના સમયના કાથોડાઓએ આ પદ્ધતિનું જ્ઞાન ગુમાવી દીધું છે.

**કામદાર શક્તિ :**

નીચેના કોઠામાં ૧૯૬૧ ના વસ્તી ગણતરી મુજબ જાતિ પ્રમાણે કથોડી કામદારોને છુટા પાડવામાં આવ્યા છે.

કોઠા-૧૧

૧૯૬૧ ની વસ્તી ગણતરી મુજબ જાતિ પ્રમાણે કામ કરનારા લોકો

| વસ્તી | | | કામદારો | | |
|---|---|---|---|---|---|
| વ્યક્તિઓ | પુરુષ | સ્ત્રી | વ્યક્તિઓ | પુરુષ | સ્ત્રી |
| ૨૩૫૮ | ૧૧૮૩ | ૧૧૭૫ | ૧૩૬૪ | ૭૧૩ | ૬૫૧ |
| (૧૦૦.૦) | (૫૦.૧૭) | (૪૯.૮૩) | (૫૭.૮૦) | (૬૦.૨૭) | (૫૫.૪૦) |

(કૌંસમાં ટકાવારી આપવામાં આવી છે)

ઉપરના આંકડાકીય માહિતી ઉપરથી એમ જણાય છે કે કુલ ૨૩૫૮ વ્યક્તિઓમાંથી ૧૩૬૪ અથવા બીજા અર્થમાં ૫૭.૮% લોકો કામ કરનારા લોકો છે. એવું અવલોકન કરવું છે કે જ્યારે રાજ્યમાંની તમામ અનુસૂચિત જનજાતિના લોકો સાથે સરખામણી કરવામાં આવે તો કથોડીઓના ટકા થોડા વધુ જોવા મળે છે. આ કામ કરનારાઓને તેમની જાતિ પ્રમાણે છુટા પાડતાં કુલ ૧૧૮૩ પુરુષોમાંથી ૭૧૩ અથવા ૬૦.૨૭% અને કુલ ૧૧૭૫ સ્ત્રીઓમાંથી ૬૫૧ અથવા ૫૫.૪૦% કથોડીઓ કામ કરનારા હતા. કુલ વસ્તી ૨૩૫૮ ના ૧૩૬૪ કામ કરનારાઓમાંથી ૬૫૧ સ્ત્રીઓ છે. કામ કરનારાઓમાં પુરુષ સ્ત્રીનું પ્રમાણ ૯૧:૧૦૦ ના પ્રમાણમાં છે એટલે કે ૧૦૦ પુરુષ કામ કરનારાઓના પ્રમાણમાં ૯૧ કામ કરનારી સ્ત્રીઓ છે. જે એવી પુરાવો આપે છે કે ઘણી મોટી સંખ્યામાં કથોડી સ્ત્રીઓને પુરુષો સાથે કામ કરવું પડે છે. કથોડી કમાનારા લોકોમાં જાતિ પ્રમાણેની વહેંચણીની ચર્ચા કર્યા બાદ ૧૯૬૧ ની વસ્તી ગણતરીમાં જણાવેલા જુદા જુદા ધંધાઓમાં રોકાયેલા કથોડીઓ વિષે થોડો વિચાર કરવો ઉપયોગી થઇ પડશે. (જુઓ કોઠો-૧૨).

## કોઠા-૧૨

### કામ કરનારા કાથોડાઓનું ધંધાકીય વર્ગીકરણ(૧૯૮૧)

(ટકાવારી)

| ધંધાકીય વર્ગીકરણ | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ |
|---|---|---|---|---|---|---|
| કુલ વસતી | ૧૧૮૩ | ૧૧૭૫ | ૨૩૫૮ | ૪૭.૪૨ | ૫૨.૫૮ | ૧૦૦.૦ |
| કુલ કામ કરનારા | ૭૧૩ | ૬૫૧ | ૧૩૬૪ | ૬૦.૨૭ | ૫૫.૪૦ | ૫૭.૮૫ |
| ૧.ખેતી કરનારા | ૧૩૫ | ૧૫૨ | ૨૮૭ | ૧૮.૯ | ૨૩.૪ | ૨૧.૦૫ |
| ૨.ખેતમજૂરી કરનારા | ૩૪૧ | ૩૫૧ | ૬૯૨ | ૪૭.૯ | ૫૩.૯ | ૫૦.૭૩ |
| ૩.ખાણ,ક્વોરી,પશુપાલન,જંગલકામ, પ્લાન્ટેશન અને સંબંધિત પ્રવૃત્તિઓ | ૧૭૫ | ૧૦૬ | ૨૮૧ | ૨૪.૫ | ૧૭.૮ | ૨૧.૩૩ |
| ૪.ગૃહઉદ્યોગોમાં | ૩૨ | ૬ | ૩૮ | ૪.૫ | ૦૦.૯ | ૨.૭૯ |
| ૫.ગૃહઉદ્યોગ સિવાયના ઉત્પાદનમાં | -- | -- | -- | -- | -- | ------- |
| ૬. બાંધકામ | ૧૭ | ૧૯ | ૩૬ | ૨.૪ | ૨.૯ | ૨.૬૪ |
| ૭.વેપારવાણિજ્યમાં | ૧ | -- | ૧ | ૦૦.૧ | ---- | ૦૦.૦૭ |
| ૮.પરિવહન, સંગ્રહ અને સંદેશાવ્યવહાર અને અન્ય સેવાઓ. | ૧૨ | ૭ | ૧૯ | ૧.૭ | ૧.૧ | ૧.૩૯ |

કોઠા-૧૪ ઉપરથી જોઇ શકાય છે કે, સૌથી મો-ટા પ્રમાણમાં અથવા તો સારા એવા સંખ્યા-પ્રમાણમાં(૭૨.૭%) ખેત મજૂરી અને જંગલ મજૂરીના કામમાં રોકાયેલા છે.(૨૧.૩૩% જંગલ અને સંબંધિત પ્રવૃત્તિઓમાં અને ૫૦.૭૩% ખેતમજૂરી તરીકે) સંખ્યાબળના પ્રમાણમાં બીજો ક્રમ ખેતી કરનારાઓનો છે. જેમાં ૨૧.૦૫% લોકો રોકાયેલા છે. કાથોડાઓ અન્ય ચાર પ્રકારના ધંધાઓમાં પણ રોકાયેલા છે જો કે પરંતુ ઉપર જણાવેલા પ્રકારની સરખામણીમાં તેમની સંખ્યા ખાસ નથી. અહિંયા એ મુદ્દા ઉપર ભાર મૂકવી જરૂરી છે કે સૌથી મોટા પ્રમાણમાં પુરુષો અને સ્ત્રીઓ ખેત-મજૂરીના કામમાં રોકાયેલા છે પરંતુ ખેતી કરનારા અને ખેત મજૂરી કરતી સ્ત્રીઓના ટકાવારી પુરુષોના સરખામણીમાં ઓછી છે.

### કામ કરનારી વસતિ :

સર્વેક્ષણ થયેલા કુટુંબોમાં કામ કરતા લોકોનું ઉંમર પ્રમાણે વર્ગીકરણ કોઠા-૧૩ માં આપવામાં આવ્યું છે.

**કોઠો-૧૩ ઉંમર પ્રમાણે કામ કરનારા લોકો**

| ક્રમ | વય-જૂથ | જાતિ પુરુષ | સ્ત્રી | કુલ | કુલ સંખ્યાની ટકાવારી |
|---|---|---|---|---|---|
| (૧) | ૧-૧૪ | ૭૨(૨૧.૮) | ૫૪(૧૮.૭) | ૧૨૬ | ૨૦.૩ |
| (૨) | ૧૫-૩૪ | ૧૫૪(૪૬.૫) | ૧૫૨(૫૨.૨) | ૩૦૬ | ૪૯.૪ |
| (૩) | ૩૫-૫૯ | ૯૮(૨૯.૬) | ૭૮(૨૬.૯) | ૧૭૬ | ૨૮.૪ |
| (૪) | ૬૦ થી વધુ | ૭(૨.૧) | ૫(૧.૮) | ૧૨ | ૧.૯ |
| | કુલ | ૩૩૧(૧૦૦.૦) | ૨૮૯(૧૦૦.૦) | ૬૨૦ | ૧૦૦.૦૦ |

આ મુજબ કુલ ૯૪૨ વ્યક્તિઓમાંથી ૬૨૦ વ્યક્તિઓ કેટલાક આર્થિક પ્રવૃત્તિઓમાં રોકાયેલા હતા અથવા બીજા શબ્દોમાં કુલ ૧૦૦ વ્યક્તિઓમાં ૬૦ વ્યક્તિઓ જુદા જુદા પ્રકારની આર્થિક પ્રવૃત્તિઓમાં રોકાયેલા હતા. આમાંના ૩૩૧ અથવા ૫૩.૪% પુરુષો હતા જ્યારે ૨૮૯ અથવા તો ૪૬.૬% સ્ત્રીઓ હતી. કામ કરનારાઓમાં સ્ત્રીઓનું અને પુરુષોના પ્રમાણ ૮૭:૧૦૦ હતું એટલે કે ૧૦૦ પુરુષ કામ કરનારાઓના પ્રમાણમાં ૮૭ સ્ત્રીઓ કામ કરનારી હતી. કેટલાક વયજૂથમાં કામ કરનારા લોકોની ટકાવારી ૯૯% જેટલી ઉંચી રહી હતી.

**મજૂરીનું વિભાજન :**

ખેતી અને જંગલ એમ બન્ને કામોના ક્ષેત્રમાં પુરુષો અને સ્ત્રીઓ આર્થિક પ્રવૃત્તિઓમાં સરખા ભાગીદારો છે. સ્ત્રીઓ જંગલ જીવનના બધા જ ભાગોથી સંપૂર્ણરીતે પરિચિત છે અને જંગલમાં તેમના ઘરવાળાઓને મદદ કરે છે. જંગલ મજૂરીમાં સ્ત્રીઓ કરતાં પુરુષો અગત્યનો ભાગ ભજવે છે. તે વાંસ કાપીને તેના બન્ને છેડાની જરૂરી રીતે કાપીને સરખા કરી ભારો બાંધે છે. તેની પત્ની આ વાંસના ભારાને ટેકરી ઉપરથી નીચે સુધી ઉંચકી લાવવામાં મદદ કરે છે. પત્ની ઘરકામની સંભાળ રાખે છે. બાળકોની સંભાળ રાખે છે. ખાવાનું રાંધે છે. અને ગામની દુકાનમાંથી ખોરાક માટેની જરૂરી સામગ્રી પણ ખરીદે છે. સ્ત્રીઓ અને બાળકો જંગલમાંથી વિવિધ વસ્તુઓ ભેગી કરી લાવીને તેને સાફ કરીને વેચવા કરીને રાખે છે જેથી સારા દામ ઉપજી શકે.

**આર્થિક જીવન :**

સાબરકાંઠા જિલ્લાનો વિજયનગર તાલુકો, અને ડાંગ જિલ્લો આમ આ બે વિસ્તારો કે જ્યાં કથુડા લોકો વસે છે ત્યાં આર્થિક જીવનના અનુસંધાનમાં વિસ્તારપૂર્વકનો અભ્યાસ હાથ ધરાયો હતો. અગાઉથી તૈયાર કરેલ પ્રશ્નાવલીના આધારે કુટુંબોની મુલાકાત લીધી હતી અને તે દ્વારા તેમની વર્તમાન સામાજિક આર્થિક પરિસ્થિતિના પરિવર્તનશીલ પાસાઓ વિષે માહિતી મેળવાઇ હતી. આવા

કુટુંબોને ૧૯૭૪-૭૫ ના ખેતી વર્ષના આધારે જરૂરી માહિતી આપવાનું કહેવામાં આવ્યું હતું.

કાથોડાઓમાં એક પણ મોટો જમીનદાર નથી. સરાસરી કુટુંબ પાસે બે એકરથી થોડા જમીનના માલિકો ધરાવે છે. હકીકતમાં તો સર્વેક્ષણના કુટુંબોમાં માત્ર છ કુટુંબો જ પાંચ કરતાં વધુ જમીનના માલિકો ધરાવતા હતા. કોઠા-૧૪ માં ધરાવનાર જુથ દ્વારા ચાલુ ધારણ કરેલી જમીનના વહેંચણી વિષે બતાવવામાં આવ્યું છે.

કોઠો-૧૪

ધરાવનાર-જુથ દ્વારા કુટુંબનો ચાલુ ધારણ કરેલી જમીનના વહેંચણી

| ધરાવનારજુથ | કુટુંબોની સંખ્યા | કુલકુટુંબોના ટકાવારી | જમીનના માલિકો (એકર માં) | ધારણ કરેલી જમીનના ટકાવારી | કુટુંબદીઠ માલિકોની જમીન |
|---|---|---|---|---|---|
| જમીન વિહોણા | ૪૨ | ૪૬.૬ | --- | --- | ----- |
| ૦૦-૦૧-૨.૫ | ૧૯ | ૨૧.૧ | ૨૭.૩૫ | ૧૮.૭ | ૦૧.૧૩ |
| ૦૨-૫૧-૫ | ૨૩ | ૨૫.૫ | ૮૩.૧૭ | ૫૬.૮ | ૩.૨૫ |
| ૫ થી વધુ | ૬ | ૬.૮ | ૩૫.૨૭ | ૨૪.૫ | ૫.૩૮ |
| કુલ | ૯૦ | ૧૦૦.૦૦ | ૧૪૬.૩૯ | ૧૦૦.૦૦ | ૩.૦૨ |

ઉપરના કોઠામાં બતાવેલા આંકડા પ્રમાણે લગભગ ૫૦% કુટુંબો જમીન વિહોણા હતા. જમીન ધરાવનાર કુટુંબોના ૨૧% કુટુંબોએ કુલ જમીનના ૧૯% જમીન, ૨૬% કુટુંબો ૫૭% જમીન અને ૭% કુટુંબો કુલ જમીનના ૧/૪ ભાગ જમીન ધરાવતા હતા. એ નોંધવું ઘણું રસપ્રદ થઇ પડશે કે વિજયનગર તાલુકાના જમીન ધરાવતા કુટુંબોએ ભૂમિદાન દ્વારા જમીન મેળવી હતી જ્યારે બીજા જિલ્લાના કુટુંબોએ તેમની જમીન તેમના પૂર્વજો પાસેથી મેળવી હતી. માત્ર ૬ કુટુંબો જ એવા છે જેમના પાસે પાંચ એકરથી વધુ જમીન હતી. સૌથી વધુ પ્રમાણમાં જમીનના કદમાં ૧૬.૨૧ એકર નોંધાયેલા છે. જ્યારે સૌથી ઓછી જમીન ૦.૨૪ એકર નોંધાઇ હતી. આ ૪૮ કુટુંબોએ ધારણ કરેલી જમીનનું સરાસરી પ્રમાણ ૩.૦૨ એકર છે. એ દેખાડું છે કે એક પણ કાથોડા કુટુંબ પાસે પુરતી જમીન નથી કે જે માત્ર ખેતી પેદાશ દ્વારા જ તેના કુટુંબનું ભરણપોષણ કરી શકે. આથી જ પહેલાં જણાવ્યા પ્રમાણે કાથોડાઓ તેમની ખેતીની આવકમાં અન્ય ધંધાઓ જેમ કે જંગલ મજુરી, ખેતમજુરી, લાકડાના કોલસા પાડવા સ્થપૂર્ણ ટક ધંધા કરીને પુરક આવક ઉભી કરે છે.

ખેતી :

અભ્યાસ હેઠળના તમામ ૨૨ ગામોમાં જમીન ખડકાળ અને માત્ર જમીનના પાતળા પડવાળી હોવાનું નોંધાયું હતું. આથી તેમને માટે ખેતી કરવી એ ઘણું કઠીન કામ હતું. સિંચાઈની સગવડોનું પ્રમાણ પણ નગણ્ય જેવું જ નથી અને જમીન ખેતી માટે સાનુકૂળ નથી. એટલે કે આશ્ચર્યકારક નથી કે ખેતીનું પ્રમાણ ઘણું જ ઓછું છે. સિંચાઈના સગવડના અભાવમાં ખેતીનો આધાર માત્ર વરસાદ ઉપર હોવાથી મોટાભાગની જમીનમાં વરસાદના દિવસોમાં માત્ર ખરીફ મોસમની પાક લેવામાં આવે છે. કાથોડાઓ સામાન્ય રીતે હલકા પ્રકારના નાગલી, કોદરા, અને બંટી જેવા ધાન્યોની ખેતી કરે છે. મકાઈ અને જુવારની ખેતી થોડા પ્રમાણમાં માંગરોળ અને સાગબારા તાલુકામાં અને વિજય-નગર તાલુકાના કેટલાક ભાગમાં કરવામાં આવે છે. ડાંગર અને મગફળી જેવા જાડા ધાન્યો ફક્ત જિલ્લામાં અને તુવર, અડદ, જેવા કઠોળને સાથે જ અથવા તો અલગ રીતે ઉગાડવામાં આવે છે. મોટાભાગના કાથોડા કુટુંબો રવી મોસમની ખેતી કરતા નથી. અને થોડા કુટુંબો જેઓ રવી મોસમના પાકની ખેતી કરે છે તેમનું ઉત્પાદન હલકા પ્રકારની બિન ફળદ્રુપ જમીન અને ખેતી કરવાની જરી પુરાણી પદ્ધતિઓના ઉપયોગને કારણે ઘણું જ ઓછું આવે છે. જમીન માત્ર બળદ મારફતે જ ખેડવામાં આવે છે. પરંતુ ખેડાણ પણ જરૂરી રીતે થતું નથી. બળદોને જરૂરી અને પુરતા પ્રમાણમાં પૌષ્ટિક ખોરાક ન મળવાને કારણે નબળા હોય છે. ખેડાણ કર્યા બાદ તેઓ નાગલી, જુવાર, બંટી મકાઈ વગેરેને જમીનમાં વેરણછેરણ કરે છે. તેઓ ખેતીની શરૂઆત કર્યા પહેલાં જમીન બરાબર સાફ કરતા નથી તેમજ જ્યાં સુધી લણણીની મોસમ ન આવે ત્યાં સુધી ઉગી નીકળેલા અન્યનું નિંદામણ પણ કરતા નથી. જમીન ધરાવતા ૪૮ કુટુંબોમાંથી ૧૯ કુટુંબો પાસે બળદ છે, ૧૧ કુટુંબો પાસે બળદની જોડ છે જ્યારે ૭ કુટુંબો પાસે માત્ર એક જ બળદ છે. જેમની પાસે માત્ર એક જ બળદ છે એવા લોકો તેમના મિત્રો અને સગાઓની સહકાર મેળવીને તાત્પુરતા સમય માટે બીજો બળદ મેળવે છે. આવી રીતે ઉછીનું લાવવામાં તેમને મુશ્કેલી નડતી નથી. જેમની પાસે બળદ નથી એવા કુટુંબો બિન કાથોડા ખેડૂત સાથીદારો પાસેથી અથવા તો ગામમાં રહેતા બીજા આદિવાસી કુટુંબો પાસેથી ભાડે બળદ મેળવે છે. બળદની એક જોડ દિવસના રૂ.૭ ના ભાડે મળે છે. એવું જોવામાં આવ્યું છે કે જેમના પાસે બળદ નથી અથવા ખેડતા નથી તેઓ            ની મદદ વડે જાતે જ તૈયાર કરતા હોય છે. ખેતીના કામમાં તેમના પત્નીઓ અને બાળકો મદદ કરતા હોય છે.

કાથોડા સામાન્ય રીતે ખાતરનો ઉપયોગ કરતા નથી પરંતુ જેમની પાસે પશુઓ છે તેઓ તેમના છાણનો ઉપયોગ ખાતર તરીકે કરે છે. જો કે તેમાંના

ઘણાં થોડા રાસાયણિક ખાતરના ઉપયોગ વિષે જાણતા હતા પરંતુ કોઈપણ તેનો ઉપયોગ કરતા હોય એવું નોંધાયું નથી. એવું દેખાય છે કે રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓ ખરીદવા એ તેમની મર્યાદા બહારની વાત છે.

કાથોડા હજુ પણ દેશી બિયારણનો ઉપયોગ કરે છે. કોઈએ પણ હાઈ બ્રીડ મકાઈ અને જુવાર જેવા બિયારણની સુધારેલી જાતો અપનાવી હોય એવું નોંધાયું નથી. સુધારેલા બિયારણનો ઉપયોગ નહિ કરવાનું એક કારણ એ પણ છે કે આ બિયારણ ગામની સહકારી મંડળીમાંથી રોકડેથી ખરીદવું તેમના ગજામાં નથી. તપાસ હેઠળના ગામમાં સિંચાઈની સગવડો મળતી નથી. આ સગવડો ન હોવાથી એકરદીઠ ઉત્પાદન ઘણું નીચું હોય છે. જો કે આ લોકો ખેતીના વ્યવસાયને માધ્યમિક વ્યવસાય તરીકે છે. તેઓને ઘણી જ થોડી આવક ખેતીમાંથી મળે છે એટલે ખેતી સુધારણામાં તેમને ઘણો જ થોડો રસ છે.

**પશુપાલન :**

કેટલાક કાથોડાઓ ગાય, બકરાં અને ઘેટાં રાખે છે. કુલ ૯૯ કુટુંબો-માંથી ૫૨ કુટુંબો આવા પશુઓ રાખતા હતા. મોજણી તપાસ દરમ્યાન, પશુ અને મરઘાંની વસ્તી ગણતરી હાથ ધરાઈ હતી. અને એવું જાણવા મળ્યું કે બધા મળીને પશુઓની સંખ્યા ૧૫૯ ની હતી. કોઠા-૧૫ ઉપરથી એવું જણાય છે કે દરેક કુટુંબમાં સરાસરી ૩ છે જેમાં મરઘાંના બચ્ચાંનો પણ સમાવેશ થાય છે.

કોઠા-૧૫ ના આંકડા એવું બહાર લાવે છે કે ૧૯ કુટુંબો પાસે ૩૩ બળદો હતા, ૧૭ કુટુંબો પાસે ૪૬ ગાયો અને બકરાં હતાં અને ૧૬ કુટુંબો પાસે ૮૦ મરઘાંના બચ્ચા હતા. જો કે કાથોડાઓ પાસે આવા દુધાળા ઢોર અને મરઘાં હોવા છતાં પણ આ સાધન દ્વારા તેઓ કોઈ આવક મેળવતા નથી અને માત્ર અનિવાર્ય જરૂરિયાતના સમયમાં કેટલાક મરઘાં અથવા તો બકરા વેચતા અને તેમના રોકડ નાણાંની જરૂરિયાત સંતોષતા. ગાયો રાખવા પાછળનો હેતુ માત્ર બળદ મેળવવાનો જ છે.

(કોઠો-૧૫ આગળ છે)

કોઠો-૧૫ : પશુ અને મરઘાં ધરાવતાં જૂથનો માલિકો

| જમીન ધરાવનાર જૂથ (એકરમાં) | બળદ ધરાવતા કુટુંબો | | ગાયો અને બકરાં ધરાવતા કુટુંબો | | મરઘાં ધરાવતા કુટુંબો | | કુલ કુટુંબો | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| | કુટુંબો | સંખ્યા | કુટુંબો | સંખ્યા | કુટુંબો | સંખ્યા | | |
| જમીન વિહોણા | ૧ (૫.૩) | ૨ (૬.૬) | ૨ (૧૧.૮) | ૨ (૪.૩) | ૫ (૩૧.૩) | ૨૪ (૩૦.૦) | ૮ (૧૫.૪) | ૨૮ (૧૭.૬) |
| ૦૦-૧થી ૨.૫ | ૪ (૨૧.૧) | ૭ (૨૧.૨) | ૨ (૧૧.૮) | ૩ (૬.૫) | ૧ (૬.૧) | ૨ (૨.૬) | ૭ (૧૩.૪) | ૧૨ (૭.૫) |
| ૨.૫થી ૫.૦ | ૮ (૪૨.૧) | ૧૫ (૪૫.૪) | ૮ (૪૭.૧) | ૨૨ (૪૭.૮) | ૫ (૩૧.૩) | ૨૫ (૩૧.૩) | ૨૧ (૪૦.૪) | ૬૨ (૩૮.૯) |
| ૫ થી વધુ | ૬ (૩૧.૪) | ૯ (૨૬.૮) | ૫ (૨૯.૩) | ૧૯ (૪૧.૪) | ૫ (૩૧.૩) | ૨૯ (૩૬.૨) | ૧૬ (૩૦.૮) | ૫૭ (૩૬.૦) |
| કુલ | ૧૯ (૧૦૦.) | ૩૩ (૧૦૦.૦) | ૧૭ (૧૦૦) | ૪૬ (૧૦૦) | ૧૬ (૧૦૦.૦) | ૮૦ (૧૦૦.) | ૫૨ (૧૦૦.) | ૧૫૯ (૧૦૦.૦) |

(કૌંસમાં બતાવેલા આંકડા ટકાવારી સૂચવે છે)

### જંગલ અર્થતંત્ર :

પહેલાં જણાવ્યા પ્રમાણે કથોડીઓ મોટાભાગે ખેતમજૂરી ઉપર જીવે છે. આમ જ સંભાળપૂર્વક કહી શકાય કે તેઓને પ્રાથમિક વ્યવસાય ખેતમજૂરીનો છે. તેઓ જંગલમાં જ્યાં વૃક્ષો કપાય છે અથવા અન્ય પ્રક્રિયા ચાલે છે ત્યાં મજૂરી મેળવે છે.

તેઓને નવેમ્બરથી ફેબ્રુઆરીના ચાર માસ માટે મજૂરી મળી રહેતી હોય છે. જંગલ કામદાર સહકારી મંડળી સરકાર પાસેથી ઘાસ કાપવા અને કોલસા પાડવા માટે ભાડા પટ્ટેથી જગ્યા મેળવે છે અને આદિવાસી મજૂરોને મજૂરી આપે છે. કથોડીઓ વ્યારા, સોનગઢ, માંગરોલ, ગણદેવી તાલુકાના જંગલ કામદાર સહકારી મંડળીઓમાં કામ મેળવી શકે છે. જંગલ મજૂરોમાં વાંસ અને અન્ય ઇમારતી લાકડા કાપવા અને ભારો બાંધી લાવવા, કોલસા પાડવા અને વાંસને બાંધવા આમ જંગલ મજૂરી ત્રણ પ્રકારની હોય છે :

૧. વાંસ કાપવા,

૨. વૃક્ષો કાપવા, અને

૩. કોલસા પાડવા.

#### (૧) વાંસ કાપવા :

વાંસને મૂળમાંથી કાપ્યા બાદ તેના બન્ને છેડા સરખા કરાય છે અને તેની ભારી બાંધવામાં આવે છે. મોટા ભાગના કથોડી કુટુંબો આ કામ પૂરું થાય ત્યાં સુધી કામના સ્થળ ઉપર જ રહેલા હોય છે અને જંગલના અંદરના

બાગમાં જરૂરતું ઝુંપડું બનાવે છે. આ કામમાં પત્ની અને બાળકો પણ મદદ કરતાં હોય છે. જંગલ મજૂરી દ્વારા વ્યક્તિદીઠ માસિક સરાસરી રૂપિયા ૧૨૦ થી ૧૨૫ જેટલી આવક મેળવી શકાય છે. આમ આવકનો આધાર કુટુંબના સભ્યોની સંખ્યા ઉપર આધારિત છે. કાથોડીઓ જંગલમાં મજૂરીના કોન્ટ્રાક્ટરના પાસે કામ કરે છે એટલે એમ કહી શકાય કે જો તેઓ વધુ શ્રમ કરે તો વધુ આવક મેળવી શકે. તેઓ આખો દિવસ કામ કરવા માટે બંધાયેલા નથી. ચૂકવણી દર ૧૦૦ વાંસ પ્રમાણે અને વાંસના કદ પ્રમાણે ચૂકવવામાં આવે છે. જો કાથોડી ૨૦-૨૫ ફુટના વાંસ ૧૦૦ કાપે તો તેને રૂ.૩૦ ૧૫ થી ૨૦ ફુટના ૧૦૦ વાંસ કાપે તેને રૂ.૨૦ અને ૧૫ ફુટની નીચેના ૧૦૦ વાંસ કાપે તો રૂ.૧૫ મળે છે. આ ભાવો જંગલ કામદાર સહકારી મંડળી દ્વારા ઠરાવવામાં આવ્યા છે. વાંસ કાપવાના કામમાં રોકાયેલા માણસ સવારે ૭ થી બપોરના ૧ અને ફરીથી બપોરના ૨ થી સાંજના ૬ વાગ્યા સુધી કામ કરે છે. વ્યક્તિદીઠ દિવસના વાંસ કાપવાની સંખ્યા ગમે તે કદના ૪૦ થી ૫૦ ની છે. આમ એક કાથોડી વ્યક્તિ દિવસના રૂ.૬ એટલે મહિનાના સરાસરી ૨૦ દિવસ મુજબ રૂ.૧૨૦ ની આવક મેળવી શકે છે. તેમની આવક કોલસા પાડવાના કામમાં રોકાયેલા લોકો કરતાં વધુ હોય છે.

(૨) <u>વૃક્ષો કાપવા :</u>

કાથોડીઓ જુદી જુદી જાતના વૃક્ષો કાપવા અને તેને સરખા કરવાના કામમાં પણ રોકાયેલા છે. લાકડું સરખું કરવાનો ભાવ મીટર પ્રમાણે નક્કી કરવામાં આવ્યો છે. લાકડાની જાત પ્રમાણે જુદા જુદા ભાવ હોય છે. જો કાથોડી એક મીટર સીસમનું લાકડું સરખું કરે તો તેને રૂ.૨૪.૫૦ ન.પૈ.મળે છે અને એક મીટર ઇમારતી લાકડું સરખું કરવાના રૂ.૧૯.૯૫ન.પૈ. મળે છે જ્યારે સાગના વૃક્ષનું એક મીટર લાકડું સરખું કરવાના માત્ર રૂપિયા ૭.૯૫ ન.પૈ.મળે છે. તેમણે આપેલી માહિતીના આધારે એક વ્યક્તિ એક મદદગાર સાથે એક મીટર સીસમનું અથવા તો ઇમારતી લાકડું બે દિવસમાં સરખું કરી શકે. આમ સામાન્ય રીતે એક વ્યક્તિ દિવસના રૂ. ૬ કમાય છે જ્યારે સાગના વૃક્ષનું એક મીટર લાકડું એક દિવસમાં જ સરખું કરી શકાય છે. આમ તે દિવસના રૂ.૮ મેળવે છે. આ પ્રમાણે એક વ્યક્તિ, મદદગાર સાથે રૂ.૨૦૦, એક વ્યક્તિ બે મદદગાર સાથે રૂ.૩૫૦ અને બે વ્યક્તિઓ બે મદદગારો સાથે રૂ.૫૦૦ દર મહિને કમાય છે પરંતુ આ પ્રકારનું કામ નિયમિત રીતે મળતું રહેતું નથી.

(૩) કોલસા પાડવા :

ક્ષેત્ર કાર્ય દરમિયાન એવું જાણવા મળ્યું હતું કે ૫ કુટુંબો કોલસા પાડવાના વ્યવસાયમાં રોકાયેલા છે. કાથોડીઓ કોલસા પાડવાના કામમાં નિષ્ણાત ગણાય છે. કોલસા પાડવાનું કામ માત્ર બે કે ત્રણ મહિના સુધી ચાલતું હોવાથી તેઓને આ કામ નિયમિત રીતે મળતું નથી. કોલસા પાડવા માટે સમગ્ર કુટુંબે કામના સ્થળે તંબુની વસવાટ કરવો પડે છે. કાથોડી કુટુંબ જ્યાં કામ પૂરું થાય ત્યાં સુધી રોકાય છે. કોલસો પાડવાના કામમાં રોકાયેલા લોકો ત્રણ મહિનાના ગાળામાં રૂ.૩૦૦ થી ૫૦૦ કમાઈ લઈ છે. કોલસા પાડવાની પદ્ધતિ તેમના જણાવ્યા પ્રમાણે નીચે મુજબ છે :

સામાન્ય રીતે લણણી પછી વૃક્ષો પાડી નાખવામાં આવે છે અને તેમાંથી ૩' થી ૪' ના ટૂકડા પ્રમાણે તેને કાપી નાખીને તેની ઢગલી કરવામાં આવે છે. આ ઢગલી મોટી કે નાની પણ હોય છે. કોલસા પાડવાનું ખરેખરનું કામ તો વૃક્ષો કાપવાના મહિના દોઢ મહિના પછીથી શરૂ થાય છે. નજીકથી બાળવાની પદ્ધતિથી કોલસો બનાવવામાં આવે છે. પહેલા જમીન ઉપર ત્રણ મોટા પથ્થર એકબીજાને અડીને રહે એ પ્રમાણે ગોઠવવામાં આવે છે અને ચૂલાની જેમ એક બાજુ ઉઘાડી રાખવામાં આવે છે. ત્યારપછી કાપેલા ટૂકડાઓને નિભાડામાં ઊભી રીતે સહજ ત્રાંસા પ્રમાણે ગોઠવવામાં આવે છે અને તેને સળગાવી શકાય એ રીતે બારી રાખવામાં આવે છે. ત્યારબાદ આ લાકડાના ટૂકડાઓ ઉપર અને બધી બાજુએ સિવાય કે નીચેના ભાગમાં, સુકું ઘાસ પાથરવામાં આવે છે.

ત્યાર પછી સૂકી માટીના પાતળા પડ મથાળે અને બાજુઓમાં વિખેરવા લાગશે. ત્યારબાદ વાંસ સાથે બાંધેલી પટ્ટીઓને સળગાવીને નિભાડામાં મૂકવામાં આવે છે. ત્યારપછી જ્યારે એમ લાગે કે લાકડાના ટૂકડા સળગવા લાગ્યા છે ત્યારે સળગતો વાંસ પાછો ખેંચી કાઢવામાં આવે છે અને તે જગ્યાએ લાકડાના ટૂકડા અને ઘાસ મૂકવામાં આવે છે. ત્યારપછી અઠવાડિયા કે પખવાડિયા સુધી તેને સળગતી રાખવામાં આવે છે. આ સમય દરમિયાન તેની ઉપર ચાંપતી નજર રાખવામાં આવે છે કે તેમાં હવા ન પેસી જાય એટલે તો બાકોરા બંધ કરી દેવાય છે એટલે ધુમાડો ન આવે. ત્યારપછી સળગતા કોલસા ઉપર પાણી છાંટવામાં આવે છે. ત્યારપછી નિભાડો ખુલ્લો કરી નખાય છે અને રેકની મદદથી આ કોલસો ભેગો કરી લેવામાં

આવે છે. ત્યારબાદ કંતાનના થેલામાં ભરીને બજાર માટે તૈયાર કરવામાં આવે છે.

**જંગલ પેદાશો :**

કાથોડા કુટુંબોમાં આવક મેળવવાનું બીજું સાધન જંગલ ગૌણ પેદાશો એકઠી કરવી અને વેચવી તે છે. આ તેમને બે રીતે ટેકારૂપ બને છે. પ્રથમ તો આ દ્વારા તેઓ રોકડ આવક મેળવી શકે છે. ઉપરાંત ખાદ્ય-પાન અને જંગલી ફળો એકઠા કરે છે જે તેમના પૂરક આહારની ગરજ સારે છે. કાથોડાઓ જંગલમાંથી ગુંદર, મધ, કરંજિયા, મહુડા, સફેદ મુસળી વગેરે લઈને તેઓ ગામના વેપારીને ત્યાં અથવા તો નજીકના બજારમાં વેચે છે. ગુંદર એક કિ.ગ્રા.ના રૂ.૩, મધ એક કિ.ગ્રા.ના રૂ.૫, કરંજિયા એક કિ.ગ્રા.ના ૦.૭૫ પૈસા અને સફેદ મુસળી એક કિ.ગ્રા.ના રૂ.૪ લેખે વેચાય છે. જુવાન સ્ત્રી પુરુષો અને ઘણીવાર મોટી ઉંમરના લોકો પણ સવારથી જ જંગલમાં આ પેદાશો એકઠી કરવા નીકળી પડે છે. અને સાંજે પાછા આવે છે. કોઈકવાર તેઓ રોકડથી વેચે છે અથવા તો અનાજ અને અન્ય જરૂરિયાતના બદલામાં તે ગૌણ પેદાશ આપે છે. તેઓ તેન્દુના પાન પણ એકઠા કરે છે જે બીડી વાળવાના ઉપયોગમાં લેવાય છે. માંગરોળ તાલુકાના વડપાડા ગામમાં બીડીનો કોન્ટ્રાકટર ૧૦૦ તેન્દુ પાનના બંડલના રૂ.૨ ચૂકવતો. તેન્દુના પાન તોડવાની શરૂઆત મે માસથી શરૂ થઈને ચોમાસામાં આગમન સુધી ચાલુ રહે છે. વરસાદની મોસમમાં તેઓ કડવા કાંદાનો ઉપયોગ કરે છે તેમજ તાડના ઝાડનો મધ્ય ભાગનો પણ ખોરાક તરીકે ઉપયોગમાં લેવાય છે. મોટાભાગની અન્ય આદિવાસી જાતિઓની જેમ જ કાથોડાઓ પણ માંસાહારી હોય છે. જંગલમાં તેમને સસલું, વાંદરા, હરણ જંગલી કુકડા અને અન્ય પક્ષીઓ વગેરેનો શિકાર કરવાની અને તેને ખાવાની તક મળતી હોય છે. જંગલના નાશ અને જંગલ સંરક્ષણને કારણે આ હવે મુશ્કેલ બન્યું છે. જંગલ તેમના મકાનની દિવાલના ટેકા માટે અને ઉપરનું છાપરું ઢાંકવા માટે ઘાસ, કરવી અને તાડના વૃક્ષના પાન વગેરે આપે છે. કાથોડાઓ જંગલમાંથી બળતણના લાકડાની ભારી બાંધીને પણ લાવે છે. માથા ઉપર ઊંચકી શકાય એટલી લાકડાની ભારી સ્થાનિક વેપારીને ૦.૭૫ ન.પૈ.ની કિંમતે વેચવામાં આવે છે. જંગલમાંથી ઘરના ઉપયોગ સિવાય વધારાનું લાકડું લાવવાનું કે ગેરકાયદેસર હોવાને કારણે તેઓ લાકડા વેચવાનું કામ છાનુંછપનું કરે છે.

ખેતમજૂરી :

પહેલાં જણાવ્યા પ્રમાણે કામ કરતા કથોડી પુરુષોનો મોટોભાગ ખેતમજૂરોના કામમાં રોકાયેલો છે. ખેતમજૂરી બે પ્રકારની હોય છે(૧) રોજ પ્રમાણેની મજૂરી અને(૨) રખેવાડુ કરતા ખેતમજૂરો(જેમાં આવા મજૂરો કાયમ માટે એક ખેડૂતના ખેતોમાં કામ કરતા હોય છે અને તેમને ખાવા પીવા અને થોડા કપડા ઉપરાંત વાર્ષિક થોડી રોકડ રકમ આપવામાં આવે છે). તેઓ સામાન્ય રીતે ખેતીની કેટલીક પ્રવૃત્તિઓ જેવી કે રોપણી કાપણી વગેરે અને તેમને રોકડ અથવા તો વસ્તુના રૂપમાં ચુકવણી કરવામાં આવે છે. મજૂરીના ઠરાવેલા દરમાં દરેક પુખ્ત પુરુષને દિવસના રૂા.૧.૫૦ થી રૂા.૨ આપવામાં આવે છે જ્યારે સ્ત્રીને રૂા.૧ થી રૂા.૧.૨૫ આપવામાં આવે છે જ્યારે છોકરાને દિવસનો રૂા. એક અથવા તો .૭૫ પૈસા ઊભી ચુકવવામાં આવે છે. તેઓને લગભગ ૯ કલાક કામ કરવું પડતું હોય છે પરંતુ કથોડીઓએ જણાવ્યા પ્રમાણે હવેથી ખેડૂતો વસ્તુના સ્વરૂપમાં ચુકવણી કરતા નથી કારણ કે અનાજના ભાવ રોજબરોજ વધતા રહે છે. ખેતમજૂરીનું કામ ફક્ત મોસમી હોવાથી ખેતમજૂરો માત્ર ખરીફ મોસમના સમય દરમિયાન જ મળતો હોય છે.

વિજયનગર તાલુકામાં મોટભાગની જુવાન સ્ત્રીઓ 'કંપાસ' અથવા તો હુરુવણી કામ કરતી જોવા મળી હતી.૪ કથોડી સ્ત્રીઓની મજૂરી કેટલીકવાર કેટલાક સામાજિક પ્રશ્નો ઊભા કરતી હોય છે. કેટલાક સિદ્ધાંતહીન માલિકો જંગલ કોન્ટ્રાકટરો અને તેમના મળતિયાઓ આ આર્થિક રીતે કચડાયેલા આદિવાસીઓનો ગેરલાભ ઉઠાવે છે પરિણામે જુવાન કથોડી સ્ત્રીઓ સાથે શારીરિક સુખ ભોગવવાનું અસામાન્ય નથી. ૭ વ્યક્તિઓ કાયમી ખેત-મજૂરી અથવા તો રખવાળું કરવાના કામમાં રોકાયેલા હતા. તેમાં એક ડાંગ જિલ્લામાંથી અને સાગબારા, માંગરોળ અને વિજયનગર તાલુકામાંથી તાલુકા દીઠ ૨ વ્યક્તિઓ પ્રમાણે. આ પદ્ધતિમાં આવું કામ કરવા ઇચ્છા ધરાવનાર જમીન માલિક સાથે એક વર્ષ સુધી કામ કરવાનો કરાર કરે છે અને આવા રખેવાળું કરનારને વાર્ષિક રૂા.૧૦૦ તેમજ દિવસનું બે ટંક ખાવાનું અને બાંડીઓ જમીનદાર તરફથી આપવામાં આવે છે. આ સિવાય વર્ષમાં કપડાંની એક જોડ પણ આપવામાં આવે છે.

૪: 'કંપાસ' શબ્દ છાવણીના શબ્દમાંથી લેવાયો છે. જિલ્લામાં આવા લગભગ ૨૦૦ છાવણીઓ છે. આવી છાવણીઓમાં ખેતીનું ઉત્પાદન વધારવા આધુનિક સાધનો અને પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવે છે. આ જિલ્લાના ખેતી અર્થતંત્રમાં છાવણીનું અસ્તિત્વ અગત્યનું લક્ષણ જોવા મળે છે.

ગામમાં મજૂરી મેળવવાની અપૂરતી તકોને કારણે દસ કાથોડીઓ સ્થળાંતર કરી બીજા વિસ્તારમાં જાય છે. ૩ વ્યક્તિઓ વલસાડ જિલ્લામાં, ૨ વ્યક્તિઓ વાપીમાં, ૩ ઉકાઇમાં અને બે વ્યક્તિઓએ નાસિકમાં સ્થળાંતર કર્યું હતું. તેઓ બધા જ કેરી, ચીકુ અને નારંગીના વાડાઓમાં ખેતમજૂરી તરીકેનું કામ કરતા હતા. તેમણે બધાએ તેમના કુટુંબો સાથે લઇ ગયા હતા.

**પશુચારણ ( પશુ ચરાવવા ) :**

ક્ષેત્ર-કાર્ય દરમિયાન એવું જાણવા મળ્યું કે લગભગ દરેક ગામમાં બે થી ત્રણ કાથોડીઓ ગાયો ચરાવવાનું કામ કરતા હતા. તેઓ બધા જ આખા વર્ષ સુધી સંપૂર્ણપણે આ કામ ઉપર જ આધારિત હતા. આ ઢોર ચરાવનારનું મુખ્ય કામ સવારથી તે સાંજ સુધી ઢોર(પશુ) ચરાવવા અને તેમની દેખરેખ રાખવા. આ કામ માટે મળતું મહેનતાણું જુદા જુદા જગ્યાએ જુદું જુદું હોય છે. સામાન્ય નિયમ એવો છે કે જેઓ જે પશુઓ મોકલતા તેમને તેઓ સવારે અને સાંજે એક એક રોટલો આપતા હતા. જ્યારે એક પશુ હોય તો માત્ર સવારમાં જ એક રોટલો આપવામાં આવતો. કેટલાક લોકો રોટલા સિવાય થોડી દાળ અથવા તો થોડું શાક પણ આપતા. કેટલાક વિસ્તારોમાં મહેનતાણું રોકડમાં આપવામાં આવે છે. અને તે માટે જુદા જુદા ધોરણો પ્રમાણે ભાવ ઠરાવવામાં આવ્યા છે. તે મુજબ દર મહિને ગાય દીઠ રૂા.૧, બળદ દીઠ રૂા.૧.૫૦ અને બકરાદીઠ ૦.૫૦ ન.પૈ.પ્રમાણે ચૂકવવામાં આવે છે.

**અન્ય સેવાઓ :**

ક્ષેત્ર-કાર્ય દરમિયાન ૬ વ્યક્તિઓ પગારવાળી નોકરીઓમાં રોકાયેલા હતા. બે છોકરાઓ શિક્ષક તરીકે, એક આશ્રમશાળામાં અને બીજો સ્થાનિક પ્રાથમિક શાળામાં, એક યુવક જંગલ અધિકારી તરીકે (ફોરેસ્ટર) બે જંગલ રક્ષક તરીકે અને બે જંગલ ખાતામાં મોજણીદાર તરીકે નોકરી કરતા હતા. આ બધા જ લોકો ડાંગ જિલ્લાના હતા. ડાંગ સિવાયના બીજા વિસ્તારના એક પણ વ્યક્તિ આવા પગાર આપતી નોકરીમાં જોડાયેલા નહોતા.

મોજણીમાં કાથોડી કામ કરનારાઓની માહિતી ઉપરથી એવું જણાય છે કે જો કે કેટલાક અંશે તેમણે ખેતમજૂરી, જંગલ મજૂરી અને અન્ય સેવાઓ જેવા વ્યવસાયો અપનાવ્યા હોવા છતાં ફેરફારની પ્રક્રિયા સરળ અથવા તો યોગ્ય નથી. ફેરફાર પ્રક્રિયાના પહેલાંના ગાળામાં કાથોડીઓ તેમના જીવન નિર્વાહ માટે વ્યવસાયના અન્ય માર્ગો લેવા અસમર્થ હતા અને પહેલા વર્ણવ્યા અનુસાર તેમણે આજીવન ગુનાહિત પ્રવૃત્તિ કરવાનું કામ કર્યું હતું.

## ગરીબાઈનું પરિમાણ :

ડાંગીડાઓના બાબતમાં, લગભગ સમગ્ર જાતિના લોકો સ્વીકારાયેલી ગરીબોની રેખા નીચે હોવાથી તેઓ ભુખમરાની દુઃખદાયક સ્થિતિમાં જીવી રહ્યા છે. રાષ્ટ્રીય સ્તરે સ્વીકારાયેલ ધોરણ પ્રમાણે, ૧૯૬૦-૬૧ ના ભાવ સપાટીના આધારે વ્યક્તિ દીઠ માસિક ખર્ચ રૂા.૨૦ એટલે કે ૧૯૭૫-૭૬ ના વર્ષના ભાવાંક પ્રમાણે વ્યક્તિ દીઠ માસિક રૂા.૬૯ નો ખર્ચ થવોજોઇએ. પાંચ એકર કરતા વધુ જમીન ધરાવતા લોકો સાથે તમામ ડાંગુડાઓ ગરીબોના રેખા નીચેના સ્તરમાં આવે છે.

આ યોજનામાં આવરી લેવાયેલા લગભગ ૯૦% કુટુંબોએ ભુખમરાના ગાળાની સ્થિતિ વિષે જણાવ્યુ હતું. ભુખમરાની સ્થિતિ ધરાવતા કુટુંબની વ્યાખ્યા આવી છે કે કુટુંબના સભ્યોને વર્ષના થોડા દિવસો સુધી એક ટંક પુરતું પણ ખાવાનું મળતું નથી. જ્યારે થોડા વધુ દિવસો માટે દિવસનું એક ટંક પુરતું ખાવાનું મળે છે. જમીન વિહોણા અને નાના ખેડુતોમાં દરેક વિભાગના ૯૫% લોકો, સિમાંત ખેડુતોના ૯૧% લોકો અને ૫૦% ૫ એકરથી વધુ જમીન ધરાવતા લોકો ભુખમરાની સ્થિતિ હોવાનું જણાવ્યું હતું. કુટુંબોમાં ભુખમરાની સ્થિતિ વિષે વિગતવાર કોઠા-૧૬ માં વર્ણવ્યું છે.

કોઠો-૧૬: જમીન ધરાવતા ગરીબોની રેખા નીચેના કુટુંબો અને તેમના લોકોની વહેંચણી

| જમીન ધરાવતું જુથ(એકરમાં) | કુલ | | ગરીબોના રેખા નીચેના | | ભુખમરાની સ્થિતિવાળા | |
|---|---|---|---|---|---|---|
| | કુટુંબો | લોકો | કુટુંબો | લોકો | કુટુંબો | લોકો |
| જમીન વિહોણા | ૪૨<br>(૧૦૦.૦) | ૨૧૯<br>(૧૦૦.) | ૪૨<br>(૧૦૦.૦) | ૨૧૯<br>(૧૦૦.૦) | ૪૦<br>(૧૦૦.૦) | ૨૦૭<br>(૧૦૦) |
| ૦૧ થી ૨.૫ | ૧૯<br>(૧૦૦.૦) | ૯૮<br>(૧૦૦.) | ૧૯<br>(૧૦૦.૦) | ૯૮<br>(૧૦૦.૦) | ૧૮<br>(૪.૭) | ૮૯<br>(૯૦.૮) |
| ૨.૫થી૫.૦ | ૨૩<br>(૧૦૦.૦) | ૧૩૯<br>(૧૦૦.) | ૨૩<br>(૧૦૦.૦) | ૧૩૯<br>(૧૦૦.૦) | ૨૦<br>(૯૧.૨) | ૧૦૯<br>(૭૮.૪) |
| ૫ થી વધુ | ૬<br>(૧૦૦.૦) | ૩૯<br>(૧૦૦.) | ૬<br>(૧૦૦.૦) | ૩૯<br>(૧૦૦.૦) | ૩<br>(૫.૦૦) | ૧૩<br>(૩૩.૩) |
| કુલ | ૯૦<br>(૧૦૦.૦) | ૪૯૫<br>(૧૦૦.) | ૯૦<br>(૧૦૦.૦) | ૪૯૫<br>(૧૦૦.૦) | ૮૧<br>(૯૦.૦) | ૪૧૮<br>(૮૪.૪) |

કોઠો-૧૭ જમીન ધરાવતા કુટુંબોના જુદા જુદા સાધનો દ્વારા થતી આવક

| જમીન ધરાવનાર જૂથ | કુટુંબોની સંખ્યા | ખેતી | ખેતમજૂરી | જંગલ ઉત્પાદનો | જંગલમજૂરી | છૂટક મજૂરી | નોકરીની આવક | કુલ ચોખ્ખી આવક |
|---|---|---|---|---|---|---|---|---|
| જમીન વિહોણા | ૪૨ | -- | ૧૪૩.૩ | ૮.૨ | ૧૮૩.૮ | ૪૫.૦ | ૧૧૬.૭ | ૪૯૭.૦ |
| | | | (૨૭.૫) | (૧.૫) | (૩૫.૩) | (૮.૬) | (૨૨.૪) | (૯૫.૩) |
| ૧.૦ થી ૨.૫ | ૧૯ | ૧૬૦.૭ | ૧૨૦.૦ | ૮.૪ | ૧૬૧.૧ | ૨૭.૯ | ૧૮.૯ | ૪૯૭.૦ |
| | | (૩૧.૫) | (૨૩.૫) | (૧.૬) | (૩૫.૬) | (૫.૫) | (૩.૭) | (૯૭.૪) |
| ૨.૫૧ થી ૫.૦ | ૨૩ | ૩૦૦.૯ | ૪૪.૩ | -- | ૧૪૦.૮ | ૪૦.૯ | ૨૨૬.૧ | ૭૬૦.૦ |
| | | (૫૧.૩) | (૭.૪) | -- | (૨૩.૫) | (૬.૮) | (૩૭.૬) | (૧૨૬.૬) |
| ૫.૦ થી વધુ | ૬ | ૪૨૪.૮ | ૭૧.૬ | -- | ૧૮૧.૬ | ---- | ૩૫૦ | ૧૨૨૮.૦ |
| | | (૫૪.૩) | (૧૧.૦) | -- | (૨૭.૯) | ---- | (૧૧૫.૪) | (૨૧૯.૬) |
| કુલ | ૯૦ | ૧૬૦.૯ | ૧૦૮.૩ | ૫.૫ | ૧૬૭.૮ | ૩૭.૩ | ૧૬૬.૨ | ૬૨૬.૦ |
| | | (૨૫૬) | (૧૯.૭) | (૧.૦) | (૩૦.૫) | (૬.૮) | (૩૦.૨) | (૧૧૩.૮) |

કોઠો-૧૮ : જુદા જુદા સાધનો દ્વારા (ઓપરેશન હોલ્ડીંગ) દ્વારા વાર્ષિક આવક

(ટકાવારીમાં)

| જમીન ધરાવનાર જૂથ | કુટુંબોની સંખ્યા | વાર્ષિક આવક (રૂ.માં) | ખેતીની આવક | ખેતમજૂરી | જંગલ પેદાશ | જંગલ મજૂરી | નોકરી | અન્ય | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| જમીન વિહોણા | ૪૨ | ૪૯૭.૦ | --- | ૨૮.૮ | ૧.૬ | ૩૬.૯ | ૨૩.૪ | ૯.૩ | ૧૦૦.૦૦ |
| ૦.૧ થી ૨.૫ | ૧૯ | ૪૯૭.૦ | ૩૨.૩ | ૨૪.૧ | ૧.૭ | ૩૨.૪ | ૩.૮ | ૫.૭ | ૧૦૦.૦૦ |
| ૨.૫૧ થી ૫.૦ | ૨૩ | ૭૬૦.૦ | ૪૦.૫ | ૫.૮ | --- | ૧૮.૫ | ૨૯.૭ | ૫.૫ | ૧૦૦.૦૦ |
| ૫ થી વધુ | ૬ | ૧૪૨૮.૦ | ૨૯.૭ | ૫.૦ | --- | ૧૨.૭ | ૫૨.૬ | ---- | ૧૦૦.૦૦ |
| કુલ | ૯૦ | ૬૨૬.૦ | ૨૨.૫ | ૧૭.૩ | ૦.૯ | ૨૬.૮ | ૨૬.૫ | ૬.૦ | ૧૦૦.૦૦ |

કરગણુ આવક રચના :

કોઠા-૧૬ માં બતાવેલા સરાસરી કુટુંબ દ્વારા મેળવેલ આવકના આંકડા ઉપરથી એ દેખાય છે કે મોટાભાગના લોકો(૪૪.૧%) ખેતી મજૂરી અને જંગલ મજૂરી દ્વારા આવક મેળવતા હતા. ૨૩% લોકો મુખ્યત્વે ખરીફ મોસમની ખેતી દ્વારા આવક મેળવતા હતા. પગારદારી નોકરી દ્વારા આવક મેળવનારા ૨૭% જ્યારે જંગલ પેદાશો દ્વારા આવક મેળવનારા માત્ર ૫% લોકો જ હતા. વધુમાં જમીન વિહોણા મજૂર અને સિમાંત ખેડૂત આવક પ્રવૃત્તિઓ દ્વારા વાર્ષિક રૂા.૪૯૭ જેટલી ઓછી આવક પ્રાપ્ત કરતી હતી. જ્યારે આ સામે ૨.૫૧ થી ૫ એકર જમીન અને ૫ એકરથી વધુ જમીન ધરાવનાર જૂથમાં કુટુંબ દીઠ વાર્ષિક આવક અનુક્રમે રૂા.૭૬૦ અને રૂા.૧૪૨૮ મળતી હતી. ઉપરાંત જમીન વિહોણા અને સિમાંત ખેડૂત જૂથના લોકોની વ્યક્તિદીઠ વાર્ષિક આવક રૂા. ૬૯ અને આજ પ્રમાણે નાના ખેડૂતની વ્યક્તિદીઠ સરાસરી વાર્ષિક આવક રૂા. ૧૨૬ હતી (જુઓ કોઠો-૧૭).

વપરાશી વસ્તુઓનું સ્તર અને ગુણવત્તા :

કાથોડાઓમાં વપરાશી બધી વસ્તુઓ ખાસ કરીને ખોરાકનું પ્રમાણ દયાજનક રીતે નીચું હતું. મોટાભાગના ખેડૂતો જે પણ તૈયાર મળ્યું તે ખાતા જેમાં ખેતરમાંથી ઉત્પન્ન થતું જાડું ધાન્ય, જ્યારે કંઈપણ ન મળે ત્યારે ખાદ્ય-પાન, મોટા ભાગના કુટુંબો વર્ષના કેટલાક ભાગમાં આ પ્રમાણે જીવતા. ભૂખમરાની સ્થિતિ, ખાસ કરીને ઉનાળા અને ચોમાસાની ઋતુમાં પણ ઉભી થતી હતી અને જ્યારે પુરતા પ્રમાણમાં ખોરાક મળે ત્યારે તેઓ દિવસમાં ત્રણ વખત ખાતા. કાથોડાઓ નાગલી અથવા રાગીના બનાવેલા રોટલા બપોરના સમયની આસપાસના સમયે તેમજ સાંજે ખાય છે. સામાન્ય રીતે તેઓ તુવેર અડદની દાળ અને લીલા મરચા મળે તો તે સાથે આ રોટલા ખાય છે અને જો દાળ ન મળે તો મરચું મીઠું અને અસાલાના લીલા પાનને પીસીને બનાવેલી ચટણી સાથે ખાય છે. પ્રસંગોપાત તેઓ કરડાની લીલી છીંક અને આંબલી પણ ખાય છે જેમની પાસે જમીન છે તેઓ એકંદરે સારુ ખાય છે. તેઓ મકાઇ, ચોખા અને શાકભાજી પણ ખાય છે.

કોઠા-૧૯ માં વપરાશી વસ્તુઓના વપરાશ વિષે બતાવવામાં આવ્યું છે. તે કોઠા મુજબ કાથોડાઓના આર્થિક જીવનમાં ખર્ચમાં સૌથી વધુ ખર્ચ ખોરાક પાછળ થાય છે. બધા કુટુંબોના કુલ ખર્ચના ૭૬% ખર્ચ ખોરાક માટે કરવામાં આવે છે. ખોરાક પછીનો ક્રમ કપડાંનો આવે છે જે પાછળ સામાન્ય કાથોડા કુટુંબ સારુ એવું ખર્ચ કરે છે.

કુટુંબના જુદા જુદા જૂથ પ્રમાણે ખોરાકની વસ્તુઓના ઉપયોગમાં તફાવતો હોય છે. કુટુંબદીઠ ખોરાક ખર્ચ ૨.૫ એકર સુધીની જમીન ધરાવતા જૂથમાં માસિક રૂા.૭૪ જ્યારે ૫.૦ એકર સુધીની અને પાંચ એકરથી વધુ જમીન ધરાવતા જૂથમાં કુટુંબોમાં ખોરાક પાછળ માસિક ખર્ચ અનુક્રમે રૂા.૯૪ અને રૂા.૧૬૧ થાય છે.

કોઠો-૧૯
જમીન ધરાવનાર જૂથમાં વાર્ષિક કૌટુમ્બિક ખર્ચ
(વ્યક્તિદીઠ વાર્ષિક ખર્ચ રૂા. )

| ક્રમ | વસ્તુ | બધા જૂથોમાં | જમીન વિહોણા | ૦.૧થી ૨.૫ | ૨.૫૧ થી ૫ | ૫ એકરથી વધુ |
|---|---|---|---|---|---|---|
| ૧. | ધાન્ય-કઠોળ | ૮૬.૬ | ૭૩.૬ | ૭૪.૨ | ૯૪.૦ | ૧૬૧.૪ |
| ૨. | શાકભાજી | ૨.૩ | ૧.૬ | ૨.૧ | ૨.૯ | ૪.૨ |
| ૩. | માંસ, મચ્છી, ઈંડા | ૨.૧ | ૧.૬ | ૧.૯ | ૨.૪ | ૪.૧ |
| ૪. | દૂધ, ઘી તેલ | ૧.૮ | ૦.૮ | ૧.૪ | ૨.૪ | ૫.૦ |
| ૫. | મીઠું,મસાલા, ખાંડ, ગોળ | ૩.૩ | ૨.૫ | ૩.૨ | ૪.૬ | ૩.૫ |
| ૬. | તમાકુ | ૧.૯ | ૧.૭ | ૨.૦ | ૨.૧ | ૨.૬ |
| ૭. | દેશી મહુડી (આલ્કોહોલ) | ૨.૫ | ૨.૧ | ૨.૮ | ૨.૭ | ૩.૬ |
| ૮. | બળતણ (કેરોસીન) | ૦.૬ | ૦.૪ | ૦.૭ | ૦.૮ | ૧.૦ |
| ૯. | કપડાં | ૧૦.૧ | ૭.૪ | ૮.૮ | ૧૧.૮ | ૨૧.૮ |
| ૧૦. | શિક્ષણ | ૦.૫ | -- | ૦.૨ | ૦.૬ | ૩.૪ |
| ૧૧. | સામાજિક પ્રસંગો | ૦.૯ | ૧.૦ | ૦.૬ | ૧.૩ | ૨.૬ |
| ૧૨. | અન્ય | ૧.૬ | ૧.૦ | ૧.૧ | ૧.૮ | ૪.૪ |
| | કુલ | ૧૧૪.૨ | ૯૩.૭ | ૯૯.૦ | ૧૨૭.૪ | ૨૧૭.૬ |

કોઠો-૨૧ જમીન મુજબ કુટુંબ ખર્ચના પદ્ધતિઓ

| જમીનધારણ કરેલ જૂથ | કુટુંબોના સંખ્યા | કુટુંબ દીઠખર્ચ | દરમહિને ઉત્પન્ન | વસ્તુમાં મજૂરી | બજારમાંથી ખરીદી |
|---|---|---|---|---|---|
| જમીન વિહોણા | ૪૨ | ૪૮૮.૮ | ૦૦.૯ | ૮.૯ | ૮૦.૨ |
| ૦.૧ થી ૨.૫ | ૧૯ | ૫૦૫.૩ | ૪૦.૭ | ૭.૨ | ૫૧.૬ |
| ૨.૫૧ થી ૫.૦ | ૨૩ | ૭૩૬.૨ | ૪૪.૨ | ૫.૦ | ૫૦.૮ |
| ૫. થી વધુ | ૬ | ૧૪૧૪.૮ | ૩૦.૪ | ૭.૭ | ૬૧.૯ |
| કુલ | ૯૦ | ૬૨૭.૧ | ૨૭.૫ | ૧૧.૩ | ૬૧.૨ |

## કોઠો-૨૦

### કુટુંબ દીઠ વાર્ષિક ખર્ચ (રૂપિયામાં)

| ક્રમ | વિગત | બધા જૂથોમાં | જમીન વિહોણા | ૦થી ૨.૫ | ૨.૫થી ૫.૦૦ | ૫.૦૦થી વધુ |
|---|---|---|---|---|---|---|
| ૧. | ધાન્ય કઠોળ | ૪૭૪.૩ | ૩૮૪.૪ | ૩૭૭.૫ | ૫૬૮.૨ | ૧૦૪૯.૪ |
| ૨. | શાકભાજી | ૧૨.૩ | ૮.૨ | ૧૦.૧ | ૧૮.૦ | ૨૭.૪ |
| ૩. | માંસ, મચ્છી, ઈંડા | ૧૧.૮ | ૮.૯ | ૧૦.૪ | ૧૪.૭ | ૨૬.૩ |
| ૪. | મીઠું, મસાલા, ખાંડ, ગોળ | ૧૮.૫ | ૧૩.૧ | ૧૬.૭ | ૨૮.૨ | ૨૩.૩ |
| ૫. | દૂધ, ઘી તેલ | ૯.૭ | ૪.૩ | ૭.૬ | ૧૫.૪ | ૩૨.૮ |
| ૬. | તમાકુ | ૧૦.૭ | ૮.૮ | ૧૦.૩ | ૧૨.૬ | ૧૬.૬ |
| ૭. | કેફી પદાર્થો | ૧૩.૯ | ૧૦.૯ | ૧૩.૭ | ૧૩.૭ | ૨૩.૩ |
| ૮. | બળતણ(કેરોસીન) | ૩.૬ | ૨.૪ | ૩.૭ | ૪.૯ | ૬.૬ |
| ૯. | કપડાં | ૫૫.૪ | ૩૮.૭ | ૪૫.૨ | ૭૧.૭ | ૧૪૧.૭ |
| ૧૦. | શિક્ષણ | ૨.૮ | ૦.૨ | ૧.૩ | ૩.૬ | ૨૨.૫ |
| ૧૧. | સામાજિક પ્રસંગો | ૫.૨ | ૨.૯ | ૩.૨ | ૭.૮ | ૧૬.૬ |
| ૧૨. | અન્ય | ૮.૯ | ૬.૦ | ૫.૭ | ૧૧.૪ | ૨૮.૩ |
| | કુલ | ૬૨૭.૧ | ૪૮૮.૮ | ૫૦૫.૪ | ૭૭૩.૨ | ૧૪૧૪.૮ |

કથોડાઓના રોકડ વાર્ષિક ખર્ચમાં કુટુંબ દીઠ ખોરાકના ખર્ચનું પ્રમાણ રૂપિયા ૪૭૪ છે. ખોરાક બાદ કપડાં પાછળ સરાસરી વાર્ષિક ખર્ચ રૂા.૫૫ સામાજિક પ્રસંગો પાછળ રૂા. ૫ અને શિક્ષણ પાછળ રૂા.૩ પ્રમાણે ખર્ચ કરવામાં આવે છે. જુદા જુદા વસ્તુઓના ખર્ચ જુદા જુદા જમીન ધરાવના જૂથમાં જુદો હોય છે. (જુઓ કોઠો-૨૦) [illegible] અથવા તો ઉત્પાદનના કુટુંબ[illegible] ૨૭.૫% ઉત્પાદન કુટુંબના ઉપયોગ માટે અને તેના બીજા ભાગોમાં વસ્તુના સ્વરૂપમાં મજૂરી પાછળ ૧૧.૩% અને બજારમાંથી ખરીદી પાછળ ૬૧.૨% [illegible] જૂથમાં જુદા જુદા સાધનોના માટે જુઓ કોઠો-૨૧.

**દેવું :-**

## કોઠો-૨૨

### જમીન ધરાવનાર જૂથમાં કુટુંબદીઠ વાર્ષિક દેવું

### કોઠો-૨૨ જમીન ધરાવનાર જૂથમાં કુટુંબ દીઠ વાર્ષિક દેવું

| જમીન ધરાવનાર જૂથ | દેવું કરનાર કુટુંબોની સંખ્યા | સર્વેક્ષણ કરાયેલા બધા કુટુંબોનું દેવું | દેવાવાળા કુટુંબદીઠ દેવું |
|---|---|---|---|
| જમીન વિહોણા | ૪ | ૧૨ | ૧૨૬ |
| ૦.૧ થી ૨.૫ | ૪ | ૨૩ | ૧૦૯ |
| ૨.૫૧થી૫.૦ | ૮ | ૩૬ | ૧૦૪ |
| ૫ થી વધુ | ૨ | ૫૨ | ૧૫૬ |
| કુલ | ૧૮ | ૨૩ | ૧૧૬ |

કોઠા-૨૨ માં બતાવેલા આંકડા મુજબ સર્વેક્ષણ થયેલા ૯૦ કુટુંબોમાં ૨૦% અથવા ૧૮ કુટુંબોને દેવું નોંધાયેલું હતું. સર્વેક્ષણ થયેલા કુટુંબનું સરાસરી દેવું રૂા. ૨૩ છે. જુદા જુદા જમીન ધરાવનાર જૂથો અને તેમના દેવાના આંકડા તરફ જોતાં એવું જોવા મળ્યું હતું કે ઓછી જમીન ધરાવનાર જૂથનું દેવું ઓછું હતું. ૨.૫ થી વધુ જમીન ધરાવનાર કુટુંબોમાં દેવું વધારે હતું. બધા કુટુંબોએ તેમના ઘરના ખર્ચને પહોંચી વળવા દેવું કર્યું હતું. મોટાભાગનું દેવું ઘરખર્ચ પાછળ વસ્તુના રૂપમાં કર્યું હતું. સરખામણામાં થોડા કાથોડા કુટુંબો દેવાને કારણે દુઃખી હતા કારણ કે તેમની ગરીબાઇ, અચોક્કસ કામ, અને તદ્દન થોડી સંપત્તિને કારણે કોઇપણ તેમને પૈસા ધીરવા તૈયાર નહોતા. માંગરોલ તાલુકામાં રખવાળુ કરતા બે કિસ્સાઓ નોંધાયા હતા. બે યુવકોએ બે વર્ષ પહેલાં તેમના લગ્નના હેતુ માટે તેમના જમીનદારોનું રૂા. ૨૫૦ નું દેવું કર્યું હતું. ત્યારના સમયથી તેઓ દિવસના રૂા. ૧ લેખે ત્યાં કામ કરી રહ્યા છે.

## -: ઉપસંહાર :-

કાથોડાઓ આર્થિક રીતે અચોક્કસ જીવન જીવે છે. તેઓમાંના મોટાભાગના તીકો આવક ખર્ચના બે છેડાઓ ભેગા કરી શકવાની હાલતમાં નથી. કાથોડાઓની આવક એટલી તો થોડી છે કે તેઓ જો મફતમાં મળતા ખાદ્ય પાન અને મળતા મૂળોની પૂરક આહાર તરીકે ઉપયોગ ન કરે તો તેમનું જીવન જાળવી રાખવાનું મુશ્કેલ બને છે. તેમની આવક માત્ર થોડી જ નથી પરંતુ અચોક્કસ હોવાથી તેનું વિશાળ પ્રતિબિંબ તેમના જીવનના અચોક્કસતામાં દેખાય છે. કાથોડાઓ મુખ્યત્વે ખોરાક અને પીવા તથા થોડું કપડા પાછળ ખર્ચ કરે છે. તેઓ સખત કામ કરતા અને જુદા જુદા સાધનો દ્વારા મેળવેલા આવક દ્વારા તેમના કુટુંબ માટે પાયાની જરૂરિયાતો મેળવવું પણ મુશ્કેલ બને છે.

## પ્રકરણ -૪- સામાજિક સંગઠની

ગુજરાતમાં રહેતા કાથોડીઓ સાબરકાંઠા, ભરુચ, સુરત, વલસાડ અને ડાંગ એમ પાંચ જિલ્લાઓમાં વિખરાયેલા છે. આ વિસ્તારમાં તેમનું સ્થળાંતર એક સમયે જ તથા માત્ર મહારાષ્ટ્રમાંથી જ નહતું થયું. જેમ કે, સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકાના કાથોડીઓ રાજસ્થાનના અંબાલો, અંબાસા અને દાઇયા ગામોમાંથી આવ્યા હતા. પહેલાં તેઓ એક સ્થળે કાયમી વસવાટ નહોતા કરતા કારણ કે વેપારીઓ અને જંગલ કોન્ટ્રાકટરો કાથો બનાવવાના કામ માટે એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઇ જતા હતા. તેથી એવું જણાય છે કે તેઓ ગુજરાતના જુદા જુદા વિસ્તારોમાં જુદા જુદા સમયે સ્થિર થયા હશે. ગુજરાતમાં સ્થિર થયેલા ૧૭૪ કુટુંબોનો ઇતિહાસ જોતાં એવું જાણવા મળે છે કે તેઓને જંગલ કોન્ટ્રાકટરો દ્વારા કે જમણે તેમને જુદા જુદા જંગલ વિસ્તારોમાં કાથો બનાવવાનું કામ આપ્યુ હતું, લાવવામાં આવ્યા હતા. નીચેની કોઠો ગુજરાતના જુદા જુદા ભાગમાં તેમના સ્થળાંતરનો સમય બતાવે છે.

કોઠો-૨૩

જુદા જુદા વિસ્તારોમાં કુટુંબોના રહેવાના સમયગાળાની વહેંચણી

| વિસ્તાર | પાંચ વર્ષ | ૬-૧૦ વર્ષ | ૧૧-૨૦ વર્ષ | ૨૧-૩૦ વર્ષ | ૩૧-૫૦ વર્ષ | ૫૧થી ૭૫ વર્ષ | ઉપરાં વધુ વર્ષે | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| માંગરોલ | ૨ | ૪ | ૯ | ૬ | ૧૨ | - | - | ૩૩ |
| ઉચ્છલ | - | ૧ | - | ૨ | ૧૩ | ૧૧ | - | ૨૭ |
| વિજયનગર | ૨ | - | ૪ | ૧ | ૧૨ | ૨૨ | - | ૪૧ |
| સાગબારા | ૪ | ૪ | ૨ | ૧ | ૧૩ | ૧ | - | ૨૫ |
| ડાંગ | ૧ | - | - | - | ૩૩ | ૧૧ | ૩ | ૪૮ |
| કુલ | ૯ | ૯ | ૧૫ | ૧૦ | ૮૩ | ૪૫ | ૩ | ૧૭૪ |

કોઠા-૨૩ ના આધારે જોઇ શકાય છે કે ૪૩ કુટુંબો તાજેતરમાં જ સ્થિર થયા છે. જ્યારે લગભગ ૪૮% કુટુંબો છેલ્લા ૩૦ વર્ષથી ૫૦વર્ષના ગાળામાં સ્થિર થયા છે અને ૨૫% કુટુંબો બે થી ત્રણ પેઢીઓથી અહિયાં વસે છે. માત્ર ત્રણ જ એવા કુટુંબો છે કે જેઓ ૭૫ વર્ષથી વધુ વર્ષો પહેલાંથી વસે છે. આ આંકડાઓ તરફ દ્રષ્ટિપાત કરતા એ દેખાતું બને છે કે કાથોડીઓ આ રાજ્યના મુળ રહેવાસીઓ નથી પરંતુ મહારાષ્ટ્ર પ્રદેશમાંથી સ્થળાંતર કરી આવેલા અને સમય જતાં રાજ્યને તેમની ભુમિ તરીકે સ્વીકારી.

અમને વસ્તી ગણતરીના અહેવાલોમાં કાતકરી સાથે કાથોડાનો સંદર્ભ મળે છે તે મુજબ તેઓ બન્ને એક જ જાતિના છે. નજીકના ભૂતકાળના સમયમાં તેમનો વ્યવસાય પણ એક સરખો જ હતો. પરંતુ કાથો બનાવવાની પધ્ધતિ કાથોડાઓ અને કાતકરીઓમાં અલગ અલગ હતી. માંગરોલ તાલુકામાં રહેતા કાથોડાઓએ આપેલી માહિતીના પ્રમાણે કાતકરીઓ કાળો કાથો બનાવતા અને તેઓ કાથો બનાવવાની પ્રક્રિયા માટે માટીનાં મોટા વાસણો ઉપયોગમાં લેતા. જ્યારે કાથોડાઓ માટીના નાના વાસણોનો ઉપયોગ કરતા અને સફેદ કાથો બનાવતા. પરંતુ ગુજરાતમાં તેમને બોહરા કોન્ટ્રાકટરો કે જેઓ તેમને લાવ્યા હતા તેઓ દ્વારા કાથુડાઓ તરીકેનું નવું નામ આપ્યું હતું. હકીકતમાં વડોદરા રાજ્યના ૧૯૨૧ ના વસ્તી ગણતરી અહેવાલમાં તેમના નામનો 'કાથુડાઓ' તરીકે સંદર્ભ કરાયો હતો. જે વસ્તીના રીતે મળતું આવે છે. તેમની સંખ્યા ગુજરાત કરતાં મહારાષ્ટ્રમાં ઘણી મોટી છે. મહારાષ્ટ્રમાં વસતા કાથુડાઓના સંદર્ભો મળી આવે છે અને એવું જણાય છે કે તેમનામાં જુદા જુદા જૂથો હોવા જોઇએ. પરંતુ કાથોડાઓ અને કાતકરીઓ બન્ને જુદા જુદા જૂથો છે એવો કોઇ પુરાવો હાથ લાગ્યો નથી. કાતકરીઓ વિશેનો જે સંદર્ભ મળે છે તે એવું સૂચવે છે કે તેઓનો વ્યવસાય કાથો બનાવવાનો છે. તેઓ ગુજરાતમાં એકજ વિસ્તારમાંથી આવ્યા હતા અને તેથી એવું જણાય છે કે કાથોડા અને કાતકરી એક સરખા જ જૂથના લોકોના બે નામ છે. ઇન્થોવનના મત પ્રમાણે કાથોડીયા એ કાથોડાનું ગુજરાતી સ્વરૂપ છે અને જેનો ઉપયોગ માત્ર ગુજરાત પુરતો જ થાય છે.[1] કાથોડાઓ મુખ્યત્વે મરાઠા(પુત) અને ધોળ નામે બે ભાગોમાં વહેંચાયેલા છે. પુત અથવા મરાઠા કાથોડાઓ ગાયનું માંસ ખાતા નથી અને તેમને અન્ય આદિવાસી જૂથોના ઘરમાં પ્રવેશવા દે છે. તેઓ ગૌમાંસ ખાતા હોવાનું નોંધાયું હોવાથી તેઓને નીચા માનવામાં આવે છે. આ બન્ને જૂથોમાં આંતર રોટી બેટી વ્યવહાર નથી. શેરીંગના મત પ્રમાણે : " કાથોડાઓમાં બે ભાગ હોય છે(૧)ધોળ કાથોડા અને(૨) મરાઠા(પુત) કાથોડાઓ અને તેઓ જુદા જુદા ગોત્રો(શાખ)માં વહેંચાયેલા છે જેવા કે (૧)હેળામ(૨)પવાર(૩)મોસાવો(૪)જાદવ(૫)સિંદે". તેમના વિસ્તારમાં ધોળ કાથોડાઓ થાણા જિલ્લામાં અને મરાઠા(પુત) કાથોડાઓ કોલાબા જિલ્લાના વતની છે. ઇન્થોવન એવુ નોંધે છે કે કાતકરીઓ-કાથોડાઓમાં પાંચ આંતર્વિવાહ જૂથો છે.(૧)અથવાર(૨)હેડ(૩)ધોળ(૪)પુત અથવા મરાઠા અને (૫) વાસવ. પુત અથવા તો મરાઠા કાથોડાઓ ગૌમાંસ ખાતા ન હોવાને કારણે તેમને ગામના કુવાઓથી પાણી ભરવા દેવાય છે. કસ્બાના ઘરોમાં તેમજ પવિત્ર સ્થાનોમાં પ્રવેશવા દેવાય છે. જ્યારે ધોળ કાથોડાઓ ગૌમાંસ ખાતા હોવાને કારણે

મહેસાણા જેમ હલકા અથવા અછૂત ગણવામાં આવે છે. પુવ અથવા મરાઠા કાનકરાઓથી સથવારા નીચા ગણાય છે. ધોળ કાથીડાઓ સામાન્ય રીતે ઢોર ખાનારા અને સીનેરી લાલ, 'સંકૂલ' 'શોરા' અથવા પરદેશો( સાતાના દ્રાવિડો પુવ) તરીકે ગણવામાં આવે છે.[3]

પહેલાના બન્ને ભાગો પુવ-મરાઠા કાથોડાઓ અને ધોળ કાથોડાઓનો સંદર્ભ આપે છે. પરંતુ ગુજરાતમાં વસતા કાથોડાઓ ધોળ કાથોડા જૂથના છે કારણ કે આ કાથોડાઓ ગૌમાંસ ખાતા હોવાનું નોંધાયું છે. અને મુખ્યત્વે તેઓએ ખાનદેશ પ્રદેશ કે ધોળ કાથોડાની પ્રદેશ છે ત્યાંથી સ્થળાંતર કરીને ગુજરાતમાં આવ્યા હતા. ડાંગ જિલ્લામાં ક્ષેત્ર કાર્યના સમય દરમિયાન એવું જાણવા મળ્યું હતું કે કાથોડાઓમાં બે જૂથો છે(૧) કાનકરી અથવા કાથોડાઓ અને(૨) ભીલ કાથોડાઓ. ડાંગમાં એવું નોંધાયું છે કે ત્યાં વસતા કાથુડાઓ ભીલ કાથોડાઓ હતા. પરંતુ આ ભીલ કાથોડાઓ મુળ તો ધોળ કાથોડાઓ હતા. ત્યાં તેઓ ભીલ ગામોમાં વસે છે અને એવું નોંધાયું છે કે તે ભીલો પણ ગૌમાંસ કરતા હોવાથી તેઓ ડાંગના ભીલ તરીકે ઓળખાવા લાગ્યા. અને પરિણામે તેમના સમૂહના નામ આગળ 'ભીલ' શબ્દ લાગ્યો. રાજ્યના બીજા વિસ્તારોમાં માત્ર ધોળ કાથોડાઓ જ જોવા મળે છે.

કુટુંબ અને સગાઇ સંબંધો :

કાથોડા કુટુંબો પિતૃવંશીય(કુટુંબના વડા પિતા દ્વારા વારસો આપવામાં આવે છે) અને પતિસ્થાની(લગ્ન પછી પરણિતા તેના પતિના ઘેર જાય છે અને ત્યાં જ રહે છે) છે. કાથોડાઓમાં સૌથી મોટો પુત્ર વારસામાં પિતાની સંપત્તિ મેળવે છે. કુટુંબના બધા જ સભ્યોની અટક પિતાની અટક પ્રમાણે હોય છે. જો કુટુંબોનો વડો 'પવાર' ગોત્રનો હોય તો બધા જ સભ્યો સાથેના કુટુંબના તમામ સભ્યો તેમના નામના અંતમાં પવાર શબ્દ લખે છે. છોકરીઓ લગ્ન બાદ તેમના પતિનું ગોત્ર સ્વીકારે છે.

કાથોડા કુટુંબનું કદ પ્રકાર અને કુટુંબ બંધારણ વિષે થોડું ઉંડાણથી માહિતી મેળવવા જરૂરી માહિતી જુદા જુદા વિસ્તારના કાથોડા કુટુંબોની મોજણી દ્વારા મેળવવામાં આવી છે. કોઠા-૨૪ માં વિસ્તાર પ્રમાણે કુટુંબના પ્રકાર વિષે [illegible] બતાવવામાં આવ્યું છે.

કોઠો-૨૨

વિસ્તાર મુજબ કુટુંબોના પ્રકાર

| વિસ્તાર | કુટુંબોના કુલ સંખ્યા | સંયુક્ત | વિભક્ત | કુલ વ્યક્તિઓ | કુટુંબનું કદ |
|---|---|---|---|---|---|
| માંગરોળ | ૩૩ | ૨૧ | ૧૨ | ૧૮૮ | ૫.૭ |
| ઉચ્છલ | ૨૭ | ૧૮ | ૯ | ૧૪૪ | ૫.૩ |
| વિજયનગર | ૪૧ | ૩૬ | ૫ | ૨૨૮ | ૫.૫ |
| સાગબારા | ૨૫ | ૨૧ | ૪ | ૧૧૬ | ૪.૬ |
| ડાંગ | ૪૮ | ૩૦ | ૧૮ | ૨૬૩ | ૫.૪ |
| કુલ | ૧૭૪ (૧૦૦.૦) | ૧૨૬ (૭૨.૪) | ૪૮ (૨૭.૬) | ૯૪૨ | ૫.૫ |

(કૌસમાં બતાવેલા આંકડા કુલ કુટુંબોના ટકાવારી બતાવે છે).

ઉપરના કોઠા ઉપરથી જોઇ શકાય છે કે કુલ ૧૭૪ કુટુંબોમાંથી ૧૨૬ જેટલા કુટુંબો સંયુક્ત પ્રકારના છે. જ્યારે કુલ કુટુંબોના ૨૮% કુટુંબો વિભક્ત પ્રકારના છે. કોઠા-૨૫ માં બતાવેલા આંકડા મુજબ કુટુંબનું કદ પણ એક વિસ્તારથી બીજા વિસ્તારમાં અલગ હોય છે. બધા જ વિસ્તારના કાથોડીઓમાં કુટુંબનું કદ ૫.૫ છે.

કોઠો-૨૫ કુટુંબના કદ પ્રમાણે વહેંચણી :

| વિસ્તાર | નાનું ૧-૩ | મધ્યમ ૪-૬ | મોટું ૭-૯ | ઘણું મોટું ૯થી મોટું | કુલ |
|---|---|---|---|---|---|
| વિસ્તાર | ૫ | ૧૬ | ૧૦ | ૨ | ૩૩ |
| ઉચ્છલ | ૬ | ૧૫ | ૫ | ૧ | ૨૭ |
| વિજયનગર | ૭ | ૧૮ | ૧૬ | - | ૪૧ |
| સાગબારા | ૬ | ૧૪ | ૫ | - | ૨૫ |
| ડાંગ | ૧૨ | ૨૧ | ૧૩ | ૨ | ૪૮ |
| કુલ | ૩૬ (૨૦.૭) | ૮૪ (૪૮.૩) | ૪૯ (૨૮.૨) | ૫ (૨.૮) | ૧૭૪ (૧૦૦.૦) |

(કૌસમાં બતાવેલા આંકડા કુલ કુટુંબોના ટકાવારી સૂચવે છે)

ઉપરના કોઠાના આધાર એવું દેખાયું છે કે ૧૭૪ કુટુંબોમાં લગભગ અડધા કુટુંબોમાં ૪-૬ સભ્યો છે અને ૧-૩ સભ્યો અને ૭-૯ સભ્યો ધરાવતા કુટુંબો ૨૦.૭% અને ૨૮.૨% કુટુંબોમાં છે. ૯ થી વધુ સભ્યોવાળા ઘણા મોટા કદના કુટુંબો કુલ કુટુંબોના ૨.૮% છે.

કુટુંબના બંધારણના પ્રકારને ધ્યાનમાં લેતા નીચે પ્રકારના કુટુંબો જોવામાં આવ્યા હતા.

(૧) પતિ, પત્ની અને અપરણિત બાળકો.
(૨) પતિ, પત્ની અપરણિત બાળકો અને માતાપિતા.
(૩) ભાઇ-બહેન; માતા-પિતા, અને પરણિત અપરણિત બાળકો.
(૪) વિધવા માતા, પરણિત પુત્રો, અને તેમના પુત્રી-પુત્રો.
(૫) વિધુર પિતા, પરણિત પુત્ર, તેની પત્ની અને તેમના બાળકો.
(૬) વિધવા અને અપરિણીત બાળકો.
(૭) માતા-પિતા અપરણિત બાળકો પિતાની બહેનના બાળકો.
(૮) માતા-પિતા, પરણિત પુત્રી, તેની પતિ અને તેમના બાળકો.

ગોત્ર સંખ્યા :

કાથોડાઓ કેટલાક [illegible] ગોત્રોમાં પેટા રીતે વહેંચાયેલા છે. ક્ષેત્ર કાર્યના સમય દરમિયાન ગુજરાતના કાથોડાઓમાં નીચે પ્રમાણેના ગોત્રો જણાયા હતા. જુદા જુદા વિસ્તારોમાં ગોત્ર પ્રમાણેના કુટુંબોના વહેંચણી કોઠા-૨૬ માં આપવામાં આવ્યા છે.

કોઠો-૨૬ : ગોત્ર પ્રમાણે કુટુંબોની વહેંચણી (જિલ્લાવાર)

| ગોત્ર | માંગરોલ | ઉચ્છલ | વિજયનગર | સાગબારા | ડાંગ | કુલ |
|---|---|---|---|---|---|---|
| ગાયક | ૧૨ | ૪ | - | ૬ | - | ૨૨ |
| વાઘેર | ૧૪ | ૧૪ | ૨૪ | ૧૭ | - | ૬૯ |
| ચાંગડા | ૩ | - | ૩ | - | - | ૬ |
| બાલ | ૧ | - | - | - | - | ૧ |
| કોકણી | ૧ | - | - | - | - | ૧ |
| ધુમ | ૨ | - | - | - | ૨ | ૪ |
| પવાર | - | ૮ | - | - | ૧૩ | ૨૧ |
| સાવરા | - | ૧ | - | ૨ | ૧૨ | ૧૫ |
| ચાવડા | - | - | ૪ | - | - | ૪ |
| ગામીત | - | - | - | - | ૩ | ૩ |
| દેવ | - | - | - | - | ૧ | ૧ |
| મોશાલ | - | - | - | - | ૩ | ૩ |
| ડાવર | - | - | - | - | ૧ | ૧ |
| ડુમાન | - | - | - | - | ૩ | ૧ |
| કુલ | ૩૩ | ૨૭ | ૪૧ | ૨૫ | ૪૮ | ૧૯૪ |

બધા જ ૧૭૪ કુટુંબો ૧૫ અલગ અલગ ગોત્રોમાં (પિતૃપક્ષી) આવરી લેવાયા છે. આ ગોત્રો બહિર્જાત લગ્ન છે એનો અર્થ એમ થાય કે નિયમ પ્રમાણે વ્યક્તિ જે ગોત્રમાં હોય તે ગોત્રમાં પરણી શકે નહિ. શિરાંગે અગાઉ ચાલતા ગોત્ર પદ્ધતિની ઉલ્લેખ કર્યો હતો અને તે સમયમાં ધોળ કાતકરીના પાંચ ગોત્રો નોંધાયેલા હતા તેમાં(૧) હેલામ(૨)પવાર(૩)ગીસાવા(૪)જાદવ અને(૫) સિંધો. આમાંના કેટલાક ગોત્રો આજે પણ ગુજરાતના કાથોડાઓમાં જોવા મળે છે. ગોત્રોના આ નામોનો ધ્વનિ મરાઠી જે ગુજરાતના કાથોડાઓ દ્વારા બોલાય છે તે મરાઠી ભાષાને મળતો આવે છે.

ઉપરના ગોત્ર પ્રમાણે કુટુંબો તરફ દ્રષ્ટિપાત કરતા એવું જણાય છે કે નાયક અને વાઘેર જેવા ગોત્રો ડાંગ સિવાયના બધા જ વિસ્તારોમાં જોવા મળે છે અને આ બે ગોત્રોના કુટુંબોની સંખ્યા ઘણી વધુ છે. શિરાંગે જણાવેલા ગોત્રો પણ અહિંયા જોવા મળે છે. એવું જણાય છે કે છેલ્લા ૩૫ વર્ષના સાંસ્કૃતિક સંપર્કને કારણે કાથોડાઓએ આસપાસની જાતિના ગોત્રો સ્વીકાર્યા હોય. દા.ત. વિજયનગર તાલુકાના કાથોડાઓએ ચાવડા ગોત્ર સાબરકાંઠા વિસ્તારના પાડોશી ગરાસીયા જાતિમાંથી સ્વીકાર્યા હોય એજ પ્રમાણે સુરત જિલ્લાના કાથોડાઓએ ગામીત, ધુમ, કોંકણી, નાયક અને ભોઇ જેવા ગોત્રો તેમના પાડોશી વિસ્તારની જાતિઓમાંથી અપનાવ્યા હોય. આમ, સાંસ્કૃતિક આદાન-પ્રદાનની પ્રક્રિયાને કારણે તેમના મુળ ગોત્રો ઉમેરવાનું ચાલુ રાખ્યુ હોય.

જો કે કાથોડાઓમાં એવા પણ કેટલાક ગોત્રો હોય છે જેમાં ઉચ્ચનીચના ભેદભાવની ચઢતી ઉતરતી ક્રમ જોવા મળ્યો ન હતો. એટલે કોઇપણ ગોત્ર ઉંચુ કે નીચું ગણાતું નથી દરેક ગોત્ર બીજા ગોત્રો સાથેલગ્ન અને સાથે જમવાના સંબંધો જાળવી રાખે છે. આ સિવાય કાથોડાઓમાં મોસાળ ફોઇયાત, ભાઇ બહેનના લગ્ન પણ થાય છે. અને આ પ્રમાણેના કારણે મામા ભાઇના બાળકો અને ફિતાના બેનના બાળકો સાથે લગ્નો થતાં હોય છે. કેટલાક કાથોડાઓ કે જેઓ એક જ ગોત્રના હોય છે અને કાથોડાઓથી દૂરના વિસ્તારમાં વર્ષો સુધી સાથે રહેતા હોય છે તેઓએ તેમના સરખા જ ગોત્રમાં લગ્ન સંબંધ સ્થાપવાનું શરુ કર્યું છે જો કે તેઓ લોહીના સગાઇ ધરાવતા સગાઓ સાથે સંબંધ બાંધવાનું ટાળે છે અને તે માટે બે કે ત્રણ પેઢી સુધીના સંબંધો કાળજીપુર્વક તપાસે છે. શિરાંગે આ પ્રથા વિશે ઉલ્લેખ પણ કર્યો હતો.

## સગાઇ સંબંધો :

કાથોડાઓમાં મુખ્યત્વે બે પ્રકારના સંબંધો જોવા મળે છે. લોહીના સંબંધના સગાઇ સંબંધો અને લગ્ન સંબંધના સગાઇ સંબંધો. માતા પિતા, પુત્ર પુત્રી, ભાઇ-બહેન, કાકા, દાદા ના આ બધા સંબંધો લોહીના સંબંધના આધારેના છે.

સાસુ, સસરા, જમાઇ, સાળો અથવા બનેવી, સાળી અથવા નણંદ વગેરે સંબંધો લગ્નને કારણે સ્થપાય છે.

### સગાઇ સંબંધના શબ્દો

| સંબંધ | સંદર્ભ નામ | બોલાતું નામ |
|---|---|---|
| પિતા | બા | બા |
| માતા | | |
| મોટાભાઇ | આયા | આયા |
| મોટાભાઇની પત્ની | બાયા | બાયા |
| નાનાભાઇની પત્ની | નાદી | નાદી |
| મોટી બહેન | બોયુ | બોયુ |
| મોટી બહેનનો પતિ | બાવદ | બાવદ |
| નાની બહેન | બોયુ | બોયુ |
| પિતાના પિતા | મોટાબા | મોટાબા |
| પિતાની માતા | મોથા | મોથા |
| પિતાના મોટાભાઇ | મોટોબા | મોટોબા |
| પિતાના મોટાભાઇની પત્ની | મોથા | મોથા |
| પિતાના નાના ભાઇ | કાકા | કાકા |
| પિતાના નાનાભાઇની પત્ની | કાકી | કાકી |
| પિતાની બહેન | ફુસ | ફુસ |
| પિતાનાબહેનના પતિ | માહુસ | માહુસ |
| માતા ભાઇ | મામા | મામા |
| માતાભાઇની પત્ની | ફુસ | ફુસ |
| માતા પિતા | મોટાપાસ | મોટાપાસ |
| માતાની માતા | મોથાસ | મોથાસ |
| માતાની બહેન | જાજી | જાજી |
| માતાની બહેનના પતિ | કાકો | કાકો |
| પત્નીનો મોટોભાઇ | મામો | મામો |
| પત્નીનામોટાભાઇની પત્ની | બોયુ | બોયુ |
| પત્નીની મોટી બહેન | વાયો | વાયો |
| પત્નીની મોટી બહેનનો પતિ | બાબા | બાબા |
| પત્નીના પિતા | મામા | મામા |
| પત્નીની માતા | ફોઇ | ફોઇ |
| પિતાના ભાઇનો પુત્ર | બાબા | બાબા |
| પિતાના ભાઇની પુત્રી | બોયુ | બોયુ |
| બહેનનો પુત્ર | જવાસ | જવાસ |
| [illegible] | વહુસ | વાહુસ |

## લજ્જાના અને માન-મર્યાદાના સંબંધો :

કાથોડાઓ મોટા ઉંમરના લોકોને માન આપે છે અને તેમના મર્યાદા જાળવે છે. નાનો ભાઇ મોટાભાઇની મર્યાદા રાખે છે. મોટા ઉંમરના લોકોની હાજરીમાં તેઓ ગમે તેમ બોલતા નથી. મોટોભાઇ નાના ભાઇની પત્નીને તેનું નામ લઇને બોલાવતો નથી. તેનું નામ લઇને બોલાવવું એ નિષેધ અને વર્જ્યનો પ્રકાર ગણવામાં આવે છે. તેઓ એવું માનતા કે જો તેનું નામ લઇને બોલાવવામાં આવે તો તેમના મર્યાદા જળવાતી નથી. નાનાભાઇની પત્ની તેના પતિના મોટાભાઇને નામ લઇને બોલાવતી નથી તે તેના તેના પતિના મોટાભાઇ સાથે બોલવા ચાલવામાં મર્યાદા જાળવવાના બધા જ પ્રયત્નો કરે છે.

અન્ય જાતિઓની જેમ કાથોડાઓમાં પણ ઠઠ્ઠા મશ્કરીના સંબંધો જોવા મળે છે. આવા મશ્કરીના સંબંધો એક સરખી ઉંમરના યુવાન છોકરા છોકરીઓમાં, સાળી-બનેવી અથવા નણંદ દિયેર, મોટાભાઇના પત્ની અને દિયેર વગેરે વચ્ચે હોય છે. કાથોડાઓમાં એક વ્યક્તિને બોલાવવા માટે બીજાના નામે સંબોધવાના રિવાજો પણ અમને જોવા મળ્યા હતા. પતિ પત્ની એક બીજાનું નામ લઇને બોલાવતા નથી જો પતિને તેના પત્નીને બોલાવવા હોય તો તે મધ્ય નામ તરીકે પુત્રનું નામ બોલતો અને જો પત્નીને તેના પતિને બોલાવવો હોય તો પુત્રના નામનું સંબોધન કરે છે.

## આંતર સમૂહ સંબંધો :

પહેલાં જણાવ્યા પ્રમાણે કાથોડાઓ અન્ય વિવિધ જૂથો વાળા ગામોમાં અન્ય આદિવાસી જાતિઓ સાથે રહે છે. આ અભ્યાસના હેતુ માટે સર્વેક્ષણ થયેલા ગામોમાં કાથોડાઓની નજીકમાં વસતી અગત્યની જાતિઓમાં ગરાસિયા, ગામીત, ભીલ, કણબી અને વસાવાનો સમાવેશ થાય છે. મોટાભાગના ગામોમાં કાથોડાઓના જૂથો ગામને છેવાડે અથવા તો ગામની હદ નજીક રહે છે. વડોદરા વસતી ગણતરી અહેવાલ પ્રમાણે રાજ્યમાં વસતા કાથોડાઓ છેલ્લા વર્ગના અને સૌથી નીચી કક્ષાના લોકો ગણાય છે. સ્ટીફન ફુચસે વર્ણવ્યું છે કે પહેલાં કાતકરીઓ અથવા કાથોડાઓ સાથેના સંબંધમાં અંતર રાખવામાં આવે છે એ એટલા માટે જ નહિ કે તેઓ ગમે તે ખાય છે. પરંતુ તેઓ તેમના શારીરિક સ્વચ્છતા માટે કાળજી રાખતા નથી અને ખાસ કરીને તેઓના શક્તિશાળી જાદુગર તરીકેના આબરુને કારણે.[૨]

અમારા અવલોકનો પણ એવું બતાવે છે કે ગુજરાતના અન્ય આદિવાસી જાતિઓમાં કાથોડાઓ નીચા અથવા હલકા તરીકે જોવામળે છે. કાથોડાઓને તેમનું સ્થાયી રહેઠાણ બદલવું પડતું હોય છે. ખાસ કરીને જંગલોના મોસમ પુરા થતાં

તેઓને જંગલમાં કોલસા પાડવા અથવા તો જંગલની ગૌણ પેદાશો એકઠી કરવા જવું પડે છે. તેઓ ખેતમજૂરી કરતા હોવાથી બીજી જાતિઓ સાથે જોડાયેલા છે. તેઓની આર્થિક સ્થિતિ સારી ન હોવાને કારણે તેઓ જ્યાં પણ વસે છે ત્યાં સંપૂર્ણપણે ત્યાંની બીજી જાતિઓ ઉપર આધાર રાખવો પડે છે. આ જાતિઓ તેમની ખાવાની પદ્ધતિ અને સ્થિર રહેતા ન હોવાને કારણે તેમને અછૂત ગણે છે. દા.ત. ડાંગમાં ભીલ અને ગામીત લોકો કાથોડીઓને અડકતા નથી. વસાવા લોકો પણ કાથોડીઓને તેમનાથી દૂર જ રાખે છે. આ સિવાય ગરાસિયા, વસાવા, ગામીત અને કણબી લોકો કાથોડીઓને તેમના ઘરમાં પ્રવેશવા દેતા નથી તેમજ તેમના પાણી પીવાના માટલાને પણ અડકવા દેતા નથી. જો તેઓ કાથોડીઓને કંઇ વસ્તુ આપે અથવા તો પાણી આપે તો પણ તેઓને અડક્યા સિવાય જ આપે. આજે તો કાથોડીઓ ગામના જાહેર કુવામાંથી પાણી ભરી શકે છે પરંતુ પહેલાંના સમયમાં તેઓ ગામના સામાન્ય કુવાઓમાંથી પાણી ભરી શકે એવું જણાતું નથી. ઉચ્છલમાં એક કાથોડીએ એવી ટીકા કરી હતી કે આ લોકો અમારા દ્વારા અપાયેલો દારુ સ્વીકારી શકે છે જ્યારે અમારાથી અડેલું પાણી પીતા નથી.

ડાંગમાં જો કોઇ ઢોર મરી જતું તો કણબી ગામના કાથુડીઓને ખબર આપતો અને તેઓ મરેલું ઢોર જંગલમાં લઇ જતા અને તેના ટુકડા કરીને ગામના કાથોડી કુટુંબોની સંખ્યા પ્રમાણે માંસ વહેંચી લેતા.

બીજી જાતિના લોકો તેમને મજૂરીએ જરૂર બોલાવે છે. જો કે આ જાતિને હલકી માનવામાં આવે છે પરંતુ કેટલાક કેસો અમે જોયા છે તે પ્રમાણે કેટલાક આદિવાસીઓ અને બિન આદિવાસીઓ કાથોડીઓની સ્ત્રીઓ સાથે શારીરિક સંબંધો રાખતા હોય છે. ડાંગમાં એક ગામીત પુરુષે કાથોડી સ્ત્રી સાથે લગ્ન કર્યું હતું.

આમ, બીજી જાતિઓ કાથોડીઓ વચ્ચે એટલું તો સામાજિક અંતર રાખતા કે ભણેલો કાથોડી યુવાન પણ અન્ય જાતિના લોકો સાથે બેસી શકે નહિ. એ કહેવું ઘણું જ મુશ્કેલ છે કે આ કાથોડીઓ તેમનું સ્થાન સુધારશે કે કેમ અને કેટલે અંશે ? ક્ષેત્ર કાર્ય દરમિયાન એક કાથોડીનો પાડોશી જાતિઓ અને કાથોડીઓએ એવો દાવો કર્યો હતો કે તેઓ વચ્ચે પહેલાંના સમયમાં જેવા સામાજિક અંતરો પાળતા નહોતા.

<u>જાતિ પંચ</u> : અમે કાથોડીઓમાં નિયમિત અને સંગઠિત એવું જાતિ પંચ અમારા સંપર્કમાં આવ્યું નહોતું. પરંતુ તેઓએ એવો દાવો કર્યો કે તેઓમાં પહેલાના સમયમાં મહારાષ્ટ્રમાં નિયમિત જાતિ પંચ હતું. હાલમાં જુદા જુદા

વિવાદો તેઓ પરસ્પરના સમજ્યા ઉકેલે છે. જો કોઇપણ વિવાદ ઉભો થાય તો ગામના વડીલો ભેગા મળીને તેનો ઉકેલ લાવે. ઝઘડા, છૂટાછેડા, ગેરકાયદેસરના શારીરિક સંબંધો જેવા કિસ્સાઓના બાબતમાં વડીલો બન્ને પક્ષને સાંભળતા અને ત્યારબાદ તેમના માંહોમાંહે ચર્ચા કરીને તેમનો ચુકાદો આપતા. લોકો વડીલોના ચુકાદાને સ્વીકારી લઇને તે પ્રમાણે કરતા. આમ આ અનિયમિત અથવા અનૌપચારિક જાતિ પંચ દ્વારા કાથોડાઓ તેમના સમાજના નિયમો પાળતા અને એ રીતે તેમના ભાઇઓ સાથેના એકતામાં સફળ બનતા તેમજ ગામના રહેવાસીઓ તરીકે ગામની અન્ય જાતિઓ અને જ્ઞાતિઓના લોકો સાથે પરસ્પરની એકતા જાળવી રાખવાના પ્રયત્નો કરતા.

ડાંગમાં કાથોડાઓની વસાહતો જિલ્લાના બન્ને છેડાએ છે. અને બન્ને છેડા મહારાષ્ટ્રને અડીને આવેલા છે. ઉત્તરના છેડાએ કાથોડાઓ ગામીત સાથે રહે છે જ્યારે દક્ષિણના છેડાએ તેઓ કુનબી સાથે રહે છે. પહેલાંના ભાગમાં ત્રણથી ચાર કાથોડા સ્ત્રીઓએ ગામીતો સાથે લગ્ન કર્યાં હતા. જાતિ પંચે તેમાંની એક સ્ત્રીને છૂટાછેડા મેળવવામાં સાથ આપ્યો હતો. ત્યારે પ્રશ્ન એ ઉભો થાય છે કે જ્યારે કાથોડાઓને હલકા ગણવામાં આવે છે તો શા માટે બીજી આદિવાસી જાતિના લોકો કાથોડાઓ સાથે લગ્ન કરે છે ? આ માટે કદાચ ઘણા કારણો હોઇ શકે. પ્રથમ તો તેઓ એક જ ગામમાં એકબીજાના પાડોશી તરીકે રહેતા હોય છે તેમજ ખેતરમાં કે જંગલમાં સાથે જ મજુરી કરતા હોય છે. બીજું કે તેઓ અઠવાડિક હાટ કે મેળાઓમાં અને તહેવારોમાં તેમની સાથે નાચગાન કરે છે. સામાન્ય રીતે કાથોડાઓ આવા લગ્નો પસંદ કરતા નથી અને તેથી જાતિ બહાર લગ્ન કરેલા છોકરાને તેઓ તેમની પાસે આવવા દેતા નથી.

## પ્રકરણ-૫ જીવન ચક્ર

### રજસ્વલા સ્ત્રી :

કાથોડીઓમાં સ્ત્રી પ્રથમવાર રજસ્વલા બને તે પ્રસંગે કોઇ ખાસ ક્રિયા કરવામાં આવતી નથી. ડાંગના કાથોડીઓ રજસ્વલા સ્ત્રીને 'કોકા' ના આતા હા" ડાંગની અન્ય આદિવાસી જાતિઓમાં પણ રજસ્વલા સ્ત્રીઓને 'પોટકું આવવું' તરીકે કહેવામાં આવે છે. તે વિસ્તારના વસતા લોકો પણ આજ શબ્દનો ઉપયોગ કરે છે. આ માસિકના સમય દરમિયાન સ્ત્રીઓ માટે કેટલાક મનાઇ ફરમાવવામાં આવે છે. આ સમય દરમિયાન સ્ત્રીને રાંધવા, પાણી ભરવા અને પાણી પીવાના વાસણો અડકવાની મનાઇ હોય છે. તેમજ તે રસોડામાં પણ હાજર થઇ શકે નહિ. અને કપડાં પણ અડકી શકે નહિ. તે સંગીતના સાધનો જેમ કે 'તાડપા' ઢોલકને પણ અડકી શકે નહિ. આ માસિકના સમય દરમિયાન સ્ત્રીને તેના પતિ સાથે સુવાની પણ બંધી હોય છે. તેને ધાર્મિક ક્રિયાકાંડ કરવાની તેમજ પવિત્ર સ્થાનોએ જવાની પણ બંધી હોય છે. સામાન્ય રીતે તે ચાર દિવસ સુધી તે બધી દૈનિક ક્રિયાઓથી દૂર રહે છે પરંતુ પાંચમા દિવસે માથું બોળીને ધોયા બાદ જ તે ઘરની બધી જ પ્રવૃત્તિઓમાં ભાગ લઇ શકે છે. કાથોડીઓ એવું માને છે કે જો સ્ત્રી માસિકના સમય દરમિયાન જો તેના પતિ સાથે સમાગમ કરે અને ગર્ભધારણ કરે તો નવું જન્મેલું બાળક વિકૃતિ ધરાવતું હશે. જો કે તેમને સામાજિક મેળાવડામાં ભાગ લેવા ઉપર બંધી હોતી નથી. કાથોડીઓ જાતિય સંબંધ અને પ્રજનનના તંત્ર વિષે વિશાળ સમજ ધરાવે છે. તેઓ માને છે કે ગર્ભધારણ અને જાતિય સમાગમનું પરિણામ છે માસિક આવતું બંધ થવું તેમજ ઉબકા આવે અને વારંવાર થૂંકે ત્યારે ગર્ભધારણ થયું છે એમ માને છે. તેઓ એવું પણ માને છે કે માત્ર શારીરિક સમાગમને કારણે જ ગર્ભધારણ ન થઇ શકે. જ્યાં સુધી દેવની કૃપા ન ઉતર ત્યાં સુધી સ્ત્રી ગર્ભધારણ કરી શકે નહિ.

કાથોડીઓમાં બાળકનો જન્મ પરમ આનંદનો પ્રસંગ હોય છે. આ બાળકોને હંમેશા આવકારવામાં આવે છે. જો કે એવું કહેવામાં આવ્યું હતું કે નવું જન્મેલું બાળક છોકરો કે છોકરી હોય પરંતુ બન્નેને સરખી રીતે જ આવકારવામાં આવે છે. પુત્રી કરતા પુત્રને હંમેશા પસંદગી અપાય છે. બાળકના જન્મને તેઓ ઇશ્વરની કૃપા તરીકે માને છે. અને વાંઝીયાપણાને કમનસીબી અને દૈવી કોપ જેવા ગંભીર બાબત ગણે છે. સમાજમાં વાંઝણી સ્ત્રીને તુચ્છ રીતે જોવાય છે. પરિણામે વાંઝણી સ્ત્રીને સમાજના લાંછનનો ભોગ બની ઘણા અપમાનો સહન કરવાનો વારો આવે છે. જો સ્ત્રીને બાળક જન્મતું હોય તો તેમની જાતિના અથવા તો અન્ય જાતિના ભગતનો સંપર્ક સાધીને આવી પરિસ્થિતિમાંથી ઉગરવાના માર્ગ માટે

માર્ગદર્શન મેળવવામાં આવે છે. ભગત સામાન્ય રીતે બકરા અથવા તો મરઘડાનો દેવીને ભોગ ચઢાવવાનું સૂચન કરે છે. વાંઝીયાપણું ઘણીવાર કૌટુંબિક જીવન છિન્નભિન્ન થઇ જવા તરફ પણ દોરી જાય છે. દા.ત. જો સ્ત્રી વાંઝણી ઢોર જેવું નડતી થાય તો તેનો પતિ તે સ્ત્રીને છૂટાછેડા આપ્યા સિવાય જ બીજી સ્ત્રીને પરણીને ઘેર લાવે છે. ઘણીવાર તો વાંઝણી સ્ત્રી જાતે જ તેના પતિને બીજી પત્ની લાવવા સૂચવે છે.

જન્મ :

ખાસ કરીને કાથોડીઓમાં ગર્ભધારણ કરેલી સ્ત્રીની દેખરેખ રાખવામાં આવતી નથી. આ સ્ત્રી બાળકના જન્મ સમય સુધી તેની સામાન્ય પ્રવૃત્તિઓ ચાલુ રાખે છે. જો કે તે ભારે કામ કરવાનું ટાળે છે. પ્રથમ સુવાવડ પણ પતિને ઘેર જ કરાવવામાં આવે છે. આ સુવાવડ ઘરના ખંડમાં એક ખૂણામાં કરાવવામાં આવે છે. કાથોડીઓમાં જન્મ પહેલાંના સમયે કોઇ ક્રિયા કરવામાં આવતી નથી. તેને ખાસ ખોરાક આપવામાં આવતો નથી. ગર્ભધારણ કરેલી સ્ત્રીને કેટલીક મનાઇ ફરમાવેલી હોય છે. આ સ્ત્રી નદી, તળાવ કે કુવા નજીક જઇ શકતી નથી. તેઓની એવી માન્યતા છે કે જો આવા સ્થળોએ જાય તો બાળક વિકૃતિ વાળું જન્મે છે. સુવાવડના સમયે રાહ જોતી સ્ત્રી સુવાવડ સરળતાથી થાય તે માટે જવાની માતાજીની માનતા માને છે. સુવાવડ બાદ બકરા અથવા મરઘડાનો ભોગ ચઢાવવામાં આવે છે. સ્ત્રીની પ્રસુતિ કરવા માટે નર્સ અથવા તો દાયણને બોલાવવામાં આવતી નથી. બાળકના જન્મ સમયે કાથોડી દાયણને મદદ માટે બોલાવવામાં આવે છે. તેમજ ઘરની અથવા પડોશી મોટી સ્ત્રી પણ તેની મદદમાં આવે છે. તે ચપ્પુ અથવા દાતરડાથી બાળકની નાળ કાપે છે અને તે ખંડમાં જ ખાડો કરીને દાટી દે છે અને આ નાળ દાટેલી જગ્યા ઉપર થોડા દિવસ સુધી પથ્થર મૂકી રાખવામાં આવે છે તે તરત જ કુટુંબના સભ્યોને છોકરો છે કે છોકરી એની ખબર આપે છે. આ સમયે સુવાવડી સ્ત્રીને ચોખા અથવા મકાઇની રાબ ખાસ ખોરાક તરીકે આપવામાં આવે છે. તેઓ એવું માને છે કે આ રાબની પોષણ કિંમત સિવાય માતામાં વધુ દૂધ ઉત્પન્ન કરવાની ક્ષમતા પણ વધારે છે. દાયણ બાળકને નવડાવે છે જો છોકરો હોય તો દાયણને તેની સેવા માટે પાંચ રૂપિયા તથા બે કિ.ગ્રા. મકાઇ, અથવા જુવાર અથવા નાગલી આપવામાં આવે છે. તેમજ જો છોકરી જન્મે તો દાયણને માત્ર રૂા. ૩ અને થોડું અનાજ આપવામાં આવે છે. એ બતાવે છે કે છોકરી કરતાં છોકરાના જન્મને વધુ આવકારવામાં આવે છે. એવું નોંધવામાં આવ્યું છે કે છોકરો કુટુંબનો કાયમી સભ્ય છે અને કુટુંબનો વારસો જાળવે છે જ્યારે બીજી તરફ છોકરી તેના લગ્ન બાદ તેના પિતાને ઘેર જ રહી શકતી ન હોવાથી પારકી થાપણ તરીકે છે.

સામાન્ય રીતે સુવાવડનો ગાળો પ્રસુતી બાદના ૧૨ દિવસ સુધીનો ગણવામાં આવે છે. સુવાવડના સમય ગાળા દરમિયાન તે સ્ત્રીને જે ગમે તે ખાવા દેવામાં આવે છે. બારમાં દિવસે સુવાવડી સ્ત્રી સ્નાન કરે છે. ત્યાર બાદ તેને ઘરમાં ફરવાની છુટ આપવામાં આવે છે. તેને રાંધવા તેમજ પાણી ભરવા જઇ શકે છે. જ્યારે બાળકને જન્મ સમયે તેમજ બારમા દિવસે કોઇ પણ પ્રકારનો ચેપ લાગવાનો ભોક રાખ્યા સિવાય નવડાવવામાં આવે છે. જન્મ પછીના બારમાં દિવસે કરવામાં આવતી 'બારમાની' ક્રિયાથી બગડેલા સમયનો અંત આવે છે. આ દિવસે આખું ઘર સાફ કરીને ગાયના છાણથી લીંપવામાં આવે છે.

<u>પુંસુરો :</u>

સામાન્ય કાથોડી રિવાજ પ્રમાણે નામ પાડવાની ક્રિયા જો છોકરો હોય તો ત્રણ દિવસમાં અને છોકરી હોય તો પાંચ દિવસ સુધીમાં કરવામાં આવે છે. પહેલાંના હેવાલ પ્રમાણે કાથોડાઓમાં પ્રથમ ક્રિયા જન્મ પછીના છઠ્ઠા દિવસે કરવામાં આવે છે. તે દિવસે સ્ત્રી સગાઓને બોલાવવામાં આવે છે અને જમીન ઉપર ચોખાની આકાર ધરાવતી છઠ્ઠી દેવીને સ્થાપી. નજીકમાં સળગતો દીવો રાખીને પુજા કરવામાં આવે છે અને માતા અથવા પિતા બાળકનું નામ પાડે છે અને ભેકઠા થયેલા સગાઓને જાડો વાનગો અને દારુનું જમણ આપવામાં આવે છે. નામ પાડવાની ઉજવણી સમયે બાળકની ફોઇને નોતરવામાં આવે છે તેમજ આ ક્રિયા કરાવવા માટે દાયણને બોલાવવામાં આવે છે તેમજ કુટુંબના મિત્રો અને સગાઓને પણ નોતરવામાં આવે છે. આ પ્રસંગે સામાન્ય ક્રિયા કરવામાં આવે છે તે માં બાળકની માતા મહા માતાની પુજા કરે છે. અને બાળકને નવડાવવામાં આવે છે. દાયણ બાળકની નાળ દાટેલી તે જગ્યાએ ક્રિયા કરે છે. આ ક્રિયા પતી ગયા બાદ સગાઓના બાળકોને રાંધેલો ભાત ખવડાવવામાં આવે છે. ત્યાં હાજર રહેલા નમામને થોડી થોડી નાડગોળ પણ આપવામાં આવે છે. ત્યારબાદ દાયણ બાળકનું નામ પાડે છે જે સામાન્ય રીતે કુટુંબના પુર્વજનું કોઇ નામ અથવા તો બાળક જે દિવસે જન્મ્યું હોય તેના આધારે જેમ કે સોમવારે જન્મેલા બાળકને સોમા મંગળવારે જન્મેલાને મંગળિયો શુક્રવારે જન્મેલાને શુકરો અને રવિવારે જન્મેલાને રવલો જેવા નામ પાડવામાં આવે છે./ ડાંગ વિસ્તારમાં કેટલાક સુખી લોકો બ્રાહ્મણને બોલાવી નક્ષત્ર અથવા તો ગ્રહના આધારે નામકરણ વિધિ પણ કરાવવામાં આવે છે. નામકરણવિધિ પતી ગયા બાદ હાજર રહેલા સગાઓ અને મિત્રો બાળકને ૧૦, ૧૫, ૨૫ ન.પૈ. જેવી ભેટ આપે છે. આ વિધિમાં

ફોઈની હાજરીનું ખાસ મહત્વ હોય છે. તેને કપડાં તેમજ પિતાની સ્થિતિ પ્રમાણે રૂા. ૨ થી રૂા ૫ જેવી રકમ આપવામાં આવે છે.

<u>મુંડન :</u>

સામાન્ય રીતે કાથોડીઓમાં બાળકની મુંડન ક્રિયા એક વર્ષની ઉપર પછી કરવામાં આવે છે. કાથોડીઓમાં મુંડનની ક્રિયા વ્યાપક પ્રમાણમાં હોતી નથી. કેટલાક કુટુંબો આ ક્રિયા કરતા હોય છે. સામાન્ય રીતે આ ક્રિયા ઘેર જ કરવામાં આવતી હોય છે. આ પ્રસંગે પણ બાળકની ફોઈને ઘેર બોલાવવામાં આવે છે. ગામનો હજામ આવીને બાળકના માથાના વાળ ઉતારે છે અને તેને રૂપિયો એક રિવાજ પ્રમાણે આપવામાં આવે છે. આ પહેલાં બાળકની ફોઈ માથાના થોડા વાળ કાપે છે અને આ વાળને નાળિયેર સાથે નદીમાં પધરાવવામાં આવે છે. આ ક્રિયા પૂરી થયા બાદ જ્યારે બાળકની ફોઈ તેના ઘેર જાય છે ત્યારે તેને બાળકના પિતાની આર્થિક સ્થિતિ અનુસાર રૂપિયા એક થી રૂા. ત્રણ સુધીની રોકડ રકમ અપાય છે.

<u>પ્રતિબંધિત જાતિય સંબંધો અને લગ્ન :</u>

જો કે કાથોડીઓ એવો દાવો કરે છે કે તેઓ લગ્ન પહેલાંના બહારના જાતિય સંબંધોને લગ્ન પહેલાંના જાતિય સંબંધોને ચલાવી લેતા નથી પરંતુ એવું નોંધવામાં આવ્યું છે કે જાતિના કેટલાક છોકરા છોકરીઓ વચ્ચે લગ્ન પહેલાંના જાતિયસંબંધો અસ્તિત્વમાં હતા. કાથોડીઓમાં એવી કોઈ સંસ્થા નથી કે જે મોટા છોકરા-છોકરીઓને જાતિય સંબંધી માહિતીનું સાધન બની શકે. પુખ્ત ઉંમરે પહોંચની છોકરીઓ જાતિ સંબંધી માર્ગદર્શન તેમની મોટી બહેનપણીઓ મારફત મેળવે છે તેમજ છોકરાઓ તેમના જાતિય અંગો અને જાતિય સંબંધીવાળા રમૂજી ટૂચકા અને અન્ય રીતે બિભત્સ રીતે બોલીને બિભત્સ આનંદ મેળવતા હોય છે. ક્ષેત્ર કાર્ય દરમિયાન અમને જોવા મળ્યું કે લગ્ન પહેલાંના જાતિય સંબંધો વિષેના માત્ર બે જ કિસ્સાઓ ગામના પટેલના ધ્યાન ઉપર લાવવામાં આવ્યા હતા. પ્રથમ કિસ્સામાં કાથોડી છોકરી અને ગામીત યુવક સંડોવાયો હતો જ્યારે બીજા કિસ્સામાં ગામની શાળાનો બિન આદિવાસી શિક્ષક સંડોવાયો હતો.

જો કાથોડી છોકરા છોકરી કોઈપણ પ્રકારના જાતિય સંબંધો રાખે તો તેઓ નાસી જતાં અને ઊભટ લગ્ન કરતા. ઉપર મુજબના બે કિસ્સાઓ અમને એવું નક્કી કરવા તરફ દોરે કે

કાથોડાઓ લગ્ન પહેલાંના જાતિય સંબંધો ચલાવી લે છે.

સામાન્ય રીતે સમાજમાં લગ્ન પછીના બહારના જાતિય સંબંધોને ચલાવી લેવામાં આવતા નથી. આ નિયમનો ભંગ કરનાર ગુનેગારને શિક્ષા કરવામાં આવે છે તેમજ તેનો બહિષ્કાર પણ કરવામાં આવે છે. જો કે કાથોડા છોકરો બીજી જાતિની છોકરી સાથે મોજશોખ કરે તો તેને ગંભીર બાબત ગણવામાં આવતી નથી.

લગ્ન :

જે કોઇ કાથોડા યુવાન લગ્ન ન કરે તેનો સામાજિક દરજ્જો નીચો માનવામાં આવતો હોવાથી કાથોડા જાતિમાં લગ્નને જરૂરી ગણવામાં આવ્યું છે. એક એવી પણ માન્યતા પ્રવર્તમાન છે કે જે યુવાન લગ્ન ન કરે તો તે તેના મૃત્યુ બાદ ભૂત બને છે. કાથોડાઓમાં લગ્ન 'પેન' તરીકે ઓળખાય છે.

એક પતિ એક પત્નીત્વ ધરાવતું લગ્ન કાથોડાઓમાં લોકપ્રિય છે. અભ્યાસમાં આવરી લેવાયેલા ૧૭૪ કુટુંબોમાંથી માત્ર ૧૦ કુટુંબોમાં જ બહુ પત્નીત્વવાળું લગ્ન થયેલું તેમજ બન્ને એક સમયે જ હૈયાત હતી. માત્ર એક જ કિસ્સામાં એક ભગતને એક સાથે ત્રણ પત્નીઓ હતી તેમજ તેમના બાળકો પણ હૈયાત હતા. વડોદરા રાજ્યના વસ્તી ગણતરી અહેવાલ મુજબ કાથોડાઓમાં બહુપત્નીત્વ લગ્ન તેમજ વિધવા વિવાહ પધ્ધતિ ચાલતી હતી. હાલમાં કાથોડાઓમાં માત્ર જૂજ પ્રમાણમાં જ બહુપત્નીત્વવાળા લગ્નો જોવા મળે છે તેનું સૌથી અગત્યનું કારણ આર્થિક પરિસ્થિતિ છે. કાથોડાઓ આર્થિક રીતે ઘણાં જ ગરીબ હોવાને કારણે તેમના માટે લગ્ન કરવા રૂા. ૬૦ થી રૂા.૧૨૫ જેવી દહેજની રકમ ભેગી કરવાનું મુશ્કેલ હોય છે. દહેજ સિવાયના પણ અન્ય પ્રકારના ઘણાંજ ખર્ચાઓ થતા હોય છે. ઘરેણા, દારૂ, આવકાર વગેરે જેવામાં તેમને લગભગ રૂા.૫૦૦ જેવું ખર્ચ થતું હોય છે. પરંતુ જે લોકો આવા ખર્ચો કરવા શક્તિમાન હોય છે તેઓ બહુપત્નીત્વ લગ્ન કરતા હોય છે. કેટલાક કિસ્સાઓમાં એક પત્ની હયાત હોવા છતાં બીજી પત્ની કરવી જરૂરી પણ હોય છે. દા.ત. પહેલી પત્નીનેથી બાળક જન્મતું ન હોય. કેટલાક કિસ્સાઓમાં બન્ને પત્નીઓ બહેનો પણ હોય છે. મોટી ઉંમરના સ્ત્રીઓએ જણાવ્યું કે પહેલાના સમયમાં દહેજની રકમ ઘણી થોડી હોવાને કારણે લગ્ન કરવાનું ખર્ચ ઓછું થતું હતું. કેટલાકવાર કન્યાના પિતાને દારૂ પીવડાવવાને તે દિકરાને બહુ તરીકે

મેળવવાનું શક્ય હતું.

લગ્ન માટે છોકરા છોકરીની પસંદગી કરવાની બાબતમાં ઘણા પરિવર્તનો આવતા રહ્યા છે. આની પાછળનું મુખ્ય કારણ ખરીદો દ્વારા લગ્ન પદ્ધતિ છે. આ પદ્ધતિમાં કન્યાની પિતા પૈસાના બદલામાં તેને વેચતી કોઇપણ પ્રકારના લગ્નમાં, કિંમત ચૂકવીને કન્યાને લાવવાનું એ સામાજિક રીતે સ્વીકારાયેલો પરંપરાગત રિવાજ છે. મોટા થયેલા લોકો પાસે જરૂરી પૈસા ન હોય તો પરંપરાગત લગ્ને પસંદ કરતા નથી. તેથી આજના દિવસોમાં નીચે જણાવેલા પ્રકારના લગ્નો થતાં જોવા મળે છે.

પ્રેમ લગ્ન :

જંગલમાં લાકડાં એકઠા કરવા માટે તેમજ કોલસા પાડવા માટે યુવકોએ સાથે કામ કરવું પડે છે. વધુમાં કાથોડીઓ થોડા જ ગામોમાં તેમજ થોડા ઓછી સંખ્યામાં રહેતા હોય છે અને તેથી તેઓ એક બીજાના નજીક હોય છે અને એકબીજા સાથે નજીકના સંબંધો પણ હોય છે. આવી પરિસ્થિતિમાં યુવાનોને એકબીજાના નજીક જવા માટેની પુરતી તકો મળી રહેતી હોય છે. જે છે છેવટે પ્રેમલગ્નમાં પરિણમે છે. જો કે કેટલાક કિસ્સાઓમાં આવા લગ્નો માબાપની ઇચ્છા વિરુદ્ધ થતાં હોય છે અને મોટા ભાગે માબાપ તેમને સ્વીકારતા હોય છે. અને કંઇમાં આવા બનાવો મળી રહેલા હોય છે. જ્યાં એક શિક્ષિત કાથોડી યુવતિ તેની જાતિમાં તેને યોગ્ય પાત્ર મેળવવા અશક્તિમાન હોવાથી ગામમાં ગામીત યુવક સાથે લગ્ન કર્યું હતું. આવા પ્રકારના લગ્નોમાં પણ વરના પિતાએ કન્યાની કિંમત ચુકવવી પડતી હોય છે.

પરસ્પર બદલાબદલી લગ્ન :

જેઓ લગ્ન માટે વતી ખર્ચ કરી શકે એવા લોકોમાં આ પ્રમાણે પરસ્પર બદલા-બદલી પ્રકારના લગ્ન થતા હોય છે. આ પદ્ધતિમાં કન્યાના બદલામાં બહેનને આપવામાં આવે છે.

ઘરજમાઇ પદ્ધતિ :

કાથોડીઓમાં 'ખાનદાન' અથવા તો ઘરજમાઇની પદ્ધતિ અથવા તો રિવાજ જોવા મળે છે. આ પ્રકારના લગ્નનું મુળ કારણ પણ આર્થિક હોય છે. કોઇ વ્યક્તિ કન્યાની કિંમત ચુકવવા અસમર્થ હોય તો તે લગ્ન બાદ લગભગ ૪-૫ વર્ષ સુધી કન્યાના પિતા સાથે રહેતી હોય છે. આ સમય ગાળા દરમિયાન તે ત્યાં સેવા અથવા નોકરી કરે છે અને આમ તેણે કરેલી સેવા અથવા તો કામ કરીને કન્યાની કિંમત વસુલ કરવામાં આવતી હોય છે. કાથોડીઓમાં

અને (                    ) ની પ્રથાનિ પણ અસ્તિત્વમાં છે.

કાથોડાઓમાં ભૂચવાને અથવા તો બળજબરી પ્રકારના લગ્નોને સામાજિક મંજૂરી મળતી નથી. પરંતુ આવા કિસ્સાઓમાં વરપક્ષે કન્યાની બેગણી કિંમત ચૂકવવી પડતી હોય છે.                    લગ્ન ઉપર સંપૂર્ણ પ્રતિબંધ મૂકાયો નથી પરંતુ આવા પ્રકારના કેટલાક લગ્નો માટે મંજૂરી પણ અપાઇ છે. ભાઇ અને બહેનના બાળકો ખાસ કરીને બહેનની પુત્ર અને ભાઇની દીકરી વચ્ચે આંતર લગ્ન થઇ શકે છે. ક્ષેત્ર કાર્ય દરમિયાન આ પ્રકારના લગ્નના ચાર કિસ્સાઓ નોંધાયો હતા. પરંતુ બે ભાઇઓ અથવા તો બે બહેનોના બાળકો વચ્ચેના લગ્નો પ્રતિબંધિત છે.

સર્વેક્ષણ હેઠળના ૧૭૪ કુટુંબોમાં પરિણિત પુરુષો અને સ્ત્રીઓના સ્થિતિ નીચે પ્રમાણે જોવા મળી હતી.

કોઠો-૨૭

લગ્નના દરજ્જા પ્રમાણે વસ્તીની વહેંચણી

| લગ્ન-દરજ્જો | પુરુષ | સ્ત્રી | કુલ |
|---|---|---|---|
| પરણિત | ૨૦૧(૫૦.૧) | ૨૦૦(૪૯.૯) | ૪૦૧(૧૦૦.૦) |
| અપરણિત | ૨૯૦(૫૫.૨) | ૨૩૫(૪૪.૮) | ૫૨૫(૧૦૦.૦) |
| વિધુર/વિધવા | ૮(૩૦.૧) | ૧૮(૬૯.૯) | ૨૬(૧૦૦.૦) |
| કુલ | ૪૯૯(૫૨.૪) | ૪૫૩(૪૭.૬) | ૯૫૨(૧૦૦.૦) |

(કોઠામાં બતાવેલા આંકડા ટકાવારી સૂચવે છે.)

## લગ્ન વય :

મુંબઇ પ્રદેશના ગેઝેટિયર-૧૯૦૧ પ્રમાણે પહેલાંના સમયમાં સામાન્ય રીતે પંદર વર્ષની ઉંમરે છોકરા અને છોકરી લગ્ન કરતા હતા પરંતુ હાલમાં લગ્નની વય ધીમે ધીમે વધતી રહી છે. હાલના જમાનામાં છોકરીનું લગ્ન સામાન્ય રીતે ૧૩ થી ૧૮ વર્ષની ઉંમરમાં કરવામાં આવે છે જ્યારે છોકરાનું લગ્ન ૧૬-૨૨ વર્ષની ઉંમર દરમિયાન કરવામાં આવે છે.

ક્ષેત્ર સંશોધનમાં લગ્નની ઉંમર સંબંધિ માહિતી એકઠી કરવામાં આવી હતી. કોઠા-૨૮ માં તેમની જાતિ પ્રમાણે તેમના પ્રથમ લગ્ન સમયની ઉંમર વિષે બતાવવામાં આવ્યું છે.

કોઠો-૨૮ : જાતિ પ્રમાણે પ્રથમ લગ્નની ઉંમર

| ઉંમર | પુરુષ | સ્ત્રી |
|---|---|---|
| ૧૩-૧૫ વર્ષ | ૨૦(૦૯.૫) | ૧૦૨(૪૬.૮) |
| ૧૬-૧૮ વર્ષ | ૮૫(૪૦.૭) | ૯૮(૪૪.૯) |
| ૧૯-૨૨ વર્ષ | ૧૦૪(૪૯.૮) | ૧૮(૦૮.૩) |
| કુલ | ૨૦૯(૧૦૦.૦૦) | ૨૧૮(૧૦૦.૦૦) |

આ આંકડા એવું સૂચવે છે કે મોટા ભાગની છોકરીઓના લગ્ન ૧૩ થી ૧૫ વર્ષની ઉંમર દરમિયાન થયા હતા. ૨૧૮ પરણિત સ્ત્રીઓમાંથી ૧૦૨ એટલે કે ૪૬.૮% સ્ત્રીઓનું લગ્ન ૧૫ વર્ષની નીચેની ઉંમરમાં થયું હતું. જ્યારે ૨૦૯ પરણિત પુરુષોમાંથી ૧૦૪ (૪૯.૮%) પુરુષોનું લગ્ન જ્યારે તેઓ ૧૯ થી ૨૨ વર્ષની વયના હતા ત્યારે થયું હતું. બીજા શબ્દોમાં કહીએ તો છોકરાના લગ્ન ૧૯ વર્ષથી વધુ વયમાં થયા નથી.

ગુજરાતમાં કાથોડીઓ મુખ્યત્વે પાંચ વિસ્તારમાં રહેતા જોવા મળે છે. તેઓ એક ગામમાં લગભગ ૧૦ થી ૧૫ કુટુંબોની સંખ્યામાં ખાસ વિસ્તારમાં રહેતા હોય છે. તેમની સંખ્યા ઓછી હોવાને કારણે લગ્ન માટે યોગ્ય પાત્ર મેળવવામાં મર્યાદા આવી જાય છે. આને કારણે તેમને તે જ ગામમાં અથવા તો નજીકના ગામમાં જ લગ્ન કર્યા સિવાય કોઇ વિકલ્પ રહેતો નથી. ડાંગ અને વ્યારા વિસ્તારમાં વસતા કાથોડીઓને મહારાષ્ટ્રમાં પણ લગ્ન સંબંધ હોય છે કારણ બન્ને વિસ્તારની હદ મહારાષ્ટ્ર રાજ્યની હદને અડીને આવેલી છે એ જ પ્રમાણે વિજય-નગર મહાલ (સાબરકાંઠા જિલ્લો ) માં વસતા કાથોડીઓ રાજસ્થાનમાં તેમના લોકો સાથે લગ્ન સંબંધ બાંધે છે. કારણ તેઓ રાજસ્થાન રાજ્યની હદની નજીક આવેલા છે. કોઠો-૨૯ માં તેઓ કેટલા દૂરના અંતરે લગ્ન સંબંધ બાંધે છે તે વિષે બતાવે છે.

કોઠો-૨૯

લગ્ન કેટલા દૂરના અંતરમાં નક્કી કરવામાં આવે છે.

| ક્રમ | વિસ્તાર | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | તેજ ગામમાં | ૯૩ | ૪૪.૫ |
| ૨. | ૫ કિ.મી.ના અંતરમા | ૩૭ | ૧૭.૭ |
| ૩. | ૬ થી ૧૦ કિ.મી.ના અંતરમાં | ૨૯ | ૧૩.૯ |
| ૪. | ૧૧ થી ૨૦ કિ.મી.ના અંતરમાં | ૨૦ | ૯.૬ |
| ૫. | ૨૦ કિ.મી. થી વધુ અંતરમા | ૩૦ | ૧૪.૩ |
| | કુલ | ૨૦૯ | ૧૦૦.૦ |

ઉપરના કોઠા ઉપરથી એ સ્પષ્ટ થાય છે કે મોટાભાગના કાથોડાઓ તેમના ગામોમાં જ લગ્ન કરતા હોય છે. કુલ ૨૦૯ પરણિત પુરુષોમાંથી ૩૯.૭% પુરુષોએ તેમના ગામોમાં જ લગ્ન કર્યું હતું. જ્યારે ૪૪ વ્યક્તિઓના બાબતમાં તેમણે બહારના વિસ્તાર એટલે કે મહારાષ્ટ્ર અને રાજ્યસ્થાનમાંથી લગ્ન માટે પાત્ર મેળવ્યું હતું. પરંતુ એ બાબત ધ્યાનમાં રાખવા જોઈએ કે રાજ્યની ભૌતિક હદની તેમને કોઈ જાણ હોતી નથી. તેમજ જે કિસ્સાઓમાં રાજ્ય બહાર લગ્ન કર્યું હતું તેમાં મોટાભાગના કિસ્સામાં આ રાજ્યના તેમના ગામની નજીક નજીકના ગામમાંથી જ પાત્ર મેળવ્યું હતું. એ પણ શક્ય છે કે કેટલાક વ્યક્તિઓએ તેમના મહારાષ્ટ્ર અને રાજ્યસ્થાન રાજ્યના વિસ્તારમાં કરેલા સ્થળાંતરને કારણે તે રાજ્યોમાંથી કન્યા લાવ્યા હતા.

કાથોડાઓ જુદા જુદા જિલ્લાઓમાં નાના વિસ્તારમાં વસતા હોવાને કારણે લગ્ન માટેનું પાત્ર શોધવાના અવકાશમાં મર્યાદા આવે છે તેથી કેટલાક લગ્નો એક જ ગોત્રમાં કરવામાં આવેલા જોવા મળ્યા હતા. જો કે તેમણે જણાવ્યું હતું કે શક્ય હોય ત્યાં સુધી તેઓ એક જ ગોત્રમાં લગ્ન કરવાનું ટાળતા હોય છે. હકીકતમાં તો તેમના સામાજિક સંગઠનનું આશ્ચર્યકારક પાસું એ છે કે ગોત્ર કડકપણે એક શાખાના જ હોય છે પરંતુ હાલના દિવસોમાં તેમને ખાસ વિસ્તારમાં અને થોડા સંખ્યામાં રહેવાની ફરજ પડવાને કારણે માત્ર એક જ ગોત્રમાં લગ્ન કરવાનું [illegible] નભવું પડતું રહ્યું છે.

કોઠા-૩૦ માં બતાવેલા આંકડા સ્પષ્ટપણે સૂચવે છે કે કાથોડાઓ તેમના ગોત્રમાં લગ્ન કરે છે. ૨૦૯ પરણિત પુરુષોમાંથી ૧૧૧ પુરુષોએ ક્યા ગોત્રમાં લગ્ન કર્યું હતું તે કહેવા શક્તિમાન હતા. આ ૧૧૧ પુરુષોમાંથી ૪૭ પુરુષોની (૪૨.૧%) પત્ની સરખા જ ગોત્ર અથવા કુળની હતી. (જુઓ કોઠો-૩૦).

| ગોત્ર | મોલાલ | વારમા | ચાવરા | વાઘેર | મુકન્યા | પવાર | ડાભર | લાખન | વાઘમારે | મેહુ | ભોયા | વર્દે | જાદવ | વુમ | દેશમુખ | નાયા | ડામરી | માઠો | ગંગોડ | અન્ય આદિ વાસી | આમોન | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| મુકન્યા | ૩ | ૧ | ૫ | ૧ | - | - | - | ૧ | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | ૧૧ |
| પવાર | ૨ | - | ૬ | - | ૨ | ૪ | ૧ | - | - | - | - | [illegible] | ૧ | - | - | - | - | ૧ | - | ૧ | - | ૧૮ |
| સાવાયા | ૨ | - | - | ૧ | ૧ | ૬ | - | - | - | - | - | ૧ | - | - | ૧ | - | - | - | - | - | - | ૧૨ |
| ગાવીત | - | - | - | - | ૧ | ૧ | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | ૨ |
| દેવ | - | - | - | - | - | ૧ | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | ૧ |
| મોયલ | - | - | ૧ | - | - | - | - | - | ૧ | ૧ | ૧ | - | - | - | - | - | - | - | - | - | - | ૪ |
| કુંભ | - | - | - | ૨ | - | - | - | - | - | - | - | ૧ | - | - | - | - | - | - | - | - | - | ૩ |
| ડાવર | - | - | - | - | - | - | - | - | - | - | - | - | ૧ | - | - | - | - | - | - | - | - | ૧ |
| લાખન | ૧ | - | ૧ | - | - | ૧ | - | - | ૨ | - | - | - | - | - | - | - | - | - | - | - | - | ૫ |
| વાઘેર | - | - | ૧ | ૧૯ | - | - | - | - | - | - | - | - | - | - | - | ૧ | - | ૧ | - | ૪ | - | ૨૬ |
| નાયક | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | ૨૪ | [illegible] | - | - | - | - | ૨૪ |
| ગંગોદ | - | - | - | ૨ | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | ૨ |
| ભોઇ | - | - | - | ૧ | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | ૧ |
| કોંકણી | - | - | - | ૧ | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | ૧ |
| કુલ | ૮ | ૧ | ૧૪ | ૨૭ | ૪ | ૧૩ | ૧ | ૧ | ૩ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૧ | ૨૫ | ૧ | ૧ | ૪ | ૧ | ૧ | ૧૧[illegible] |

o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o

માબાપ દ્વારા ગોઠવાયેલા લગ્નો :

અભ્યાસ દ્વારા હાથ ધરાયેલા કિસ્સાઓ એવું પ્રતિપાદન કરે છે કે લગ્નો માબાપ દ્વારા ગોઠવાયેલા પ્રકારના લગ્નો છે. બાળકને ઉંમરલાયક થતાં તેમના માબાપ તેમને માટે પાત્ર પસંદ કરતા. જો કે તેમાં છોકરા કે છોકરાની મંજૂરી રહેતી. લગ્ન ગોઠવવા માટેની વાતચીત વચ્ચેવાળી વ્યક્તિ કે જે બન્ને પક્ષને ઓળખતા હોય છે તેમના દ્વારા થતી હોય છે અને તે 'હથાયી' તરીકે ઓળખાય છે. વચ્ચે રહેલો વ્યક્તિ છોકરાના પિતાને કન્યા વિશે વાત કરે છે. ત્યારબાદ છોકરો તથા તેના પિતા યોગ્ય દિવસે કન્યાના પિતાના ઘેર મુલાકાત માટે જાય છે. આ હથાયીને પણ હાજર રહેવાનું આમંત્રણ અપાય છે. વચ્ચે રહેલો વ્યક્તિ દ્વારા છોકરાના પિતા કન્યાના પિતા સાથે ચર્ચા કરે છે. તેઓ સગાઇ કરવા માટે કહે છે કે જે 'સોહુલા' તરીકે ઓળખાય છે. છોકરાને જોયા બાદ કન્યાના પિતાને પૂછવામાં આવે છે કે તેઓ તેમની દિકરી આપવા તૈયાર છે કે કેમ ? માબાપ છોકરા છોકરી પસંદ કરતી વખતે કેટલીક બાબતો ધ્યાનમાં રાખે છે. છોકરાની બાબતમાં તે [illegible] તંદુરસ્ત, યુવાન અને કમાતો હોવો જોઇએ જ્યારે કન્યાની બાબતમાં તે [illegible] અને ઘરના કામકાજમાં ચપળ હોવી જોઇએ. તેનું શરીર બંધારણ પણ મજબૂત હોવું જોઇએ. પહેલાં જણાવ્યા પ્રમાણે તેઓ છોકરી અને છોકરાની [illegible] માટે સંમતિ મેળવતા હોય છે. જો તેઓ સહમત થઇ શકે તો તેઓ કન્યાની કિંમત અથવા તો દહેજ જે હાલમાં રૂ.૬૦ થી ૨૦૦ સુધીનું હોય છે તે નક્કી કરે છે. છોકરાના પિતાએ આ દહેજની રકમ રોકડમાં આપવાની હોય છે. વાતચીતના સમયે કેટલીક બાબતોનો નિર્ણય કરવાનો હોય છે તેમાં છોકરાના પિતા એ દહેજની રકમ તરત જ ચૂકવશે કે હપ્તા દ્વારા ચૂકવવામાં આવશે જે લગ્ન બાદ પણ આપી શકાય છે. જો લગ્ન પછી પણ કન્યાની કિંમત ચૂકવવામાં ન આવે તો કન્યાના પિતા તેમની દિકરીને લઇ જાય છે જેને 'બોલપેન' તરીકે ઓળખાય છે. 'બોલ'નો અર્થ વચન થાય છે અને 'પેન'નો અર્થ લગ્ન થાય છે. સગાઇ નક્કી થયા બાદ છોકરાના પિતા પોતાનાગામ પાછા ફરે છે અને જાહેર કરે છે કે લગ્નની તારીખ નક્કી કરાઇ છે. આને 'લોલપેન' અથવા 'લગ્નવચન' તરીકે ઓળખાય છે.

નાનો-પેન :- (સગાઇ) લગભગ ૧૫ થી ૨૦ વ્યક્તિઓ, વચ્ચે રહેલા વ્યક્તિને સાથે રાખીને કન્યાના પિતાને ઘેર જાય છે. તેઓ તેમના સાથે દારૂ પણ લઇ જાય છે. સગાઇની બધી જ ઔપચારિકતા કન્યાના ઘેર કરવામાં આવે છે.

સગાઇના સમયે કન્યા અને છોકરાને કપડું પાથરેલા પાટલા ઉપર બેસાડવામાં આવે છે. જુવાર તથા ચોખાના પોટલાઓ તેમના નજીક મુકવામાં આવે છે. સગાઇની વિધિ ક્રિયાકારી વ્યક્તિ દ્વારા બન્ને પક્ષના સગાઓની હાજરીમાં કરવામાં આવે છે. નૃત્ય સાથે લગ્નના ગીતો ગાવામાં આવે છે. છોકરા પક્ષ તરફથી બધાને દારુ અને તાડગોળ આપવામાં આવે છે. આ સમય દરમિયાન કન્યાની દિંજનો પહેલાની રકમ તરીકે રૂ.૩૦થી૩૦ મુકવામાં આવે છે. છોકરીની દિંજના હપતા કેવી રીતે ચુકવાશે તેનો નિર્ણય ૩ થી ૪ વડીલોની હાજરીમાં લેવાય છે.

સગાઇની વિધિ પુરી થયા બાદ કન્યા પક્ષ તરફથી છોકરા પક્ષને જુવાર અથવા તો નાગલીના રોટલા જમાડવામાં આવે છે. જેઓ આર્થિક રીતે સધ્ધર હોય તેઓ મરઘો અથવા બકરાનું માંસ અને દારુ પણ આપે છે. સાંજના સમયે છોકરા પક્ષના લોકો પોતાના ગામ પાછા ફરે છે.

સગાઇ કર્યા પછી તેને તોડવી શક્ય નથી. જો છોકરીના પિતા સગાઇ ફોક કરે તો કન્યાની દિંજની બેવડી રકમ છોકરાના પિતા છોકરીના પિતા પાસેથી વસુલ કરે છે. જો છોકરાના પિતા સગાઇ ફોક કરે તો તેમને છોકરીના પિતાને છોકરાની દિંજ પડતી મુકવી પડે છે તથા દંડ પણ આપવો પડે છે.

લગ્ન સગાઇ કર્યા પછીના થોડા જ દિવસોમાં અથવા તો મહિનાના ગાળામાં કરવામાં આવે છે. લગ્નને 'મોટોપેન' તરીકે ઓળખે છે. મોટો એટલે મોટું એવો અર્થ કરવામાં આવે છે.

મોટો પેન :

લગ્નના દિવસના બે દિવસ અગાઉથી લગ્ન ગીતો ગાવાની શરુઆત થાય છે અને લગ્નના એક દિવસ પહેલા માંડવો બાંધવામાં આવે છે. લગ્નની જાન છોકરાના ઘેરથી સવારમાં નીકળે છે જેમાં ૩૦-૪૦ જેટલા સ્ત્રી-પુરુષો હોય છે. જો શક્ય હોય તો તેઓ બળદગાડામાં જાય છે અથવા તો ચાલીને જાય છે. તેઓ તેમની સાથે એક ટંકનું ખાવાનું પણ સાથે લઇ જાય છે. જાનમાં તેઓ નૃત્ય કરતા અને લગ્ન ગીતો ગાતા ગાતા જાય છે. તેમજ વરરાજાને પણ નૃત્ય કરવું પડે છે. તેઓ થેલીમાં કન્યાના કપડા અને ભેટ તરીકે આપવાનો જથ્થો અથવા દાગીના તેમની સાથે લઇ જાય છે. તેમજ છોકરાના પિતા માટે ફેંટો અથવા પાઘડી તેમજ કન્યાની માતા માટે કોડડા અથવા સાડી પણ લઇ જાય છે. બધી વસ્તુઓ ભરેલી થેલી સ્ત્રી માથા ઉપર ઉંચકી લે છે જ્યારે તેઓ કન્યાના ઘર નજીક આવે ત્યારે તેમને કન્યા પક્ષના લોકો..........

તરફથી આવકાર આપવામાં આવે છે. તેઓ કોઇ ઝાડ નીચે પડાવ નાખે છે ને સામાન્ય રીતે કન્યાના ઘરથી થોડે દૂર હોય છે.

લગ્ન વિધિ કન્યાના ઘરના મંડપમાં મોડી સાંજે અથવા તો રાત્રે કરવામાં આવે છે. લગ્ન વિધિ સમયે એક કપડા ઉપર વર અને કન્યાને એક બાજુનાસામે બેસાડવામાં આવે છે અને લગ્નવિધિ જાણવો માણસ દ્વારા કરવામાં આવે છે. તેઓ થાળીમાં દીવો સળગાવે છે કે જેમાં કન્યાના કિંમતની રકમ પણ મુકવામાં આવે છે. ત્યારબાદ 'છેડાછેડી' નો ક્રિયા જેમાં કન્યાની સાડીના એક છેડાને વરના ખભેસ સાથે સૂકિ વાળીને બાંધવામાં આવે છે. તેઓ સાંગલા દેવ અને આસોતરાના વૃક્ષની પુજા કરે છે. તેઓ પુજા સાથે સાંગલા દેવને જુવાર ચોખા અને અગરબત્તી ચઢાવે છે. પુજા વિધિ પુરો થયા બાદ વર અને કન્યા બન્ને ઘેર જઇને સ્નાન કરે છે.

લગ્નમાં હાજર રહેલા લોકોનું આનંદ પ્રમોદ કરાવનારા લોકો રમુજી ટુચકા અને વિવિધ પ્રકારના અવાજો કાઢીને તેમનું મનોરંજન કરે છે. છોકરા છોકરાઓ આખી રાત નૃત્ય કરવાનું અને ગીતો ગાવાનું ચાલુ રાખે છે.

લગ્ન વિધિઓ પુરો થયા બાદ કન્યાને છોકરાના ઘેર લઇ જવા માટે વળાવવામાં આવે છે જો તે ગામમાં છોકરા પક્ષનું કોઇ સગું રહેતું હોય અથવા તો કન્યાના પિતા તેમને એક દિવસ વધુ રાખવા માગે તો તેમને ખવડાવવાનું સ્વીકારવું પડે છે. કન્યાને વળાવતી વખતે તેના ૧૦-૧૫ બહેનપણીઓ કન્યાની જાનમાં જોડાય છે. કન્યા તેના પતિના ઘેર પાંચ દિવસ સુધી રહે છે. આ સમય સુધી તેઓ સગાઓની હાજરીને કારણે સાથે સુઇ શકતા નથી. તેમજ શારીરિક સંબંધો પણ બાંધી શકતા નથી. છઠ્ઠા દિવસે કન્યાની બહેનપણીઓ તેને તેના પિતાના ઘેર તેડી જાય છે. નવમા દિવસે તે કન્યાનો પતિ તેના ૨-૩ મિત્રો સાથે તેના સાસરામાં જાય છે અને તેની પત્નીને તેના ઘેર પાછો લાવે છે. ત્યારબાદ જ તેઓ પતિ પત્ની તરીકે રહેવાનું ચાલુ કરે છે.

લગ્ન અને 'પેન' વચ્ચે થોડો તફાવત છે. ખરાબ આર્થિક પરિસ્થિતિને કારણે વ્યક્તિ લગ્નનો તમામ ખર્ચ પુરો કરી શકે નહિ. આવા કિસ્સામાં તે 'પેન' ચૂકવીને કન્યા લાવે છે. જેને 'પેન ભારસ' તરીકે ઓળખવામાં આવે છે. આ લગ્ન કરતાં ઓછું ખર્ચાળ હોય છે કારણ કે માંડવો બાંધવામાં આવતો નથી તેમજ વર અને કન્યાને તેલ અને હળદળ વાળી પીઠી ચઢાવવામાં આવતી નથી. તેમજ જ્યારે તેઓ ખર્ચ કરવા શક્તિમાન થાય ત્યારે લગ્નની ખરી વિધિ પતાવી શકે છે. જેટલે કેટલાક કિસ્સાઓમાં આ વિધિ તેમને બાળકો જન્મ્યા બાદ પણ પતાવવામાં આવતી હોય છે. તેમની ગરીબ આર્થિક પરિસ્થિતિ હોવાને કારણે

કેટલાક જોડાઓ તો તેમનો લગ્ન ક્રિયા પુરો કરવા માટે કદી પણ શક્તિમાન હોતા નથી.

## છૂટાછેડા અથવા ફારગતી :

કાથોડાઓમાં છૂટાછેડા મેળવવાનું સહેલું હોય છે. છૂટાછેડા માંગવા માટે પતિ-પત્ની બન્નેને સરખા જ હક્ક હોય છે. પતિ અથવા પત્ની પંચ પાસે જઈને તેમને છૂટાછેડા માટે સાંભળવા તથા તે આપવા માટે રજૂઆત કરે છે. લગ્ન પછીના ૩-૪ વર્ષના સમયમાં છૂટાછેડાના કિસ્સાઓ વધુ પ્રમાણમાં જોવા મળે છે. જે લગ્ન બાળકોના જન્મ બાદ છૂટાછેડા મેળવવાનું પ્રમાણ ઓછુ હોય છે. છૂટાછેડા માટે કેટલાક કારણો જવાબદાર હોય છે.

૧) જ્યારે પતિ પત્નીઓમાં માનસિક રીતે સુમેળ ન હોય,
૨) જ્યારે પતિ પત્નીને મારઝુડ કરતો હોય,
૩) જ્યારે પત્નીને તેના સાસરીયા તરફથી હેરાન કરવામાં આવતા હોય,
૪) જ્યારે તેઓ શારિરીક સંબંધો બાંધી શકવા અશક્તિમાન હોય (પુરુષ નપુંસક હોય અને સ્ત્રી ગુસ્સા વગરની હોય)
૫) જ્યારે તેઓ લાંબા ગાળા સુધી માંદગી ભોગવતા હોય અથવા તો કાયમી અપંગ બની ગયા હોય,
૬) બીજી વ્યક્તિ સાથે શારીરિક સંબંધો બાંધ્યા છે એવી શંકા જન્મે ત્યારે,
૭) ગરીબાઈને કારણે પતિ તેની પત્નીનું ભરણપોષણ કરવા અસમર્થ હોય,
૮) જ્યારે સ્ત્રી લાંબા સમય સુધી વાંઝીયો હોય,
૯) મોટા ભાગના છૂટાછેડાના કિસ્સા ઉપર જણાવેલા કારણ ૧,૨,૬ અને ૮ ને કારણે બનતા હોય છે જો કે ગુજરાતના કાથોડાઓમાં સંગઠીત પંચોની સંખ્યા ઘણી નાની હોય છે. અને તે જ્યાં તેમની સારી એવી વસતી હોય. આ પંચના સભ્યોમાં વડીલોનો સમાવેશ થાય છે. તેથી છૂટાછેડા માગવાના કિસ્સામાં બન્ને પક્ષકારને સાંભળે છે અને પછી નક્કી કરતા હોય છે. જો પતિ છૂટાછેડાની માંગણી કરે તો તેને કન્યાની કિંમત પરતી મુકવી પડે છે. જો પત્ની તરફથી છૂટાછેડાની માંગણી કરવામાં આવે તો તેને તેની કિંમતના બેવડા રકમ સુધીની રકમ ચુકવવી પડે છે. પરંતુ જ્યારે તે પુનર્લગ્ન કરે ત્યારે તે રકમ તેના નવા પતિ પાસેથી લઈને તેના પહેલાના પતિને ચુકવવામાં આવે છે. પંચનો નિર્ણય છેવટનો હોય છે અને તે બન્નેને તે બંધનકર્તા હોય છે. તેમજ જેના પક્ષની તરફ નિર્ણય આવે તેણે પંચના સભ્યોને દારૂ પીવડાવવો પડે છે.

૧૭૪ કુટુંબોના અભ્યાસમાં એક પણ કિસ્સો એવો નહોતો જેમાં કોર્ટ દ્વારા છૂટાછેડા મેળવવામાં આવ્યા હોય. બધાજ કિસ્સાઓનો નિકાલ જાતિ પંચ દ્વારા જ કરતો. આ પંચ સામાન્ય રીતે તેમની જાતિના કિસ્સાઓના જ નિર્ણયો કરતું હોય છે. પરંતુ એક કિસ્સામાં [ બીજા આદિવાસી જૂથની કેસની

નિકાલ ગામના મુખી અથવા પટેલની સલાહથી કરવામાં આવતો હતો. એક કિસ્સામાં કાથોડી યુવતીએ ગામીત યુવકના પ્રેમમાં પડીને તેની સાથે લગ્ન કર્યું હતું. પરંતુ ત્યારબાદ તેના પતિએ તેના તરફ ઘાતકી વર્તન કરવા માંડ્યું, ત્યારબાદ તે તેના પિતા પાસે ગઇ જ્યાંથી તેના પતિના ઘેર પાછી ફરી નહિ. ત્યારબાદ કાથોડી પંચે ગામના ગામીત પટેલની સલાહથી છૂટાછેડા મેળવ્યા હતા.

વિધવા-પુનર્વિવાહ :

કાથોડીઓ વિધવાને પુનર્લગ્ન કરવા દે છે. જો મૃત્યુ પામેલા પતિનો નાનો ભાઇ લાયક ઉંમરનો હોય તો તેણીએ તેની સાથે લગ્ન કરે એવું ઇચ્છનીય હોય છે પરંતુ તેણીના પક્ષે કોઇપણ રીતે ફરજિયાત હોતું નથી. જો પહેલાના પતિનો ઉંમરલાયક નાનો ભાઇ ન હોય તેવા કિસ્સામાં તે વિધવાને જાતિના અન્ય યુવક સાથે પુનર્લગ્ન કરવાની છૂટ છે તેમજ આ વિધવા જો બીજા ગોત્રમાં લગ્ન કરે તો તેણીએ તેના પહેલાના સાસરી પક્ષને કશું આપવાનું હોતું નથી. જો કે મોટાભાગે આવું લગ્ન મૃત્યુ પામેલા પતિના ઉંમરલાયક ભાઇ સાથે કરાવવાના બધા જ પ્રયત્નો કરવામાં આવતા હોય છે. વિધવાના લગ્નમાં કોઇ ક્રિયા કરવામાં આવતી નથી. વિધવા સામાન્ય રીતે વિધુર અથવા છૂટાછેડા મેળવેલી વ્યક્તિ સાથે લગ્ન કરતી હોય છે. તેમજ વિધુર સામાન્ય રીતે તેની મૃત્યુ પામેલી પત્નીની અપરણિત ઉંમરલાયક બહેન સાથે પુનર્લગ્ન કરતો હોય છે. એક [illegible] ફરજિયાત વિધવા લગ્નનો બનાવ ધ્યાનમાં આવ્યો હતો. માંગરોળ તાલુકાના વડપાડા ગામમાં બે પુત્રો અને એક પુત્રી ધરાવતી કાથોડી સ્ત્રી વિધવા બની હતી. તેણીએ તેની આગલી પત્ની દ્વારા એક છોકરી ધરાવતા એવા વિધુર સાથે લગ્ન કર્યા હતા. આ વિધવાએ તેણીએ પુત્રોને તેના ભાઇને સોંપ્યા અને નાની છોકરીને તેના નવા પતિના ઘેર લઇ ગઇ હતી.

મૃત્યુ :

કાથોડીઓ મૃત્યુના શારીરિક વર્ણનમાં માનતા હોય છે. જે ને તેઓ ભગવાન અથવા દેવનું વરદાન તરીકે ગણાય છે. કાથોડીઓ સામાન્ય રીતે મૃતદેહોને દાટતા હોય છે અને કેટલાક કિસ્સાઓમાં બાળવામાં પણ આવે છે. જે લોકો લાકડાનો ખર્ચ કરી શકે એમ હોય તેઓ મૃતદેહને બાળે છે. નિયમ પ્રમાણે નાના બાળકો અને બાળકોના મૃતદેહો તેમજ શીતળા કોલેરા જેવા રોગથી અથવા જંગલી પ્રાણીથી મારી નંખાયેલા પુખ્ત વયના વ્યક્તિના મૃતદેહને માત્ર દાટવામાં આવે છે અને કદી પણ બાળવામાં આવતો નથી.

કાથોડાઓમાં મરણોત્તર ક્રિયા વિશે વિસ્તારપૂર્વક વર્ણન નથી. જ્યારે એવું ચોક્કસ બને કે તે વ્યક્તિ બચવાનો નથી તેમજ મરવાની અણી ઉપર છે ત્યારે ગામના લોકો તેના આસપાસ હાજર થાય છે. મૃત્યુબાદ ભેગા થયેલા લોકો રડે છે. કાથોડાઓમાં એવી માન્યતા છે કે જો મૃતદેહને યોગ્ય માન આપ્યા સિવાય તેની ક્રિયા પતાવવામાં આવે તો તે મૃત્યુ પામેલ વ્યક્તિનો આત્મા ભૂતમાં પલટાય છે. મૃત્યુ બાદ મૃતદેહને ગુણિયાથી અને પાણીથી નવડાવવામાં આવે છે અને નવા કપડાં પહેરાવવામાં આવે છે. જો મરનાર પુરુષ હોય તો તેના મૃતદેહને સફેદ કપડાથી અને જો તે સ્ત્રી હોય તો તેના મૃતદેહને લાલ કપડાથી વીંટાળવામાં આવે છે. તેઓ લાંબા સમય સુધી મૃતદેહને રાખતા નથી. તેમજ સગાઓ અને મિત્રો મરેલા વ્યક્તિનું મોં છેલ્લીવાર જોઈ શકે તે માટે ૫-૬ કલાક સુધી જ રાહ જોવામાં આવે છે. જો મૃત્યુ સાંજે થાય તો મૃતદેહને રાત્રે સુધી રાખવામાં આવે છે. જો મૃત્યુ અને સવારમાં જ ઉપાડવામાં આવે છે. જુદા જુદા વિસ્તારમાં જુદા જુદા રિવાજો પાળવામાં આવે છે. વિજયનગર તાલુકામાં ઠાઠડી બનાવવામાં આવે છે અને જો મરેલી વ્યક્તિ પુરુષ હોય તો સફેદ કપડાથી અથવા મરનાર વ્યક્તિ સ્ત્રી હોય તો લાલ કપડું તે ઉપર ઓઢાડવામાં આવે છે. જ્યારે ડાંગ સાગબારા અને મંગરોલ તાલુકાઓમાં મૃતદેહને ખાટલામાં મુકવામાં આવે છે. મૃતદેહને ખાટલામાં અથવા તો ઠાઠડીમાં મુક્યા બાદ તેના ફરતી ચાર માણસો તેને ઉંચકે છે જે સામાન્ય રીતે તેના નજીકના સગાઓ જ હોય છે. અન્ય સગાઓ પાછળથી ઉંચકે છે. રડતી અને રાહ જોતી સ્ત્રીઓ પુરુષો પાછળ આવે છે. આ લોકો જ્યારે કબ્રસ્તાન અથવા તો સ્મશાન નજીક આવે ત્યારે થોડા ક્ષણો માટે મૃતદેહને નીચે ઉતારે છે. ત્યારબાદ સ્ત્રીઓ ત્યાં જ છેલ્લીવાર મોં જુએ છે કારણ કે સ્ત્રીઓને સ્મશાન અથવા કબ્રસ્તાનમાં પ્રવેશ આપવામાં આવતો નથી. ત્યારબાદ તેઓ નદી, કુવા, ઝરણા કે ખાડીઓમાં સ્નાન કર્યા બાદ પોતપોતાના ઘેર જાય છે. તેમજ મૃત્યુ પામેલ વ્યક્તિનો મોટો પુત્ર ભાઈ અથવા પતિ ચિતાને આગ ચાંપે છે. જો મૃતદેહને દાટવાનો હોય તો તેમના દ્વારા જ ખાડો કરીને ઉત્તરની દિશામાં માથાનો ભાગ રહે એવી રીતે મૃતદેહને મુકવામાં (ખાડામાં) આવે છે. મૃતદેહને સળગાવતા પહેલા અથવા તો દાટતા પહેલા ત્યાં હાજર રહેલા બધા જ લોકો મૃત પામેલ વ્યક્તિના મોંમા તેમના ઉભા તરીકે દારૂના ટીપા મુકે છે. મૃતદેહ સાથે કપડાં, ઘરેણા તથા તેને પ્રિય વસ્તુઓ પણ તેમાં મુકવામાં આવે છે. કબર પુરી દેવાયા બાદ એક ભારે પથ્થર તેની ઉપર મુકવામાં આવે છે. કબર પુરી દેવાયા બાદ અને ચિતા સળગી ગયા બાદ હાજર રહેલા લોકો નજીકની

નદીએ. ઝરણામાં અથવા તો ખાડામાં નાખ્યા બાદ તેમના ઘેર જાય છે.

મરણ પછીના સાત દિવસ સુધી શોક રાખવામાં આવે છે. આ સમય ગાળામાં કુટુંબના લોકોને અશુધ્ધ ગણવામાં આવે છે અને તેમને કેટલાક બાબતોથી અળગા રહેવું પડે છે. ઘરની મુખ્ય વ્યક્તિ ઘરની કોઈપણ વસ્તુને અડી શકે નહિ. મરનારના નજીકના લોકોના સંબંધીઓ જેવા કે બહેનો, દીકરાઓ, કાકા, ફોઈ, મામા વગેરે તેમના લગ્નની માળા ઉતારી મૂકે છે. તેમજ ત્રણ કે ચાર મહિના બાદ તેઓ ફરીથી તેને પહેરી શકે છે. સાતમાં દિવસે મોટા વડીલ તેમજ કુટુંબના અન્ય માણસો તેમના માથાના વાળ તેમજ દાઢી મૂછ કઢાવી નાખે છે. ત્યારબાદ તેઓ સ્નાન કરે છે. ત્યારબાદ બારમા દિવસે ઘરને વાળી ઝૂડીને ગાયનું મૂત્ર તથા છાણને ઘરમાં છાંટવામાં આવે છે જેનો અર્થ દુઃખિત સમય પુરો થયો તે એવું નક્કી થાય છે. આ સમયે સગાઓ અને પડોશીઓને મિષ્ટાન આપવામાં આવે છે.

કાથોડીઓ એવી માન્યતા ધરાવે છે કે મૃત્યુ બાદ આત્મા અને જીવનનું રૂપાન્તર થાય છે તેમજ તેમના મત મુજબ મૃત્યુ પામેલ વ્યક્તિ પુર્નજન્મ લે છે જે મનુષ્ય, પશુ અથવા તો પક્ષીના આકારમાં હોય છે. મૃત્યુ પામેલ વ્યક્તિએ કેવા પ્રકારનો પુર્નજન્મ લીધો છે તે અંગે જાણવા કેટલાક વિધિઓ કરતા હોય છે. જે દિવસે મરણ થાય એ રાત્રે થોડો લોટ લઈને ઘરના એક ખૂણામાં જઈને વેરે છે અને તેના ઉપર ટોપલી ઢાંકી દે છે. બીજા દિવસે કુટુંબના સભ્યો આ ટોપલી હટાવી દઈને વેરાવેલા લોટ ઉપર ધ્યાનપૂર્વક કોઈક આકૃતિ જોવાનો પ્રયત્ન કરે છે. અને તેમની માન્યતા પ્રમાણે તેનું અર્થઘટન કરે છે. તેમના મુજબ જો વેરાયેલા લોટ ઉપર છાપ પડે તો મરનાર વ્યક્તિએ માણસ તરીકે પુર્નજન્મ લીધો છે એવું નક્કી થાય છે તેમજ જો તે લોટ ઉપર કોઈ આકૃતિ કે છાપ જોવા ન મળે તો તે મૃતાત્મા મુક્ત થયો છે એવું મનાય છે.

## પ્રકરણ-૬

## ધાર્મિક જીવન

************

આ અહેવાલમાં જણાવ્યું છે તે મુજબ ગુજરાતમાં વસતા કાથોડીઓ મહારાષ્ટ્રમાંથી આવ્યા હતા. જુદા જુદા વિસ્તારોમાં જુદા જુદા જાતના આદિવાસીઓ વસે છે. દરેક જૂથને પોતાના ધાર્મિક જીવનની ખાસ ભાત હોય છે. અહીંયા એ જણાવવું અગત્યનું છે કે ગુજરાતમાં વસતા આદિવાસીઓ ઉપર હિન્દુ ધર્મની સારી એવી અસર પડેલી છે.

પ્રભુત્વ ધરાવતા આદિવાસી જૂથોના કાથોડીઓ ઉપર ધાર્મિક અસર હોવા છતાં પણ કાથોડીઓએ તેમના પરંપરાગત દેવ દેવીઓની પૂજા કરવાનું તથા તેમના પરંપરાગત તહેવારો તેમની પરંપરા મુજબ ઉજવવાનું ચાલુ રાખ્યું છે. કાથોડીઓમાં ધાર્મિક રીતરિવાજોમાં મુખ્ય બે તત્ત્વો જોવા મળે છે:

(૧) પ્રભુત્વ ધરાવતા આદિવાસી જૂથોના ધર્મની અસર.
(તેમાં હિન્દુ ધર્મની અસરનો પણ સમાવેશ થાય છે)
(૨) તેમની પરંપરાગત રીતોના ધાર્મિક માન્યતાઓ અને રીતાઓ.

કાથોડીઓના જીવનમાં ધર્મનું અગત્યનું સ્થાન છે. કાથોડીઓ જંગલમાં મજૂરી કરે છે તેમજ જંગલમાં સાથે સાન્નિધ્ય ધરાવે છે. તેમનું જૂથ ગમે તેટલું નાનું હોવા છતાં પણ તેઓ જૂથમાં જ રહે છે અને કારણે કાથોડીઓમાં જૂથની મજબૂત લાગણી જોવા મળે છે. અને તેથી તેમની જૂનાકાળની પરંપરા જાળવી શક્યા છે.

બીજા આદિવાસી જૂથોના સરખામણીમાં કાથોડીઓ કુદરત ઉપર વધુ આધાર રાખે છે. તેથી તેઓ બધા જ પ્રકારના ભય વચ્ચે જીવે છે અને કુદરતની દયા ઉપર આધારિત રહે છે. તેમના કુદરત સાથેના સમાગમને કારણે તેમના જીવનમાં ધર્મ પ્રત્યેના ઊંડા મૂળ હોય છે.

જો કે હિન્દુ ધર્મના અસરને કારણે તેમને હનુમાનજી, રામ વગેરેને ભજવાનું અથવા પૂજવાનું ચાલુ કર્યું છે. તેઓના પ્રાચીન દેવોમાં ડુંગરાદેવ, વાઘદેવ, ગામદેવ, મરીમાતા, કંસારી દેવી વગેરેનો સમાવેશ થાય છે. તેમના મુખ્ય તહેવારો દિવાળી, હોળી અને અખાત્રીજ વગેરે છે. આ બધા દેવ દેવીઓ અને તહેવારો હોવા છતાં પણ કાથોડીઓના ધર્મમાં બીજા મહત્વના તત્વો જેવા કે પૂર્વજોની ભક્તિ, જાદુ, ભૂત, ડાકણ વગેરેનો સમાવેશ થાય છે.

<u>દેવ દેવીઓ :-</u> (૧) ડુંગરાદેવ (પર્વતોનો દેવ)

ડુંગરાદેવનું સ્થાન પર્વતોના દેવોમાં માનવામાં આવે છે. કાથોડીઓ તેમજ અન્ય આદિવાસી જૂથો ડુંગરાદેવને પૂજે છે. ડુંગરાદેવની પૂજા સમૂહમાં તેમજ વ્યક્તિગતરીતે થાય છે. દિવાળીના પ્રસંગે ડુંગરાદેવની પૂજા વિધિ

કરવામાં આવે છે તેમજ બલિદાન પણ ચઢાવવામાં આવે છે. તેઓની એવી માન્યતા છે કે ડુંગરદેવની કૃપાને કારણે પુષ્કળ પ્રમાણમાં અનાજ થાય છે. બધા જ પશુઓ સારાં રહે છે તેમજ ઘરમાં કોઇપણ પ્રકારના માંદગી,રોગ-ચાળો, કે કોઇપણ પ્રકારની આફત કુટુંબમાં આવતા નથી. કુટુંબના સભ્યો કોઇપણ પ્રકારની ચિંતા સિવાય જીવી શકે છે. તેઓ પુજામાં સાથે જાય છે અને બધા જ પ્રકારની ક્રિયાવિધિ કરતા હોય છે અને સાથે સાથે બકરા અથવા મરઘાનું બલિદાન અથવા ભોગ પણ ચઢાવતા હોય છે. આજ પ્રમાણે વ્યક્તિગત રીતે કોઇ વ્યક્તિને કોઇપણ પ્રકારની તકલીફ હોય, અથવા તો કોઇ રોગથી પીડાતો હોય તો તે અથવા તો કુટુંબના અન્ય સભ્ય દેવ સાથે વચન આપે છે અથવા બાધા રાખે છે કે જો તેના ધારેલા ઇચ્છા પુરી થશે અથવા તો માંદગીમાંથી બહાર આવશે તો તે ભોગ ચઢાવશે.

(બ) વાઘદેવ :

કોકણાઓ જંગલ સાથે ગાઢ રીતે સંકળાયેલા હોવાથી તેઓ તેમના બચાવના અને રક્ષણ માટે વાઘદેવને માને છે. ગુજરાતમાં રહેતા બધા જ કોકણાઓ વાઘદેવને પુજે છે. ગામની ઉભાડે વાઘદેવની પ્રતિકૃતિ તરીકે એક મોટો પથ્થર સ્થાપવામાં આવે છે. તે સાથે ચંદ્ર અને કોબરા(એક પ્રકારનો સાપ) નું ચિત્ર પણ અંકિત થયા કરાય છે.

વાઘદેવની પુજાનો દિવસ 'વાઘબારસ' તરીકે ઓળખાય છે. આ દિવસે કુટુંબના વડાઓ સાથે બધા જ કુટુંબીજનો જંગલમાં જાય છે ત્યાં તેઓ નાના પથ્થર ઉપર દોરેલી વાઘદેવ અને કોબરાની આકૃતિ પાડે છે અને આ નાના પથ્થરને પહેલાના મોટા પથ્થરની નજીક મુકવામાં આવે છે (પહેલાં જણાવ્યા મુજબ) ત્યારબાદ તેઓ મરઘાની બલિ સાથે હતુને પણ ચઢાવે છે. જેથી વાઘ દુર કરી શકાય. ત્યાં આગળ દર પાંચમા વર્ષે બકરાની બલિ ચઢાવવાનો પણ રિવાજ છે. ત્યારબાદ તેઓ ભાત રાંધે છે અને પ્રસંગને ઉજવે છે. ત્યારબાદ તેઓ ઘાસના દગલાને આગ ચાંપીને સળગતા ટોળામાંથી એક પછી એક આગને પસાર કરે છે. ત્યારબાદ તેઓ વાઘદેવના આશીર્વાદ માગે છે અને એવી પ્રાર્થના કરે છે કે તેઓ તેમજ તેમના પશુઓ સારાં રહે. જમણવાર રાંધે છે ત્યાં તેઓ ભાત અને મરઘાનું માંસ ખાઇને મોજમજા ઉડાવે છે. આ પ્રકારની ઉજવણીના ખર્ચ માટે ગામના બધા કુટુંબો પાસેથી ફાળો ઉઘરાવવામાં આવે છે.

(ગ) તેરાની પુજા :

આ ધાર્મિક ઉજવણીમાં પણ વાઘદેવની પુજા કરવામાં આવે છે. તેરા નામ જંગલમાં મળી આવતા છોડના પાનાં છે. કોકણાઓ

આ પાનની શાકભાજી તરીકે ઉપયોગ કરે છે પરંતુ તેઓ આ પાનની બલિ ચઢાવ્યા પહેલાં ઉપયોગ કરતા નથી. તેથી જેઠ મહિનામાં બધા જ લોકો વાઘદેવને આગે જાય છે અને આ પાન સાથે મરઘાનું માંસ અને દારૂને પણ બલિ તરીકે ચઢાવે છે. માત્ર આ વિધિ કર્યા બાદ જ તેઓ આ પાનનો તેમના માટે ઉપયોગ કરી શકે છે.

(ગ) <u>હનુમાનજી</u> :

જો કે, હનુમાનજી હિન્દુ દેવોમાંના એક ગણાય છે તેમજ કાથોડાઓ પણ આ દેવની પુજા કરે છે. ડાંગ જિલ્લાના અન્ય આદિવાસો જુઓ હનુમાન-જીનો ઊંડો આધ્યાત્મથી પુજતા હોવાને કારણે કાથોડાઓ પણ પુજે છે. તેમજ વિધિ પ્રમાણે પાણી, અગરબત્તી અને નાળિયેરની બલિ પણ ચઢાવે છે. તેઓ હનુમાનજીને શુદ્ધ માનતા હોવાથી તેમને બકરા કે મરઘાની બલિ ચઢાવતા નથી.(કાથોડાઓમાં બે પ્રકારના દેવા હોય છે(૧) દેવ-દેવીઓ જેમને બલિ આપેલ માંસ અને દારુ ચઢાવવામાં આવે છે તેમને અશુદ્ધ કહેવામાં આવે છે(૨) એવા દેવો જેમને આવા બલિદાનો ચઢાવતા નથી પરંતુ અગરબત્તી નાળિયેર મુકવામાં આવે છે તેમને શુદ્ધ તરીકે માનવામાં આવે છે.)

(ઘ) <u>કંસારી દેવી</u> :

આ દેવીને કુટુંબનાના દેવી તરીકે માનવામાં આવે છે. અનાજની વધુ ઉતાર મેળવવા તેમજ આ જગ્યાય રહે તેવા આશરો માટે આ દેવને પુજાય છે. કંસારી દેવીની પુજા દક્ષિણ ગુજરાતના આદિવાસીઓ કરે છે તથા આ વિસ્તારના કાથોડાઓ પણ ક્યારેક પણ તેની પુજા કરવામાં આવે છે. આ દેવીનું પુજાસ્થાન ઘરમાં જ સ્થાપવામાં આવે છે. આ દેવીનું સ્થાન જ્યાં તેઓ ધાન્યને કોઠારમાં ભરીને રાખે છે તેમાં વાંસની ટોપલી ચઢાવેલા કંસારી દેવીના મુર્તિ વાળા અને ઢંઢુ સાથે રાખવામાં આવે છે. આ દેવીનું સ્થાન બધા જ ઘરોમાં રાખવામાં આવે છે. જે કુટુંબોમાં કંસારી દેવીની સ્થાપના કરાઇ નથી પરંતુ ખરીફ પાકના લણણી બાદ પુજે છે.

(ચ) <u>નવો પાક આવ્યા પછીની પ્રાર્થના ક્રિયા</u> :

બધા જ કાથોડાઓ ખેતીના પ્રવૃત્તિઓમાં જોડાયેલા નથી પરંતુ જેઓ થોડા પણ જમીન ધરાવે છે તેઓ દરેક નવો પાક આવ્યા બાદ આ ક્રિયા કરે છે. સાબરકાંઠા જિલ્લાના આદિવાસીઓ દેવોને અનાજના...... ચઢાવે છે. યુવાન છોકરા છોકરીઓ દેવો પાસે જઇને મકાઇ ચઢાવે છે અને નાચગાન કરતાં ઉજવણી કરે છે. જેટલે આ વિસ્તારમાં રહેતા કાથોડાઓ પણ દરેક નવો પાક આવ્યા પછી આ ક્રિયા કરતા હોય છે.

(૭) ગામદેવની પુજા :

કાથોડીઓ 'ગામદેવ' તરીકે ઓળખાતા દેવને પણ પુજે છે. લાકડાના ટુકડા અથવા પથ્થર ઉપર કોતરેલી માનવ આકૃતિને તેઓ ગામદેવ તરીકે પુજે છે અને તે આખા ગામના રક્ષક તરીકે માનવામાં આવે છે. બધા જ સીમાડાઓમાં માનતા લોકો નક્કી કરેલી જગ્યાએ જાય છે અને ત્યાં મરઘાનું બલિ, નાળિયેર, કંકુ અને અગરબત્તી વ. ચઢાવે છે.

(૪) મરી માતાની પુજા :

બધા જ કાથોડીઓમાં આ દેવીના ભક્તો ઓછા હોય છે. મરી માતાનું સ્થાન બધા લોકોના ઘરમાં હોતું નથી પરંતુ માત્ર સાધુઓના ઘરમાં જ હોય છે. માત્ર સાધુ ભગતને આ લાભ મળી શકે છે તેને મરી માતાની ભુવા તરીકે પણ ઓળખવામાં આવે છે.

નાના માટલામાં નાના કદની મુર્તિ, નાળિયેર, મોરના પિંછા અને કેટલીક માળાઓ અને આ માટલાને ઘરના ઉંચાણવાળા ભાગમાં રાખવામાં આવે છે. માત્ર સાધુ કે ભુવા સિવાય કોઈએ પણ તેને અડવાની મનાઈ હોય છે. નવરાત્રીના દિવસો દરમિયાન આ માતાની પુજા કરવામાં આવે છે. સળંગ નવ દિવસ સુધી આ ભુવો જુદી જુદી ક્રિયાઓ દ્વારા પુજા કરે છે. છેલ્લા દિવસે બધા લોકો ભેગા થાય છે અને ભુવો ફરીથી પુજા કરે છે. ત્યાં બીમાર થયેલા લોકો તેમના રોગો, મુશ્કેલીઓ અને પછી દેવી સમક્ષ રજુ કરે છે તેમજ દેવીને સૌથી વધુ ગમતી વસ્તુઓ ભુવાના મોં દ્વારા માગે છે. ભુવાની માગણી પ્રમાણેની વસ્તુઓ રજુ કરવામાં આવે છે અને આજ સ્થિતિમાં આ વસ્તુઓને નદીએ લઈ જઈને નદીના વહેણમાં મુકી દે છે. દા.ત. જો દેવી સાડી માગે તો તેને રજુ કરાય છે. અને ત્યારબાદ તેને લઈને બધા લોકો નદીએ જાય છે અને તેને નદીના વહેણમાં પધરાવી દે છે. દેવી કંઈ પણ માગણી કરે પરંતુ તે વ્યક્તિએ કોઈપણ રીતે તે આપવી જ પડે છે. એક વખત આપેલી વસ્તુઓ નદીમાં પધરાવી દે છે ત્યારબાદ તેઓ પાછી મેળવવાની કામના કરતા નથી. નવરાત્રીના દિવસો બાદ બકરાની બલિ ચઢાવવામાં આવે છે અને તેનું માંસ લોકોને બધાને વહેંચવામાં આવે છે. બધા જ કાથોડીઓએ બકરાના બલિના ખર્ચ માટે સરખો રકમનો ફાળો આપવો પડે છે

તહેવારો : આ દેવ દેવીઓની પુજા સિવાય કાથોડીઓ ઘણા તહેવારો ઘણા ઉત્સાહપુર્વક ઉજવે છે. તેમાં મુખ્યત્વે હોળી, દિવાળી, નવરાત્રી, અખાત્રીજ વગેરેનો સમાવેશ થાય છે. નવરાત્રીના દિવસોમાં તેઓ મરીમાતાની પુજા કરે છે

નવમા દિવસે ભુવો પૂજા કરે છે. અને લોકો તેમના માનેલા વસ્તુઓ રજુ કરે છે અને કયા લોકો બાજો વસ્તુઓની માનતા રાખે છે.

દિવાળી :

હિન્દુઓમાં દિવાળીની તહેવાર આસો વદ અમાવસના દિવસે ઉજવવામાં આવે છે પરંતુ કુંકણાં દિવાળી આ રીતે નથી ઉજવતા. દરેક આદિવાસી ગ્રુપ એક દિવસ નક્કી કરે છે અને તે જ દિવસે દિવાળી ઉજવાય છે. નાગલી અને ડાંગરનો પાક લણી લઈને તેને ઘેર લાવ્યા બાદ ગામના અગત્યના વ્યક્તિઓ જેવા કે પાટીલ, કારભારી, જમાલીઆ(તલાટીઓના પટાવાળો) અને જુદા જુદા આદિવાસી ગ્રુપના વડાઓ ભેગા મળે છે અને આ તહેવાર ઉજવવાનો દિવસ નક્કી કરે છે.

દિવાળીના દિવસે લોકો ભાત અને મરઘાનું માંસ રાંધે છે તેમજ તેમના મૃત્યુ પામેલા પૂર્વજો માટેના શ્રાદ્ધ વિધિ પણ કરે છે. તેઓ એક પછી એક તેમના નામ બોલે છે અને એક ઝુડો રાંધેલું અનાજ ચૂલામાં નાખે છે તેમજ તેમાં દારૂ પણ ચઢાવવામાં આવે છે.

હોળી :

આ તહેવારે મૃત્યુ પામેલા આત્માઓને એવા વિચાર સાથે પૂજવામાં આવે છે કે તેઓ તેમને હેરાન ન કરે પરંતુ મદદ કરે. પ્રથમ તેઓ તેમના કુળદેવીને પ્રાર્થના કરે છે અને ત્યારબાદ તેમને દારૂ અને મરઘાનું માંસ ચઢાવે છે અને તેમના આશીર્વાદની માંગણી કરે છે.

હોળીના દસ દિવસ પહેલાથી હોળી જે સ્થળે સળગાવવાની હોય છે તે સ્થળે રાત્રે બાળકો અને યુવાનો ભેગા મળીને 'તડપુન' અને મોટા ઢોલ સાથે નાચગાન કરે છે. છોકરા છોકરીઓ બન્ને ભેગા થતા હોય છે અને સાથે જ નાચગાન કરતા હોય છે. હોળી સળગાવવાના દિવસે તેઓ ટીંબરવાના ઝાડના લાકડાનો ડાળ લાવે છે અને તેના પાનની હાર બનાવીને હોળીના આસપાસ બાંધે છે. આ દિવસે બધા જ સ્ત્રી, પુરુષો અને બાળકો સારા સારાં કપડા પહેરે છે દરેક કુટુંબવાળા એક એક નાળિયેર લાવે છે અને તેને ઝંડિર સાથે હોળી માતાને ચઢાવે છે. ત્યાર પછી તેઓ ત્યાં જ ભાત રાંધે છે અને છોકરાઓને વહેંચે છે. ત્યારબાદ એકઠા થયેલા કાર્યકરોમાંથી તેઓમાંથી તેમની નેતા નક્કી કરે છે. ત્યારબાદ આ નેતા તેમને હોળીના આસપાસ તેમનું માથું હોળીના જવાળા તરફ રાખીને બેસવાનો હુકમ આપે છે. આ ક્રિયા કર્યા પછી તેઓ તેમની પ્રગતિ અને સુખ માટે તેમજ તેમના બાળકોના ભલા માટે પણ પ્રાર્થના કરે છે.

હોળીના બીજા દિવસે છોકરાઓ ભેગા મળીને આખા ગામમાં ફરે છે અને

હોવાનું 'કામ' માગે છે તેમજ ભેગા કરાવેલા અનાજ અને પૈસાથી તેઓ દારૂ વગેરેના મોજમજા માણે છે.

**અખાત્રીજ :**

આ દિવસે કાથોડીઓ કોઇપણ પ્રકારની આર્થિક પ્રવૃત્તિ કરવાથી દૂર રહે છે. જો કે તેઓ મચ્છીમારી માટે નદીએ જાય છે અને આ માછલીઓની સ્વાદિષ્ટ વાનગી બનાવે છે. આ દિવસે પવનના તોફાન અથવા વાવાઝોડાના દેવની પુજા કરવામાં આવે છે તેમજ રાંધેલા વાનગીઓ તેઓ પ્રથમ દેવને અર્પણ કરે છે. અથવા ચઢાવે છે.

**ભૂત-પ્રેતની માન્યતાઓ :**

કાથોડીઓના ધર્મનું બીજું લક્ષણ તેમની ભૂત પ્રેતની માન્યતાનું છે. કાથોડીઓના ધર્મમાં તેમનું સ્થાન અગત્યનું છે. તેઓ આત્માને માનતા હોવાને કારણે તેઓ તેમના મૃત્યુ પામેલા માણસની અથવા તો પૂર્વજોના મેલી અસર અને ભૂત દ્વારા થતા હેરાનગતિથી બચવા માટે તેમની પુજા કરે છે. તેઓ તેમને રાજી રાખવા માટે બલિ પણ ચઢાવતા હોય છે. તેમજ તેમના હેરાનગતિથી બચવા માટે ભુવાઓની બાધરી પણ રાખતા હોય છે. કાથોડીઓ ડાકણથી ખુબ જ ગભરાતા હોય છે. કાથોડીઓ ડાકણને જીવતી સ્ત્રી તરીકે જ માને છે. ડાકણ બધા જ પ્રકારના જાદુટોણા જાણતી હોય છે. તેમજ એવું મનાય છે કે ડાકણ રાત્રે ખાસ કરીને નદી કિનારે તેમજ ગામના ઉજ્જડ ભાગમાં ફરે છે. તે તેના માટે જેની પણ જરૂર હોય છે તેને લે છે. તેઓ ડાકણથી ખુબ ડરતા હોવાને કારણે તેઓ જો કોઇ સ્ત્રી ડાકણ છે એવું જાણતા હોવા છતાં તે અંગે ચુપકીદી સેવે છે. તેઓ માને છે કે જો તેઓ રહસ્ય બહાર લાવશે અને તે અંગે વાત ડાકણના જાણમાં આવે તો તે કોઇપણ સંજોગોમાં તે વ્યક્તિને છોડે નહિ. અને ડાકણ માત્ર ભુવા સિવાય કોઇના કાબુમાં આવતી નથી અને તેમાં પણ આવા માટે ખાસ પ્રકારના ભુવાઓ હોય છે. ભુવો જાદુ વિદ્યામાં અને ડાકણને કબજે કરવામાં પાવરધા મનાતો હોય છે. માત્ર આ ભુવો જ તેને કાબુમાં લાવીને તેના ખરાબ કૃત્યો બહાર આવવા દેતો નથી.

એવું માનવામાં આવે છે કે ડાકણને જે ગમે છે તેને તે તેનો વારસો આપે છે. જો આ માટે તે સ્ત્રીને દીક્ષા આપે તો તે સ્ત્રીને પસંદ કરે છે અને તેને જાદુ તથા અન્ય કળાઓની તાલીમ આપે છે. પરંતુ માન્યતા પ્રમાણે જે પણ વ્યક્તિ ડાકણ પાસેથી આવી તાલીમ લે છે તેણે તાલીમ પુરી કર્યા બાદ તેને પ્રિય વસ્તુઓનો ડાકણને ભોગ ચઢાવવો પડે છે. અને જ્યાં

સુધી આ ભોગ ન ચઢાવે ત્યાં સુધી આ નાટક અધુરો જ ગણાય છે. તેમજ આવો નાટક વિધિવત વ્યક્તિ ભોજન કરાવે તો તે વ્યક્તિ ગાંડો બની જાય છે. તેથી તેના સૌથી પ્રિય વ્યક્તિનો ભોગ ચઢાવવાની હોવાથી તે પ્રિય વ્યક્તિ તેની પત્નિ, દિકરો, અથવા કોઇપણ સ્વજન હોય શકે અને આ ભોગ પછીજ તે સંપૂર્ણ ડાકણ તરીકેનું સ્થાન લઇ શકે એવું પણ માનવામાં આવે છે કે આ ડાકણ કોઇના પણ શરીરમાંથી તેના આત્માને પકડી લે તો તરત જ તે માણસ મૃત્યુ પામે છે.

માત્ર જાદુના વિધિ દ્વારા સારી રીતે વાતચીત કરી શકે એવા વ્યક્તિ જ ડાકણ ઉપર કાબુ મેળવી શકે. આ વ્યક્તિ સહેલાઇથી આવી સ્ત્રીને શોધી કાઢી શકે છે. જે ડાકણ હોય તે ભુવા પાસે જાય છે અને બોરા સીડા સુધી તેની ધુન વધે છે એ ઠેકાણે જાય છે અને ત્યાં તેને પકડે છે. તેઓ ડાકણને નદી કિનારે લાવીને ક્રિયાકાંડ કરે છે જે તે ડાકણ ન રહે. આ ક્રિયા આ રીતે કરવામાં આવે છે. તેઓ પાણી વચ્ચે કાટલો ડાકણનું સ્થાન બનાવે છે અને તેને ઘોડાનું ધુળ અને ગંઠુકના પાન આપે છે અને તેને ખાવવાનું કહેવામાં આવે છે તેમજ જ્યાં સુધી તેના મોઢાં બોલો ન આવે ત્યાં સુધી તેના ઉપર જોર-જુલમ કરવામાં આવે છે અને આમ આ ક્રિયા પુરી થયેલી મનાય છે.

તેઓ ભુવાઓને પણ આ ક્રિયાકાંડમાં રોકે છે અને તેઓને મરઘો અથવા બકરાનું માંસ આપવામાં આવે છે. તેમજ દારૂ પણ રાખવામાં આવે છે. અને આ માટે જે પણ ખર્ચ થાય તે ધારેલી ડાકણ પાસેથી બળજબરીપૂર્વક મેળવવામાં આવે છે.

એવું માનવામાં આવે છે કે ભુવાએ તેના જાદુઇ શક્તિથી ડાકણને શોધી કાઢે છે અને આ માટે ભુવો કેટલીક ક્રિયા કરે છે જે આ પ્રમાણે છે તેઓ પાણીથી ભરેલી થાળી લે છે અને થોડા ચોખા લે છે અને તે એક એક દાણો શંકાસ્પદ સ્ત્રીનું નામ બોલીને તે ઘડામાં નાખે છે અને જેના નામનો દાણો તળિયા સુધી ન ડુબે તે સ્ત્રીને ડાકણ માનીને તેને પકડવામાં આવે છે.

આ સિવાય જો કોઇને ભુત દ્વારા હેરાનગતિ કરવામાં આવતી હોય તો ભુવાની રંપડ લખવામાં આવે છે અને તેને ઓઝા કાઢી તેના પેલા નજર દૂર કરવાનું કહેવામાં આવે છે.

ક્રિયાકાંડ કરીને તે ભુતને શરીરમાંથી બહાર કાઢે છે અને જો ભુત સામાન્ય હોય તો તેને મરઘાનું માંસ આપવામાં આવે છે અને જો મુશ્કેલીવાળુ હોય તો તેને બકરાનું માંસ આપવામાં આવે છે. આ ભુત કાઢવાની ક્રિયા જંગલમાં કરવામાં આવે છે. આજ સ્થળે તેઓ રાંધેલું માંસ, ભાત મુકે છે અને દારૂ પણ દાટે છે ત્યારબાદ તેઓ પોતાના માને છે.

કાથોડાઓમાં ધર્મમાં ભુવા અને ધાર્મિક બાબતો સાથે સંકળાયેલ વ્યક્તિનું ભારે મહત્વ છે. ધર્મના બાબતમાં ધર્મગુરુ અગત્યનો ભાગ ભજવે છે. તે માત્ર ધર્મગુરુ તરીકેનું જ માન ધરાવતો નથી પરંતુ બીજી બાબતોમાં પણ મદદરૂપ બને છે જેમ કે દેવ દેવીઓની પુજા કરવી. ભુત ડાકણ વગેરે કાઢવા માણસ અને પશુઓને રોગમુક્ત કરવા વગેરે. ભગત તેના કેટલાક ક્રિયાઓ તેમજ વિવિધ પ્રકારના મુળી દ્વારા રોગ દૂર કરે છે(ધર્મગુરુ તે મુળના ઝાડનું નામ બીજાને કહેતા નથી) જ્યારે કોઇને સર્પદંશ થાય ત્યારે ભુવો તેના જંતર મંતર તેમજ મુળનો ઉપયોગ કરીને ભોગ બનેલાને મદદ આવે છે. રોગ મટાડવામાં ભોગ બનેલા વ્યક્તિનો શ્રદ્ધા અગત્યના છે. પરંતુ કેટલાકવાર કંદમુળો પણ અસરકારક બને છે. જેથી કાથોડાઓ ભગત અને ધર્મગુરુને ઉંચુ માન-પાન આપે છે. એટલે જ્યારે પણ આવા પ્રકારની કોઇ મુશ્કેલી ઉભી થાય છે ત્યારે તેઓ ધર્મગુરુનો સંપર્ક સાધે છે અને તે તેના બધા જ શક્તિઓ અને મંત્રો દ્વારા મટાડવાના પ્રયત્નો કરે છે. અને લોકો તેમાંથી મુક્ત થવાનો આનંદ પામે છે. આવો એક વાર્તા વાતો પ્રચલિત છે.

વડપાલ ગામમાં રહેતો કાથોડા છેલ્લા ૭ મહિનાથી અપાર માંદગીમાં સપડાયો હતો. તેણે ભગતનો સંપર્ક સાધ્યો અને તેનો પ્રશ્ન રજુ કર્યો: અને મટાડવા માટે દોરો બાંધ્યો અને આશ્ચર્ય વચ્ચે થોડા સમયમાં તેને આરામ આવ્યો. આ વ્યક્તિ તેના કમરમાં દુઃખાવાથી અપાર રાતે પોકારતો હતો અને આ દુઃખાવાથી તે ખુબ જ ત્રાસી ગયો હતો. આ મટાડવા માટે ભગતે તે વ્યક્તિના શરીરના પાછળના ભાગમાં કાપા પાડવા અને નળી મુકીને બહુ જ ખરાબ લોહી ચૂસી કાઢ્યુ અને ત્યારબાદ ધીમે ધીમે તે ભયંકર દુઃખાવાથી સારો થતો ગયો. તેણે આ પદ્ધતિ બીજા રોગો મટાડવા માટે પણ ઉપયોગ કરે છે.

<u>આરોગ્ય અને પોષણ</u> : ક્ષેત્ર કાર્ય દરમિયાન કાથોડાઓમાં તેમના રોગો અને તેના સારવાર પ્રત્યે તેમનું અસ્પષ્ટ વલણ જોવા મળ્યુ હતું. મોટાભાગે તેઓ એવું માનતા કે રોગ એ અશુદ્ધ આત્માઓ અને દેવીઓની કોપ છે. ભગત એ કાથોડાઓના આધ્યાત્મિક ગુરુ છે. તેઓ એવું માને છે કે તાવ, શરીરમાં દુઃખાવો અને પેટમાં દુઃખાવો જેવા નાના રોગો શરીરના અવ્યવસ્થિત ક્રિયાઓને કારણે થાય છે અને આવા રોગો માટે કાથોડાઓ મળી આવતા મુળ અને તેજાને દુઃખતા ભાગમાં અથવા ની રોગના શરૂઆતમાં લેવામાં બહુ અસરકારક બને છે. એવું તેઓ માનતા હોય છે. શીતળા, ક્ષય, ટાઇફોઇડ, વગેરે દેવતાઓનો શાપ રૂપે જ હોય છે અને તેમાંથી છુટકારો મેળવવા મરી માતાની માનતા રાખવામાં આવે છે. અને તેમને

ચઢાવવાની વસ્તુઓ સામાન્ય રીતે નાળિયેર, ધજા, મરઘાંના જેવા દેવો માટે ઘોડિયું પારણું વગેરે તેમજ મરઘાની ભોગ પણ ચઢાવાય છે. ગંભીર માંદગીના સંજોગોમાં તેઓ સ્થાનિક ડૉક્ટર તેમજ દવાખાના તરફ પણ જાય છે.

# પ્રકરણ : ૭ કથોડીઓના ઉજ્જવળ ભાવિ માટે

કથોડીઓના જીવન તરફ સ્પષ્ટ રીતે દૃષ્ટિપાત કરતા તેઓ ગરીબાઇ અને આર્થિક શોષણ દ્વારા ભેદભાવ અને ભેદભાવભર્યા વ્યવહાર દ્વારા બેરોજગારી અને અર્ધ બેરોજગારી તેમજ કંગાળ આરોગ્ય અને ઘૃણિત કંગાળ જીવન પરિસ્થિતિમાં જકડાયેલા છે. જો કે બાહ્ય તેમને મદદ ન કરી શકે પરંતુ ભૂલાવો કે તેવા ભયંકર જીવન પરિસ્થિતિ તરફ જોઇ ની શકે. તેઓ નહિ જ ઠેકાણે અન્ય આદિવાસી જૂથો કરતા ન્યુનતિ સ્થાન ધરાવે છે તેમજ સામાજિક રીતે પણ અન્ય આદિવાસી જૂથો કરતા વિછુટા પડી ગયેલા છે. આર્થિક રીતે તેઓ સૌથી બહુ બિનલાભકારી છે. ૧૯૭૪-૭૫ ની ભાવ સપાટીના આધારે તેમજ આવકના બધા જ સાધનો દ્વારા કુટુંબની વાર્ષિક આવક રૂા.૬૨૬ થાય છે. બેરોજગારી અને અર્ધ બેરોજગારીનું પ્રમાણ અસામાન્યપણે ઊંચું છે. તેમનું જીવન ખુબ બહારના લોકો માટે નહૂન લોભ છે કારણ કે તેઓ હંમેશા અપકાકૃપ રહ્યા છે. તેમની સામાજિક અને આર્થિક પદ્ધતિ વર્ચસ્વવાળા આદિવાસીઓ કરતા ભિન્ન છે. ભિન્નતિ બેઠવે કે સરકારી યોજનાઓમાં ભાગ ન લેવો. આર્થિક રીતે ગરીબાઇને સ્વીકારીને તરછોડાયેલા......ગરીબાની સ્વીકાર અને સંસ્કૃતિક અસ્તિત્વમાં અપનાવીનું પડ્યું છે કારણ તેઓ ભૂખારી ઉપજાવે તેવા અપમાનવાળ પરિસ્થિતિમાં પડ્યું જીવતા હોવા છતાં પણ તેઓ હજુ પણ અલગ અને ચાલુ રહેલ સંસ્કૃતિક પદ્ધતિનું પ્રતિનિધિત્વ કરે છે. અમને વર્ચસ્વવાળા આદિવાસી પરંપરાગત સામાજિક સંઘારણ નવી સ્વતંત્ર સંસ્કૃતિક પદ્ધતિ ધરાવતું એવું ભૂખારેલું કથોડીઓનું ચિત્ર જોવા મળ્યું. વાંચના અલબત્ત કથોડી જીવન પાછળ અને તેમના આધારભૂત ધરાવતા ભય અને આ અસંમત માળખામાં કથોડીઓ માટે ગંભીર રીતે જરૂરી નાબૂદીકરણ અને નૈતિક ટેકો મેળવવાનું આવશ્ય છે. કેટલાક ભિક્ષુઓ શક્ય ત્યાર જઇએ ની જે કથોડીઓને ખાસ યોગ્ય રક્ષણ આપવા તથા ચોકસપણે તેમની સ્થિતિમાં સુધારો લાવવા શકે.

કથોડીઓના સામાજિક આર્થિક વિશ્લેષણથી ધ્યાન ખેંચાય તેવા ઘણા પ્રશ્નો ઉભા થાય છે જેમાં ગરીબાઇ, અશિક્ષિતતા, અને અજ્ઞાનતા. કથોડીઓ જેઓ ભૂખારી ઉપજાવે એવા દુઃખદાયી સ્થિતિમાં જીવે છે તેમની સૌથી વિકટ પ્રશ્ન ગરીબાઇનો છે. એ વિશે બેમત નથી. વિશેષ ગરીબાઇને કારણે કથોડીઓને અપૂરતું પોષણ મળતું હોવાથી તેઓ બહુરના પાંગળ્યા થાય છે. કથોડીઓમાં ખાસ ભૌતિક વસ્તુઓના અભાવ કે નીચું જીવન ધોરણ કારણ જ નહિ પરંતુ એ બડાઇને કારણે કે તેઓને વર્ષના અમુક દિવસો ભૂખ્યા

ખાધા સિવાય જ ચલાવવું પડે છે. તેમાં તેમના મનોબળનું પરિસ્થિતિ પડે છે. શ્રી કાર્તિ કરાભાઈ એક મુલાકાતમાં ભાઈએ એવું પણ જણાવ્યું હતું કે સરકારે અમને બધાને એક સાથે જ ગોળી ચલાવી મારી નાખવા જોઈએ. આ ઉદ્ગારો તેમનામાં પડેલાં ગુસ્સા બતાવે છે.

ખાનપોડો ગામના શ્રી સકરાયા ચામાભાઈ પણ આવા પ્રકારના લાગણી ભર્યા ઉદ્ગાર કાઢતા હતા. જો કે તેમની વૃદ્ધાવસ્થાને કારણે તેઓ સ્પષ્ટ બોલી શકતા ન હતા. તેમણે કહ્યું કે અમે કાથોડાઓ હજુ પણ કૂતરા જેવું જીવન જીવીએ છીએ. જ્યારે આપણા બીજા ભાઈઓ માણસ જેવું જીવન જીવે છે. ભગવાન જાણે કે અમને વિકાસ કરવાની તક ક્યારે મળશે. તેમના બીજા આદિવાસી જૂથો સાથેના સાંસ્કૃતિક સંબંધોને કારણે તેમને આ હકીકતનું ભાન થયું છે. તેમના પોતાના પણ્યુ તેમને થયેલું ભાન એ દુઃખદ બાબત છે કારણ કે આ ભાન તેમની ઘોર નિરાશા અને એકલતાને હટાવવા મુકશે અને તેમને હર્ષ જ સુધારા કરવા તરફ લઈ જશે. શ્રી સાકરાયા ચામાભાઈ કહ્યું કે બીજા આદિવાસી જૂથો માણસ જેવું જીવે છે જ્યારે તેઓ કૂતરા જેવું જીવન જીવે છે. એની અહીં શું થાય છે ? તેમના કહેવાનો અર્થ કદાચ એમ હોય કે અન્ય આદિવાસી જૂથોના લોકોએ આર્થિક રીતે અનુકૂળ સ્થાન મેળવ્યું છે તેમજ સમાજમાં સન્માનનીય(?) અને માનભર્યું સ્થાન ભોગવે છે. તેઓ હાલમાં પુરતું પોષણ મેળવતા હોવાથી આર્થિક રીતે પણ તેમની સ્થિતિ સુધરી છે. તેમણે સારા કપડાં અને દાગીના પહેરવાનું તથા ઘરમાં સારા વાસણો વસાવવાનું પણ ચાલુ કર્યું છે. ટૂંકમાં સાકરાયા ચામાને એવું લાગ્યું કે કાથોડાઓને સારી નોકરી મળે તે માટે મદદ કરવી જોઈએ. તેમની જમીન વધુ અનાજ ઉગાડે તેવી બનાવવી જોઈએ. જેથી તેઓ દિવસમાં ઓછામાં ઓછું એક ટંક ટંક ખાવાનું મેળવી શકે. તેમજ તેમના રોગો મટાડવા માટે જાહેર આરોગ્ય અને વૈદકીય સગવડો પણ મળવી જોઈએ.

તેમના પહેલાના જીવન તરફ જોતાં એ સ્પષ્ટ દેખાય છે કે તેઓ પુરાણા શિકારીઓ અને ખાદ્ય પદાર્થો એકઠા કરવાવાળા હતા. આથી વૈજ્ઞાનિક(?) ધરાવતા અર્થતંત્રમાં સંયોજનની પ્રક્રિયામાં તેમને પહેલાના શિકારી જાતિના પરિસ્થિતિના દાખલા તરીકે માનવામાં આવતા હોય. તેઓ શિકારી, મચ્છીમાર તેમજ કાથો બનાવવાના નિષ્ણાત તરીકે તેમજ હાલમાં જંગલમાં તેઓ કોલસા પાડવામાં કૌશલ્યતા ધરાવનારા બન્યા છે. હાલમાં તેઓમાંના ઘણાને પહેલાના અન્ય આદિવાસી જૂથના જૂના ખેડૂતોના હકૂમત(?) ધરાવતા ખેતમજૂરી તરીકે જ ગણવામાં આવે છે. જો કે થોડા વખત પહેલાં કાથોડા મુક્ત શિકારી જાતિ હતી તેમજ પાડોશી સમૂહોના અર્થ વ્યવસ્થાના વિસ્તારના કારણે તેનું આદિવાસી સંગઠન નાશ પામ્યું હતું.

જંગલોમાંથી તેમને વર્ચસ્વ ધરાવતા આદિવાસી જૂથ સમૂહ તરીકે અનિશ્ચિત જીવન જીવવા ફરજ પાડી હતી. તેમને માટે તે પ્રદેશમાં નીચું સ્થાન સ્વીકારવા સિવાય કોઈ વિકલ્પ નહોતો. પરંતુ તેઓ વર્ચસ્વ ધરાવતા આદિવાસી સમાજ સાથે સંગઠિત થઈ શક્યા નહિ પરંતુ તેમના સાથે મજુરનો સંબંધ સ્વીકાર્યો. જો કે તેઓના શિકારો અને ખાદ્ય પદાર્થ એકઠા કરવાના અધિકારો હોવા છતાં પણ તેઓ ભીલો જેવી તદ્દન અલગ નહોતા. અને ડાંગ અને સાબરકાંઠા વિસ્તારમાં જોયું કે કેટલાક લોકો ભીલો માટેના થોડા જમીન ધરાવતા હતા. પરંતુ કોઈપણ રીતે તેમના આ વ્યવસ્થાએ ભીલોની વ્યવસ્થા તરીકે ઘટાવી ન શકાય. ભરૂચ અને સુરત જિલ્લાઓમાં વર્ચસ્વ ધરાવતા આદિવાસીઓ દ્વારા તેમને પશુ ચરાવવાના કામમાં રખાતા પરંતુ તેમના જીવન નિર્વાહ માટે તેઓ મુખ્યત્વે તેમના ઉપર વર્ચસ્વ ધરાવતા લોકો ઉપર જ આધાર રાખતા હતા.

હાલમાં તેઓ ભલે તે આર્થિક પરિસ્થિતિમાં જોવા મળતા હોય પરંતુ તેમની પુરાણી અને પરંપરાગત જંગલમાં શિકાર અને ખાદ્ય પદાર્થો એકઠા કરવા સાથે સંકળાયેલા ઢબના રીતે જ જોવા મળે છે. તેમનું અનુકૂળ થવાનું જાતિ લક્ષણ તેમના વિવિધ વ્યવસાયો જેમ કે ભીલો, ખેતમજુરી ઢોર ચરાવવા, કોલસા પાડવા વગેરેમાં જોવા મળે છે. આ છે તેમનું આર્થિક જીવન સુધારવા માટે સૌથી અગત્યના તેમના ઢબના કૌશલ્યના આધારે વિકાસ કાર્યક્રમો ઘડવા. તેમના જંગલની ગૌણ પેદાશો જેવા કે મધ, ગુંદર, વાંસ તેમજ ધૂપ વગેરે એકઠો કરવાના કૌશલ્યો. કથોડીઓને આવી જંગલ ગૌણ પેદાશો એકઠી કરવાની અગ્રતા આપવી જોઈએ પરંતુ તેમણે સ્થાનિક વેપારીઓને વાજબી ભાવે વેચવી પડશે. જો તેમના લાભ માટે નાણાંકીય પાઠબળ અને ટેકા સાથે વેચાણ વ્યવસ્થા ગોઠવી વેચાણ માટે તેમજ પ્રક્રિયા માટે આંતરિક તેમજ બાહ્ય રીતે થાય તો તેમને ગરીબોના કાંટાકુટાઓમાંથી બહાર લાવવામાં ઘણો જ વિકાસ કરી આપશે. કંદમૂળ અને છોડમાંથી બનાવેલી બનાવટો માટે સારું બજાર છે. તેમજ આ રાજ્યના જંગલ વિસ્તારમાં આવા પ્રવૃત્તિઓ માટેના વિકાસ શક્યતાઓ રહેલી છે. કથોડીઓને આવા કંદમૂળ એકઠા કરવાના કામમાં રોકવા જોઈએ. આપણે તેમના પહેલાંના ઇતિહાસના આધારે જાણીએ છીએ કે બોહરા જેવા મુસ્લિમ વ્યાપારીઓ હતા તેમણે કથોડીઓના ખેરના વૃક્ષમાંથી કાથો બનાવવાના કૌશલ્યનો સફળતાપૂર્વક ઉપયોગ કર્યો હતો. તેમજ કાથા માટે પણ સારું બજાર છે. તો કથોડીઓ દ્વારા કાથો બનાવવાની યોજના ઘડી

કાઢવા જોઇએ. જો આ દિશામાં ઉંડું અભ્યાસ અને નક્કર આયોજન કરવામાં આવે તો આ યોજના ફળ મેળવી લેવા છે. આવા કોઇપણ તબક્કામાં વેચાણ વ્યવસ્થાની બાબતનું સૌથી વધુ મહત્વ છે. જો કાથોડીઓને વેપારીઓના હાથ ઉપર છોડી દેવામાં આવે તો તે તેમના હિતમાં રહેશે નહિ. આ લોકોના વિકાસની યોજના ઘડાય તેમાં વેચાણની વ્યવસ્થાની બાબત માત્ર જંગલ ગૌણ પેદાશોના ઉદ્યોગ માટે જ નહિ પરંતુ પશુ સંવર્ધન, મરઘાં વિકાસ કાર્યક્રમ જેવી યોજના ઘડવા માટે પણ અગત્યની છે. વેચાણની વ્યવસ્થા અંગે સંપૂર્ણ પણે ધ્યાનમાં રાખવા જોઇએ. કાથોડીઓને આર્થિક શાહુકારો અને શોષણના કુટિલ કુંડાળામાંથી ત્યારે જ મુક્ત કરી શકાય.

કાથોડીઓના અર્થ વ્યવસ્થામાં જુદી જુદી પ્રવૃત્તિઓ જેવી કે જંગલ મજૂરી, શિકાર, મચ્છીમારી, ખેતી, પશુપાલન, મરઘાં ઉછેર વગેરેનો સમાવેશ થાય છે. જો કે આ તેમને હંમેશા મળી રહેતું નથી. શિકાર તેમજ મચ્છીમારી પણ નિયમિત રીતે ખોરાક મેળવવાનું સાધન નથી. તેઓ થોડી ઘણી જમીન ધરાવે છે તે પણ ઓછી ફળદ્રુપ, ખાડા ટેકરાવાળી અને સિંચાઇની સગવડ વિનાની હોય છે. આથી તેમના કુટુંબના પોષણ માટે ભાગ્યે જ વર્ષના ત્રણ-ચાર માસ ચાલે એટલું ઉત્પાદન આવતું હોય છે. આ જુદી જુદી આર્થિક પ્રવૃત્તિઓ દ્વારા તેમની આવકમાં ભાગ્યે જ સ્થિરતા આવે છે. પરંતુ તેમને જીવતા રહેવા માટે તેમને કોઇપણ પ્રકારનું કામ મળે છે. કાથોડીઓના અર્થ વ્યવસ્થામાં જંગલનો ફાળો ઘણો અગત્યનો છે. તેમજ હંમેશ રીતે ખાના ભટકવાની તેમજ જંગલમાં મળતી વસ્તુઓ પાછી વીણી લેવાના કારણે તેમને ઘણી જ મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.

કાથોડીઓ માટે સૌ પ્રથમ તો તેમના ગરીબાઇ અને નિરક્ષરતાના પ્રશ્ન ઉપર ઘણું જ ધ્યાન કેન્દ્રિત કરવું જોઇએ. તેમના શૈક્ષણિક અને આર્થિક વિકાસ માટે સ્થાનિક પરિસ્થિતિ ઉપર આધારિત ધોરણોના ખાસ યોજનાઓ ઘડી કાઢવી જોઇએ. આ રાજ્યના કાથોડીઓના આર્થિક અને સામાજિક સ્થિતિ સુધારવાના હેતુથી નીચે પ્રમાણેના સૂચનો કરવામાં આવે છે.

ખેતી અને પશુપાલન :

આર્થિક યોજનાઓની રચનાનો હેતુ કાથોડીઓને મહત્તમ આવક મેળવી આપવાના પ્રકારો આપવાનો હોવો જોઇએ. અમારા માહિતીના આધારે તેઓ ત્રણ જૂથોમાં વહેંચાયેલા છે. પ્રથમ જૂથમાં જમીન વિહોણા લોકોનો સમાવેશ થાય છે. તેઓ મોજણી કરાયેલ કુટુંબોના લગભગ ૪૦% જેટલા

પ્રમાણમાં છે. તેમને કોઇને પણ કોઇપણ પ્રકારના ધિરાણ નથી. તેઓ ઘણા થોડા લોકો પાસે થોડી જમીન છે જે તેમને અપૂરતી આવક અને રોજગાર આપે છે. આ જૂથના લોકોને નજીકના શહેરની પ્રવૃત્તિમાં પગારવાળી નોકરીમાં અથવા તો બિન ખેતી વિષયક પ્રવૃત્તિઓમાં પૂર્ણ સમયના કામમાં રાખવા જોઇએ. આ જૂથના લોકો માટે જંગલમાં રોજગાર તેમજ જંગલ આધારિત પ્રવૃત્તિઓ આવક મેળવવા માટે અગત્યનું સાધન બની શકે. જો શક્ય હોય તો જમીન વિહોણા કામદારોને જમીન વહેંચી આપવી જોઇએ. તેમને જમીનના ટૂકડા કરી આપ્યા બાદ અને તેમની જમીન માલિકોના રક્ષણ માટે તેમના કબજા હેઠળની જમીન કોઇપણ બિન આદિવાસી અથવા તો ધનિક ખેડૂતના હાથમાં કોઇપણ સંજોગોમાં ન જવી જોઇએ. ક્ષેત્ર કાર્ય દરમિયાન એવું જોવામાં આવ્યું કે સાબરકાંઠા વિસ્તારમાં ઘણા આદિવાસીઓની જમીન ગીરવે ધરાવતા મહાજનો, આદિવાસીઓના કબજામાં હતી. આ જમીન દેવાની રકમ પાછી લેવા સામે કબજે કરાઇ હતી. જો ગામમાં વધારાની જમીન ન મળી શકે તેમ હોય તો ખેતી માટે જંગલની છૂટી કરાયેલી જમીન જમીન વિહોણા કામદારોને વહેંચી આપવી જોઇએ. તેમને જમીન સિવાય બળદ તથા ખેતીના સાધનો પણ આપવા જોઇએ. જો શક્ય હોય તો સિંચાઇ માટે તેમના માટે કુવાઓ ખોદાવવા જોઇએ.

બીજા જૂથમાં એક એકરથી પાંચ એકર સુધીની જમીન ધરાવતા લોકોનો સમાવેશ થાય છે. તેઓ પણ મોજણી કરાયેલા કુટુંબોના ૪૭% જેટલા પ્રમાણમાં છે. આ જૂથના કેટલાક લોકોને 'ખેડાણ' સાંથણી હેઠળ જમીન આપવામાં આવીછે. પરંતુ કામદારોના કબજા હેઠળની જમીન યોગ્ય સુધરેલી નથી. જમીનને યોગ્ય રીતે તેમજ સંપૂર્ણ રીતે નવસાધ્ય કરાઇ નથી. તેમજ સિંચાઇની સગવડ તેમજ અન્ય સગવડોના અભાવને કારણે તે પૂરતું ઉત્પાદન મેળવી આપવા શક્તિમાન નથી. તેઓ જમીન સિવાય ઢોર પણ રાખે છે. આ બાબતો મજબૂત કરી શકાય. આ જૂથના લોકોના કબજા હેઠળની જમીનમાં એટલે સુધી ઉત્પાદકતા વધારવી જોઇએ કે તેઓ ખેતી દ્વારા પૂરતી આવક મેળવી શકે. તેમને જેટલું કામ કરે એટલી આવક આપે એવા પૂરક મજૂરી આપતા વ્યવસાયો માટે પ્રોત્સાહિત કરવા જોઇએ તેમજ તેમને આવા વ્યવસાયો પૂરા પાડવા જોઇએ. એવું લાગે છે કે શરૂઆતમાં એક એકરથી ઓછી એકર જમીન ધરાવતા કુટુંબોને મોટા પાયા ઉપર મરઘા ઉછેર કરવા માટે પ્રોત્સાહિત કરવું ફાયદાકારક નિવડશે. તેમજ એક એકરથી પાંચ એકર સુધીની જમીન ધરાવતા ખેડૂતોને ડેરી અને પશુપાલનના ઉદ્યોગ માટે પ્રોત્સાહિત કરવા તેમજ તેમને આવા ઉદ્યોગો આપવા જોઇએ.

ત્રીજા જૂથમાં પાંચ એકરથી દસ એકર સુધીની જમીન ધરાવતા લોકોનો સમાવેશ થાય છે. તેમનું પ્રમાણ મોજણી કરાયેલા કુટુંબોના ૭% જેટલું છે તેમના માટેના વ્યુહરચનામાં તેમની ખેતીમાં વિકાસ માટે મદદ મેળવા રાતે પુરા પાડવા જોઈએ કે તેથી તેમના ખેતરો દ્વારા જ પુરતી આવક મેળવી શકે.

ખેતીના વિકાસમાં મુખ્યત્વે ત્રણ અડચણો રહેલી છે.
(૧) બિન ફળદ્રુપ અને ખડકાળ જમીન(૨) સિંચાઈનો અભાવ અને (૩) ખાતર વગેરે સાધનોનો અભાવ. અને આ મુશ્કેલીઓ માત્ર ગરીબ કાથોડીઓના ખેતીના વિકાસ માટે જ નહિ પરંતુ રોજગાર અને આવકની તકો વધારવા માટે પણ દૂર કરવી જરૂરી છે. જો જમીન વિકાસના પગલાં ભરવામાં ન આવે તો કાથોડીઓના કબજા હેઠળની જમીનના ઉત્પાદકતાના ઘટાડામાં વધારો થઈ જવાની પ્રક્રિયા શરૂ થશે. જમીન ધરાવતા ખેડૂતો માટે સિંચાઈની સગવડ લાભદાયી પુરવાર થશે. તેમજ સિંચાઈ સિવાય ઉત્પાદન વધારવાનું મુશ્કેલ રહેશે. ગરીબ કાથોડીઓને ધ્યાનમાં રાખીને તેમને ખેતીના વિકાસ માટે પુરતા પ્રમાણમાં સવલતો આપવી જોઈએ.

ખેતી અને પશુપાલનના વિકાસ કાર્યક્રમો પાયાની વ્યુહરચનાનું ધ્યેય કાથોડીઓમાં વપરાશ વધે તે માટે ઉત્પાદનમાં વધારો થાય તે જોવું જોઇએ. આ વ્યુહરચના ધ્યાનમાં રાખીને નીચે પ્રમાણેના વિકાસ કાર્યક્રમો સૂચવ્યા છે.

તેઓ જે કોઈપણ જમીન ધરાવે છે તે હલકા પ્રકાર ની ખરાબ પ્રકારની છે અને મર્યાદિત સિંચાઈના સગવડના અભાવમાં પાક માટેની નવી પદ્ધતિ શરૂ કરવી અને સઘન ખેતી પદ્ધતિ મર્યાદિત છે. કાથોડીના કબજામાં રહેલી જમીનની મોજણી તથા વિગતવાર વિકાસ કાર્યક્રમોની યોજનાને પ્રથમ પસંદગી આપવી જોઈએ. માત્ર જમીન નવસાધ્ય કરવી, બંધારણ કરવું એક સરખી કરવી તેમજ સપાટ બનાવવા આવા જેવા કાર્યક્રમો જ માત્ર જમીનની ગુણવત્તામાં સુધારો કરશે નહિ પરંતુ તે તાત્કાલિક મજુરી આપતા રોજગાર માટેનું ઉપયોગી સાધન બની શકે. જમીન વિકાસના કાર્યક્રમોમાં હલકા નાગલી, વરી, કોદરા અને બંટી જેવા પાકોને ઊંચું ઉત્પાદન આપતા પાકો દ્વારા બદલવા જોઈએ અને ઊંચું ઉત્પાદન આપતું બિયારણ મફત પૂરું પાડવું જોઈએ. ત્યાર પછી સિંચાઈની સગવડો પુરી પાડવાની શક્યતાઓ ઊભી કરવી જોઈએ અને જો એમ શક્ય થાય તો નવી પાકની પદ્ધતિને પણ ધ્યાનમાં રાખવી જોઈએ.

સંગઠિત પ્રયાસો માટે અને કામ કરવા માટે બીજી સવલતો પૂરી પાડી આપીને ઘર આંગણે શાકભાજીનું ઉત્પાદન કરવું. હરખાંગણાની જેમ અથવા બગીચા પ્રસંગે પોતાની આવક વધારવા માટે જ નહિ પરંતુ અપોષણવાળા ખોરાકના કાથોડાઓને પોષક આહાર મેળવવા માટે પણ મદદરૂપ થશે. હાલમાં કેટલાક કાથોડાઓ શાકભાજી ઉગાડે છે પરંતુ તે ઘણા જ નાના પાયે અને તે માટેના સંગઠિત પ્રયાસો સિવાય તથા વધુ ઉત્પાદન આપે તેવા પાકની દરકાર રાખ્યા સિવાય. હરખાંગણે તેઓ ગુવાર, દૂધી, ભીંડા, મરચાં, વગેરે ઉગાડે છે. કાથોડાઓમાં હરખાંગણે શાકભાજી ઉગાડવાની પ્રવૃત્તિને રજૂ કરીને તેને લોકપ્રિય બનાવી ને લોકોમાં શાકભાજીની વપરાશ વધારી શકાશે. આજ પ્રમાણે આંબા, પપૈયા, કેળા જેવા ફળના ઝાડ પણ ઉગાડી શકાશે. આથી એવું સૂચવવામાં આવે છે કે દરેક કુટુંબને શાકભાજીના સુધારેલા જાતના બિયારણ તથા ફળના ઝાડની કલમ મફત આપવી જોઈએ.

<u>પશુ સંવર્ધન :</u>

કાઠોડમાં ઘણા થોડા લોકો પાસે ઢોર છે જ્યારે મરઘા તો તેમનામાં ઘણી મોટી સંખ્યામાં જોવા મળે છે. પશુઓ ઘણા નાના કદના હોય છે. તેથી તેમના અર્થ વ્યવસ્થામાં પશુઓનું સ્થાન નથી. કેટલાક વિસ્તારોમાં (સાગબારા અને નિઝર તાલુકામાં) કેટલાક કાથોડીઓ મુખ્યત્વે ઢોર ચરાવવાની પ્રવૃત્તિ ઉપર આધારિત છે જો કે તેમાં તેમનું પોતાનું ભાગ્યે જ એકાદ ઢોર હોય છે. મુક્ત-રમના તરીકે ઉત્પાદકતા વધે તેમજ સારી સારી પશુઓની સંખ્યામાં વધારો થાય તે માટે દરેક કુટુંબને સુધારેલી જાતનું દુધાળું પશુ તેમજ સુધારેલી જાતના મરઘાંઓ આપવા જોઈએ. આ સિવાય તેમને મરઘા તેમજ દુધાળા ઢોરને ઉછેરવામાં ખર્ચ માટે અમુક રોકડ રકમ ખોરાકના ખર્ચ તરીકે બે વર્ષ સુધી આપવા જોઈએ. ત્યારબાદના વર્ષોમાં તેઓ આ ખર્ચ તેમના આવકો દ્વારા પૂરો કરશે. કાથોડાઓમાં દૂધનો વપરાશ બિલકુલ નથી. આમ દરેક કુટુંબને એક દુધાળી ગાય આપીને દૂધની જરૂરિયાત મેળવી શકાય. આજ પ્રમાણે કાથોડાઓને મરઘા ઉછેરની પ્રવૃત્તિ માટે મદદ અને પ્રોત્સાહન આપીને ઈંડા તથા મટનનો વપરાશ વધારી શકાય.

<u>જંગલો :</u>

કાથોડાઓના અર્થ વ્યવસ્થામાં જંગલો ઘણો અગત્યનો ભાગ ભજવે છે. સારા એવા પ્રમાણમાં કાથોડી કુટુંબો મુખ્યત્વે જંગલના કામ ઉપર આધારિત છે. જંગલમાં વધતા રહેતા અટકાવતો તેમજ સગવડો પાછી ખેંચી લેવાને કારણે તેમને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. હાલમાં જંગલ ખાતું જંગલ

કામદાર સહકારી મંડળીઓની મદદથી એ પ્રવૃત્તિઓ હાથ ધરી શકાય છે. આ પ્રવૃત્તિઓ વૃક્ષો કાપવાના તેમજ જંગલમાં વૃક્ષારોપણ કરવાના. વધુમાં કેટલાક અન્ય પ્રવૃત્તિઓ જેમ કે જંગલમાં મળતું અધિકાંશ જંગલ ગૌણ પેદાશો જેમ કે મધ, ગુંદર, ગુગળ વગેરે એકઠાં કરવાં પરંતુ તેમણે તે વસ્તુઓને સ્થાનિક વેપારીઓને ટુંકા કિંમતે વેચવી પડે છે. કેટલાક વિસ્તારોમાં તેઓ બળતણ માટેના લાકડાં ભેગા કરી ઘુપિયા પીઠમાં અથવા ની પીઠ ઉ.આ. ભંડો અથવા નામડીઓમાં સ્થાનિક વેપારીઓને વેચવામાં આવે છે. તેઓ લાકડાના કોલસા પાડવાના કામના પણ નિષ્ણાત છે. તેમના લાકડાના કોલસા પાડવાના કૌશલ્યના પણ વિકસાવી શકાય અને જંગલમાં કામ માટે નવી પદ્ધતિના ઝુંબેશ કરીએ તોજે તેમને સારી રોજગાર આપી શકશે.

(૧) જંગલની પેદાશો આંતરિક રીતે તેમજ બાહ્ય રીતે લેવા માટે યોગ્ય વેચાણ તંત્ર વિકસાવવો જોઇએ.

(૨) વિજયનગર તાલુકા અને ડાંગ જેવા વિસ્તારોમાં સરકારે ખાસ કાથોડીઓના જંગલ કામદાર સહકારી મંડળીઓ ઉભી કરવી જોઇએ જે વૃક્ષો કાપવા, નર્સરી બનાવવી, વૃક્ષારોપણ કરવું, જંગલ-પેદાશો એકઠી કરવી તેમજ કોલસા પાડવા જેવી પ્રવૃત્તિઓ હાથ ધરી શકે. સરકારે કોન્ટ્રાકટ પદ્ધતિ બંધ કરી દઇને ઇજારાના બદલે સહકારી પદ્ધતિને આ કામ આપવું જોઇએ.

(૩) બોડી, બનાવવી, મહુડાનું તેલ કાઢવું તેમજ પરંપરાગત કાથો બનાવવા જેવા જંગલ આધારિત ઉદ્યોગો તેમને શરૂ કરવા જોઇએ ઘણા કાથોડી કુટુંબો કાથો બનાવવાનો તેમનો કૌશલ્ય જાળવી રાખ્યો છે. આ બધી જંગલ પ્રવૃત્તિઓ માટે મોટા પ્રમાણમાં કામ કરનારા લોકોની જરૂર રહેશે તથા તે માટે સારો સંશોધનની જરૂર પડશે. આ પ્રવૃત્તિઓ તેમજ વધુમાં વધુ મજૂરી આપતી મજૂરી આપશે તેમજ તેમની પુરતી આવક ઉભી કરવામાં પણ મદદરૂપ થશે.

(૪) કાથોડીઓ લાકડાના કોલસા પાડવામાં સારા એવા નિષ્ણાત હોય છે. થોડો જંગલ વિસ્તાર કાથોડીઓ માટે લાકડાના કોલસા પાડવા રાખવો જોઇએ.

(૫) ઉચ્છલ તાલુકામાં કાથોડી કુટુંબો ઉકાઇ જળાશય નજીકના ગામોમાં વસે છે. તેઓ નાણા માટે માછલી પકડે છે. આ ખાસ વિસ્તારમાં

કાથોડીઓ માટે ખાસ મલ્ટીપર્પઝ સહકારીમંડળો તેમને માટે વધારાની આવક મેળવવા માટે ઉભા કરવા જોઇએ. હાલમાં આ વિસ્તારમાં અન્ય આદિવાસી જાતિ માટે મલ્ટીપર્પઝ સહકારી મંડળી શરૂ કરવામાં આવી છે. એક યા બીજા કારણે હાલની સહકારી મંડળીમાં કાથોડીઓનો સમાવેશ કરાયો નથી. જો કે તેઓ તે વિસ્તારમાં અન્ય આદિવાસી જાતિ સાથે રહે છે.

## શૈક્ષણિક વિકાસ :

કાથોડીઓમાં સર્વત્ર નિરક્ષરતાનો પ્રશ્ન ઘણો મોટો છે. મોટાભાગના પુરૂષો અને સ્ત્રીઓ નિરક્ષર છે. શિક્ષિતોમાં પણ મોટાભાગના પ્રાથમિક કક્ષાથી વધુ શિક્ષણ ધરાવતા નથી. કુલ નમૂનામાં માત્ર એક જ વ્યક્તિએ મેટ્રિક સુધી અભ્યાસ કરેલ છે. તેમનામાં શિક્ષણનો દર ૩.૩૬% છે. સ્ત્રીઓમાં નિરક્ષરતાનો પ્રશ્ન વધુ વિકટ છે. માત્ર ૧.૧૧% સ્ત્રીઓ શિક્ષિત છે. કવિ વિસ્તારમાં માત્ર એક જ સ્ત્રીએ એસ.એસ.સી. સુધીનું શિક્ષણ મેળવ્યું છે અને આશ્રમશાળામાં શિક્ષિકા તરીકે નોકરી કરે છે. પરંતુ કાથોડીઓમાં શિક્ષણનું સ્તર ઘણું નીચું રહ્યું છે. શાળામાં જતા બાળકોની સંખ્યા પણ ઘણી ઓછી છે. જો કે ક્ષેત્ર કાર્ય દરમિયાન એવું જોવા મળ્યું હતું કે કાથોડીઓમાં શિક્ષણના લાભો અંગેની જાગૃતિ ધીમે ધીમે આવે છે. પરંતુ તેઓ સમક્ષ પ્રશ્ન તો એ છે કે તેમના બાળકોને શાળામાં મોકલીને તેઓ આવકની આગ ગુમાવશે કારણ કે તેઓ આવકમાં કરનારા અથવા તો આવક મેળવવામાં મદદ કરનારા લોકો છે. ખરેખર એ દુઃખદ હકીકત છે કે તેમના સમુદાયના અસ્તિત્વ માટે સખત સંઘર્ષ કરવો પડે છે અને તેઓને તેમના બાળકોને શાળામાં મોકલવાનું કદી પણ ગમશે. તેમની શિક્ષણ અંગેની મુખ્ય ફરિયાદ એ છે કે તેમના બાળકોને સારું શિક્ષણ આપતું નથી. તેમનામાં એવો પણ પુર્વગ્રહ છે કે તેઓ ગરીબ હોવાને કારણે તેમના બાળકોને રોજગાર આપવામાં અવગણના કરવામાં આવે છે. તેમની એવી પણ ફરિયાદ છે કે તેમને આપવામાં આવતા સગવડો પુરતી નથી. આ રીતે તેમનામાં શિક્ષણને લોકપ્રિય બનાવવા માટે દરેક ગામમાં કાથોડી કુટુંબોને નાણાકીય ટેકો અથવા તો પ્રોત્સાહક આપવું જોઇએ. જેથી તેઓ તેમના બાળકોને શાળામાં મોકલે.

કેટલાક વિસ્તારોમાં જેમ કે દક્ષિણ ગુજરાતમાં ડાંગ અને વિજયનગર તાલુકામાં કાથોડીઓ માટે અલગ આશ્રમશાળા શરૂ કરવી જોઇએ. એ સાચું છે કે બીજી પ્રાથમિક શાળાઓની સરખામણીમાં આશ્રમશાળામાં એક વિદ્યાર્થી દીઠ ખર્ચની રકમ ઊંચી હોય છે કારણ કે ત્યાં તેમને રહેવાની અને જમવાની સગવડ

પણ આપવામાં આવે છે. પરંતુ જો આવા સગવડો કાથોડીઓને તેમના બાળકોને ત્યાં ભણવા મોકલવા માટે સમર્થ બનાવે અને આવા સંસ્થાઓ બાળકોને સારા રીતે પોષણ આપે તો તેને માટેનો ખર્ચ સામાજિક રોકાણ ગણાઈ શકાશે.

વધુમાં કાથોડી યુવાન પુરુષો અને સ્ત્રીઓ જેઓ જરૂરી લાયકાત ધરાવતા હોય તેમને પટાવાળા, ડ્રાઈવર, જંગલરક્ષક, શિક્ષક વગેરે જેવા વ્યવસાયોમાં પ્રથમ પસંદગી આપવી જોઈએ.

રહેઠાણ :

સામાજિક જીવનના પાયામાં યોગ્ય રહેઠાણ એ કલ્યાણ અને સુખ માટે જરૂરી છે. હાલ કાથોડીઓ જે પ્રકારના સ્થિતિમાં જીવે છે તે ખરેખર ખુબ જ ખરાબ છે. મકાન બાંધવા માટે તેમને બધા જ પ્રકારની નાણાંકીય અને વસ્તુઓની મદદ વિના મુલ્યે પુરી પાડવી જોઈએ. કાથોડી કસબામાં મકાનની સાથે સાથે પીવાના પાણીની સગવડ માટે કુવો પણ બનાવવો જોઈએ.

આરોગ્ય :

કાથોડી વસતિ વેરવિખરાયેલા રહેલા હોવાથી તેના તેમના સામાજિક શિક્ષણ ઉપર અસર થાય છે. તેમજ અયોગ્ય રહેઠાણને કારણે તેમનું આરોગ્ય વધુ કથળે છે. (કાથોડીઓમાં મેલેરિયા, ટી.બી.તાવ, ચામડીના રોગો, ઝાડા, મરડો વગેરે જેવા રોગો મુખ્ય હોય છે. કાથોડીઓ તેમના અપુરતા જ્ઞાન અને તેમની ગરીબ આર્થિક પરિસ્થિતિને કારણે તેઓ વૈદકીય સારવાર મેળવવામાં પાછળ રહી જતા હોય છે.) આરોગ્ય અંગેનું કામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ડાક્તરો અને નર્સો દ્વારા કરવામાં આવે છે જે સાથે સાથે કાથોડીઓના ગંદા વસવાટો અને નીચી સ્વચ્છતાના પરિસ્થિતિથી પરિણમતા રોગો તેમજ રક્ષણાત્મક પગલાં જેમ કે શિતળાની રસી, કોગળિયાની રસી, બી.સી.જી. ની રસી વગેરે જેવા કામે કાથોડી કલ્યાણ કાર્યકરો નિમવા જોઈએ.

આદિવાસી વિકાસ કાર્યક્રમ અંગે તેમની સાથેની ચર્ચામાં એવું જાણવા મળ્યું કે કાથોડીઓ આદિવાસી વિકાસ કેન્દ્રોથી ખાસ પરિચિત નથી. તેમનું એક કારણ એ છે કે તેઓ ખાસ કરીને જુદા જુદા સંસ્થાઓ સાથે સંકળાયેલા નથી કે જેમના દ્વારા આ કાર્યક્રમો અમલી બનાવાયા છે.

ઘટક વિકાસ અધિકારીઓ તેમના સામાજિક આર્થિક ઉદ્ધાર માટે અન્ય આદિવાસી જૂથોની જેમ તેમની વાતે ભાગ્યે જ જતા હોય છે. તેવા કાથોડાઓના અતિરેક પરિસ્થિતિ જાણવા જતા નથી અને તેમના પ્રશ્નો ઓછા થતા નથી. કાથોડાઓ ગામની આવી સંસ્થાઓ સાથે સમજણે છે તે માટે જે તે ગામના આગેવાનો તથા અધિકારીઓએ ખાસ પ્રયત્નો કરવા જોઈએ. ત્યારબાદ જ કાથોડાઓ આદિવાસી વિકાસ કાર્યક્રમોના લાભ સારી રીતે લેવા માટે શક્તિમાન બનશે. વહીવટી સંસ્થાઓ પણ તેમને એકલા ન રાખતા તેમના સાથે વધુ સંપર્ક ખાસ કરીને રચનાત્મક કાર્યોના બાબતમાં કેળવવો જોઈએ. અને આ રીતે વહીવટી સંસ્થાને પણ તેમની ખરેખરી જરૂરિયાતો સમજવામાં સરળતા રહેશે.

કાથોડાઓ સાથે વસતા અન્ય આદિવાસી જાતિઓ તેમને અસ્પૃશ્ય માને છે. તેઓ તેમના સામાજિક જીવનમાં સૌથી ઉતરતો કક્ષાનો દરજ્જો ધરાવે છે તથા આર્થિક રીતે પણ ઘણાં જ કંગાળ છે. આ પરિબળો તેમની સામાજિક ઉન્નતિ અને વિકાસ કાર્યક્રમો સહિત બહારના લોકો સાથે સંપર્ક કેળવવાના માર્ગમાં આવે છે. આથી તેઓ હજી પણ અન્ય આદિવાસી જૂથોની સરખામણીમાં પાછળ રહી ગયા છે. ગામમાં કાથોડાઓ અને બાકીના લોકોમાં સાંસ્કૃતિક અભાવને કારણે કેટલાક સામાજિક માનસિક પ્રશ્નો ઊભા થાય છે. તેમના સંજોગોને કારણે તેઓ લઘુતાગ્રંથિથી પિડાય છે. અને આસપાસના વાતાવરણને કારણે તેઓ તેમનું હાલનું સ્થાન તથા તેમની સ્થિતિના વ્યવહાર અંગે સભાન થયા છે. તેમને લાગે છે કે તેમના તરફથી કોઈ પ્રબળ પ્રતિનિધિત્વ કરી શકે તેવું નથી જે તેમના હિતો અને ઇચ્છાને જાળવી શકે. આ કારણ તેમને વધુ નિરાશા તરફ દોરી જાય છે. સમાપન કરતા, કાથોડાઓ હવે જ માનસિક યાતનાઓમાંથી પસાર થઇ રહ્યા છે. કાથોડાઓની ભૂખ પણ તેમના ગરીબો છે. કાથોડાઓ જીવનમાં રસ પુનઃસ્થાપિત થે અને નિરાશાઓ ન ઘેરાય કે માટે તેમને મજબૂત કરવા માટે તાત્કાલિક આર્થિક સુધારણા માટે પ્રયત્નો કરવા જોઈએ. રાજ્ય સરકાર અને સામાજ

કાર્યકરો માટે તેમના વિવિધ વર્તુળો જોડવાના વિશાળ કામગારો રહેલા છે. એક વખત આ પગાઉ થાય તો બાકીનું કથોડીઓ માટે સહેલું રહેશે.

ટૂંકમાં કથોડીઓના વિકાસના બાબતને માત્ર ચર્ચા કરવામાં જ મહત્વ ન આપતાં તેને ગંભીરતાથી જોવા જોઈએ. આ મહાન સમુદાયમાં ફેરફારો કેવા રીતે લાવી શકાય તે સમજવાનું કામ ઘણું અગત્યનું છે. તેમના માટે વિકાસ કાર્યક્રમોનું આયોજન કરવાના સમયે વૈજ્ઞાનિકોની સહાયતા કરવાનું ઘણું લાભદાયી રહેશે. જેથી તેમના વિકાસ કાર્યક્રમોના સામાજિક સંસ્કૃતિક મુદ્દાઓના સંભાળ રાખશે. કથોડીઓ અને અન્ય આદિમ આદિવાસી જૂથો વધી વિષમ અને પુરાણા રીતે જીવન વિતાવે છે તેમને રાજ્ય સરકારે માનવાની એક પરંપરા દ્વારા વાલી તરીકે સ્વીકાર થવો જોઈએ.

• • • • • • •